

હજી મારા દેશે

(શિખરિણી-સ્રગ્ધરા)

હજી મારા દેશે જન કંઈ કરોડો નિવસતાં
ઘરે એવાં—જેની ઉપર તૃણ છાયું, ન નળિયાં,
અષાડે જે ચૂવે અહીં તહીં બધે ને ભીતરનાં
ગ્રસે શર્દી, ખાંસી, જ્વર વિષમ બેરુ જનમનાં.

હજી મારા દેશે મનુજ કંઈ કોટી નવ શકે
તનો ઢાંકી પૂરાં, શિશિરમહીં લંગોટી—બદને,
સૂકી ડાળો, કાંટા સીમમહીંય ખુલ્લે પગ વીણી,
ઉડાડે ઠંડીને પછી સમૂહમાં તાપણું કરી.

હજી મારા દેશે ધગધગ થતા ગ્રીષ્મપ્રહરે
સૂકાં કાસારે કંઈ મનુજ (નહિ, પ્રેતો અધભૂખાં)
રહે ખોદી, પ્રાપ્તિ અગર થઈ કૈં કંદમૂળની,
લહે તુષ્ટિ: બીજે દિવસ અવ આશા જીવનની!

પલટીશું ભૂમિને આ ભગીરથતપથી,
સર્જશું ઇન્દ્રધામ,
પેઢીઓ કેટલી હા! તહીં લગી કરશે
કાળ નિઃશેષનામ!

જશવંત લ. દેસાઈ



કોલસો ૯૭૦ લાખ ટન



કાગળ અને પૂઠાં ૭ લાખ ટન

વહાણમાં માલની હેરફેર



૧૧ લાખ જી. આર. ટી.

દાક્તરો ૧,૦૩,૦૦૦



હજી મારા દેશે

(શિખરિણી–સ્રગ્ધરા)


હજી મારા દેશે જન કંઇ કરોડો નિવસતાં
ઘરે એવાં—જેની ઉપર તૃણ છાયું. ન નળિયાં,
અષાઢે જે ચૂવે અહીં તહીં બધે ને ભીતરનાં
ત્રાંસે શર્દી, ખાંસી, જ્વર વિષમ ભેરુ જનમનાં.

હજી મારા દેશે મનુજ કંઇ કોટી નવ શકે
તનો ઢાંકી પૂરાં, શિશિરમહીં લંગોટી—બદને,
સૂકી ડાળો, કાંટા સીમમહીં ય ખુલ્લે પગ વીણી,
ઉડાડે ઠંડીને પછી સમૂહમાં તાપણું કરી.

હજી મારા દેશે ધગધગ થતા ગ્રીષ્મપ્રહરે
સૂકાં કાસારે કંઇ મનુજ (નહિ, પ્રેતો અધભૂખાં)
રહે ખોદી, પ્રાપ્તિ અગર થઇ કૈં કંદમૂળની,
લહે તુષ્ટિઃ બીજે દિવસ અવ આશા જીવનની!

પલટીશું ભૂમિને આ ભગીરથતપથી,
સર્જશું ઇન્દ્રધામ,
પેઢીઓ કેટલી હા! તહીં લગી કરશે
કાળ નિઃશેષનામ!

જશવંત લ. દેસાઈ



એલ્યુમિનિયમ ૭૫,૦૦૦ ટન





હાઈ સ્કૂલો ૧૮,૦૦૦

પોસ્ટ ઑફિસો ૯૫,૦૦૦



લાખ રતલ



દાયણો ૭૦,૦૦૦



પ્રાથમિક શાળાઓ ૫૦૦૦૦૦



સિમેન્ટ ૧૩૦ લાખ ટન



પોલાદ ૬૯૦ લાખ ટન



સિંચાઈનો કુલ વિસ્તાર ૯૦૦૦ લાખ એકર



વીજળીવાળાં ગામ-કસ્બા ૩૪૦૦૦

કુમાર

ઑગસ્ટ ૧૯૬૦ · અંક · ૪૪૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન, સંસ્કાર અને આરોગ્ય ઘડતર પ્રબોધતું માસિક

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★આ સાથે મોકલું છું તે ફોટો ઇંદોર નજદીક આવેલા સુપ્રસિદ્ધ માંડવમાં લીધેલો છે. આનું કથાવસ્તુ કોઈ જણાવશે તો આભારી થઈશ. ત્યાંના ક્યુરેટરને આની એક કૉપી તથા બધી વિગત મોકલેલી પરંતુ કોઈ જાતનો જવાબ ન મળ્યો.



(મુંબાઇ) —ચંદ્રકિશોર શ્રૉફ

[* પુરુષમૂર્તિના હાથમાંનાં આયુધો–શંખ, ચક્ર, ગદા પરથી તે વિષ્ણુલક્ષ્મીની મૂર્તિ છે.]

જુલાઇ અંકમાં ચંપકલાલ બાદશાહનો પત્ર છે. તેમને બે વર્ષથી એડીનો દુખાવો છે. તે અંગ્રેજીમાં જેને 'ફ્લૅટ ફૂટ' કહે છે તેવું હશે. એક્સ-રે કઢાવવાથી નિશ્ચિત થશે. તેમ હોય તો બૂટની બનાવટમાં થોડો ફેરફાર કરવાથી થોડા વખતમાં આરામ થઈ જશે.

(મુંબાઇ) —વાસુદેવ પરીખ

'કુમાર'માં અવારનવાર પ્રાચીન શિલ્પોના ફોટો આવે છે. કુમારને સાડત્રીસ વર્ષ થયાં તેમાં ભારતના બધાં પ્રાચીન શિલ્પોના ફોટો ન આવી ગયા હોય? કે હજી પણ ઘણાં બાકી છે? જોકે મને તો તે ફોટો ખૂબ ગમે છે.

(સૂરત) —ભૂપેન્દ્રકુમાર ગો. પટેલ

[*હજી બીજાં સાડત્રીસ વર્ષ સુધી આપતાં પણ ન ખૂટે એટલું ભારત શિલ્પસમૃદ્ધ છે.]

જુલાઈ અંકને છેલ્લે પાને આપેલા 'સોના સરવાળા' જેવા ત્રણ નમૂના મોકલાવું છું.

૬૫	૧૩	૩૭	૭૫
૨૪	૭૬	૫૨	૧૪
૮૯	૮૯	૮૯	૮૯
૭	૪	૬	૬
૩	૫	૪	૩
૧	૨	૧	૨
૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦

(લાખાપર–કચ્છ) —વ્રજ ગજકંધ

જૂન અંકમાં 'ગામા'ના લેખને અંતે એ પહેલવાનની કારકિર્દીની ફલશ્રુતિમાં કહ્યું છે કે 'વસ્તુતઃ ક્ષીણવીર્યતા એ કોઇ પણ રાષ્ટ્રની પ્રજાનો પ્રથમ અને અક્ષમ્ય અપરાધ ગણાય છે.' પણ 'ક્ષીણવીર્ય' વર્ગ ને ગામાઓના વર્ગની વચ્ચે એક મોટો વચલો વર્ગ છે, તેની ફલશ્રુતિ પણ દર્શાવવી જોઈએ. મધ્યમ કક્ષાના લોકો શક્તિ સારુ ગામામાંથી પ્રેરણા લઇ શકે; પણ તેની ફલશ્રુતિમાં અંતર્ગત બીજી કેટલીક મહત્ત્વની ફલશ્રુતિઓ છે. દા.ત. બળ અને આરોગ્ય એ શરીરની બે(એક લાગતી છતાં) જુદીજુદી પરિસ્થિતિઓ છે. વૈજ્ઞાનિક ચોકસાઈ વગર આંખ મીંચી જોશીલો વ્યાયામ કર્યે જવાથી લાંબે વખતે (અને કોઈ વાર તો તાત્કાલિક) આરોગ્યને ગંભીર નુકસાન થાય છે. કેટલાક પહેલવાનોને ઝડપી (ગૅલપિંગ) ક્ષય અને બીજા રોગ થએલા જાણ્યા છે. મારા એક વજ્રમુષ્ટિ મિત્ર સાથે હું વડોદરામાં તેમને અખાડે ગયો હતો. ત્યાં એક વજ્રમુષ્ટિ યંત્રવત્ દંડ પીલતાં દર દંડે માથું ઊંચકી ખુલ્લે મોંએ 'રામ' બોલતો હતો. એ પરથી ઘણાખરા વજ્રમુષ્ટિઓને મેં જે કાયમની શરદી અને દમથી પીડાતા જોયા તેની મને નવાઇ ન લાગી. એટલે કે વૈજ્ઞાનિક નિરીક્ષણ દ્વારા શરીર ઉપર થતી સારીમાઠી અસર નક્કી થયા બાદ જ વ્યાયામનું સ્વરૂપ અને પદ્ધતિ નક્કી થવાં જોઇએ.

સ્વ. શ્રી રામમૂર્તિ જે વ્યાયામમાં હિંદનું નામ ઉજાળવામા કોઈથી ઊતરે એવા નહોતા તે પ્રાણાયામના અભ્યાસી હતા અને તે દ્વારા તેમણે વ્યાયામનો ફાયદો વધારે પ્રમાણમાં ઉઠાવ્યો હતો. આ ઉપરાત યૌગિક વ્યાયામ તથા પ્રમાણસરનો બલપ્રદ ને આહારશાસ્ત્રની દૃષ્ટિએ હિતકારક ખોરાક, આરોગ્યના બીજા મુખ્ય નિયમો ઇ. સહિતનો ભારે વ્યાયામ, ને તે સર્વના શરીર ઉપર થતા પરિણામનું વૈજ્ઞાનિક નિરીક્ષણ જેમાં અંતર્ગત હોય તેવી સર્વાંગી વ્યાયામ પદ્ધતિની આ યુગમાં ખૂબ જરૂરિયાત છે તે પણ 'ગામા'ના લેખથી ફલિત થાય છે.

અંતે એક છેલ્લી વાતઃ કાયમ દેહબુદ્ધિ ઉપર નભ્યે જવાથી વૃદ્ધત્વમાં નિઃસહાયતા ને લાચારીની કરુણ દશામાં ગમે તેવો પહેલવાન પણ આવી જાય છે એવું ઘણા દાખલાઓમાં જોવા મળે છે. એથી તેને માટે પહેલેથી જ આત્મસ્થ રહેવાની ટેવ પડે તો શરીરની ગમે તેવી અવસ્થામાં સ્વસ્થતા અને શાન્તિ રહે. વૃદ્ધાવસ્થામાં શાન્તિ માટે બીજા ઉપાયો, ઉપલક્રિયા જ પુરવાર થવા સંભવ છે. વિવેકાનંદ ભારતના એક પગપાળા પ્રવાસમાં ભૂખ, થાક અને તાપથી સાવ લોથ થઈ ભોંય ઉપર અર્ધા બેભાન પડ્યા; પણ તે જ પળે તેમને વિચાર ઝબક્યો કે 'હું ક્યાં દેહ છું કે મારી આ દશા હોય! હું તો અખંડ ચેતના અને અનન્ત સામર્થ્યવાળો આત્મા છું.' આ ભાનથી તેમને અસાધારણ ચૈતન્ય સ્ફુર્યું અને ઊઠીને ચાલવા માંડ્યું. આ કૈં સિદ્ધિ-સાધનાની વાત નહોતી. મનને પ્રબળ સૂચન કરવાનો તે મનનો જ વ્યાયામ હતો, જે સૌ કરી શકે. શ્રી ગામા જેવા વ્યાયામીઓએ ભારતની શાન બેશક વધારી હતી, છતાં તે યુગના વ્યાયામના ખયાલોનું પુનર્વિધાન આ વિજ્ઞાનયુગમાં કરવું અનિવાર્ય છે, એ મહત્ત્વની ફલશ્રુતિ પ્રત્યે સજાગ રહેવું ઘટે.


(પાટણ) —દેવેન્દ્ર મજમુંદાર

મારી લૅબમાં કામ કરતા મારા એક મિત્ર અમેરિકાના બૉય સ્કાઉટમાં એક ટુકડી સંભાળે છે. તેમને ઉનાળામાં મદદ જોઈતી હતી. મેં એક ઉનાળે એક સમર કૅમ્પમાં કાઉન્સેલર તરીકે કામ કર્યું હોવાથી મેં તેમને હા પાડી.

આજે કૅમ્પમાં આવ્યે પાંચ દિવસ થઇ ગયા છે. અહીંના અનુભવો તો ઘણા છે પણ એક વાત હિંદના વિદ્યાર્થીઓને કહેવી છે:

મારી ટુકડીને મેં આપણી 'સતત' અને 'ખોખો'ની રમત શીખવી, અને મારી અજાયબીની વાત ન પૂછશો. અહીંઆ આવી રમતો છે નહિ. આ વાત બીજી ટુકડીઓમાં ફેલાઇ ને મેં થોડા દિવસમાં અહીંની ઘણી જ ટુકડીઓને આપણી સતત રમત શીખવી છે. થોડી ટુકડીઓના છોકરાઓ 'ખોખો' રમતથી જાણકાર છે. સતત ઉપર તો અહીં બધા ગાંડા છે. હું માનું છું કે હિન્દના વિદ્યાર્થીઓ આ જાણી રાજી થશે.

(વિલ્મિંગ્ટન, યુ.એસ.એ.) —ભરત ગજ્જર



દ્વિરંગી લીનોકટ · **કેશકલા**
કલાકાર · કુ. કોકિલા દેસાઈ
એમનો સવિશેષ પરિચય આ અંકની 'કલાવાર્તા'માં



શ્રમની શોભા

ચિત્રકાર: રસિકલાલ પરીખ

'…એટલે આપણાં સ્વપ્નો સાકાર કરવા માટે આપણે સખ્ત પરિશ્રમ કરવાનો છે…' (જવાહરલાલ નેહરુ)

ભમ્મરિયો

· ગાન ·

ભમ્મરિયો આવે આકાશને ઘેરી.
સીહું ઢાળેલ હોય એવો મ્હેરામણો, ને વાવડા થિયા છે કાંઇ વેરી…૦
આડો ન ઊતરે; ને ઓરો આયો તો, ભેરુ, મોરેથી સામનો કીજે,
ઢીલું ન રાખીએ સુખાણ કાંઇ બાવડાની ભીડે મચક નહીં દીજે…૦
ડોલને માથે તે એનો ઝીંકે જો દાવ ને એણે રે ઝેરી થાય ઝાઝો,
આપણી તાકાત જાય આપણી જ હામે તો ઊભાને વાઢીએ આડો…૦
દા'ડો ને રાત નહીં નોખાં રે આફતુંમાં સાબદા ઓ સાવધાન રૈયે,
સંથામાં ડૂંકનાર સાયરને ઝોલથી આયો એવો જ ઢાળી દૈયે…૦
ભેરુ મારા રે, નહીં ખાંડાનાં જુદ્ધ આંહીં ઝંઝાનાં જોર, ઘોર પાણી,
ઘાવને ઝીલીને રિયા આખા, તો આલમે ડેર ડેર આપણી અખાણી;
હો આપણી બાજી રે'શે રે જયભેરી…૦

રાજેન્દ્ર શાહ

ભમ્મરિયો=દરિયાઈ ઝંઝા; સુખાણ=સુકાન; આપણી તાકાત જાય આપણી જ હામે=ડોલ અને સઢ, એ વહાણને ગતિ આપવાનું મુખ્ય સાધન : ઝંઝા એના પર ઝીંકાય તો વહાણને જલદી ડુબાડવાનું નિમિત્ત પણ એ જ બને–આપણી તાકાત એ રીતે આપણી આડે આવે તો તો ડોલ ને કુવાથંભને કાપી નાખવો જ રહ્યો. ઊભાને આડો પાડવો એ જ ધર્મ બને. અખાણી=વાત—કથા(ખ્યાતિ).

શ્રાવણી સાંજે

· ગાન ·

કોઇની ના જોઇ રઇ વાટ:
અમથી અમથી ને તો ય બેઠી છું ક્યારની એકલી તળાવડાને ઘાટ!
ધુમ્મસના ગોટ સમાં શ્રાવણનાં વાદળાં, ઝળુંબી રિયાં ચહુઓર,
કેવડાની મ્હેક લૈ વાતા પવંનને હળવે તે એક રે હિલોળ,
ફુંજ ફુંજ ઝરી ઝરી જાય રૂડી છાંટ!૦
કાંઠે ઝૂકેલ ભીની ભીની વનરાઇ થકી, બોલ ના વિહંગનો સુણાય,
કિલકારે ગુંજતી ડાળ ડાળ આજ કોઇ મૌનની મીઠપ માંહી ન્હાય,
ભીનું ભીનું ઉર મારું, ભીનાંભીનાં ગાત!૦
ઓચિંતી પચ્છમથી પીગળેલા હેમ શી તડકાની ઝીણી ઝરે ધાર,
ન્યાળું ન્યાળું ને હજી ત્યાં તો ઘડીકમાં, સામસામા સાંધતું કિનાર
સોહી રિયે મેઘધનુ એવું રળિયાત!૦
આથમતી સાંજ ને આઘેરા જાવું મારે વીંધી તમાલનું વંન,
એવું કશુંક તો ય ગમતું કે આંહીંથી હાલવાનું થાતું ના મંન,
ભરીભરી હાલવું ને ફરી ભરું માટ!૦

પ્રદ્યુમ્ન તન્ના

શામળિયો

· ગાન ·

'અઢળક ઢળિયો રે શામળિયો'
ચપટી તાંદુલ વેર્યા ત્યાં તો મબલખ મોલે લળિયો!
ખુલ્લાં ખાલીખમ ખેતર તે આજ ઝૂમતાં ડૂંડે,
લુખ્ખી જે લયહીન હવા તે ગુંજન કરતી હૂંડે.
જર્જર શુષ્ક ધરાને ફરીથી જોબન-અવસર મળિયો!
ઊંચે આભ નીચે જલથલમાં આ તે કશી નવાઈ!
જ્યાં જ્યાં નજર ફરે તે સઘળું સાવ ગયું પલટાઈ,
ભેંકાર હતો જે ભૂત હું ય તે દેવલોકમાં ભળિયો.

દિનેશ કોઠારી

આષાઢસ્ય પ્રથમ દિવસે

· મંદાક્રાંતા ·

ગ્રીષ્માન્તેથી નજર પડતાં વાદળાં જે કદીક
વર્ષા કેરાં વિરલ ચર શાં, પશ્ચિમે તે અચિંત્યો
છાપો મારી ગગન બધું ઘેરી, દિયે રુદ્ર ઝીંક
જાગી ઊઠી ઘરઘર અગાસી–પથારી સફાળી.
હું મારી લૈ ભીતર ઘરની, પાથરી જેમતેમ,
લેટી તેના ઉપર અરધો જાગતો, વૃત્તપત્ર
જાણે વાંચી રહું છું હૂબહૂ આવતી કાલ કેરું:
'આવ્યા પાછા દિવસ વીજળી–વાદળાં–ગર્જનાના,
ક્યાં છલકાઇ નદી, કયહીં તૂટયો પૂલ, પાટા વિકીર્ણ.'
પાણી પાણી! સૂકી ધરતીની સૌ વ્યવસ્થા વિનષ્ટ,
વાંચું જાણે ક્ષિતિજપૃથુલો પૃથ્વીકેરો ય પત્ર:
ભીની પંકે મલિન સડકો, પંક–છાંટેલ વસ્ત્ર,
માથે નાના ગગન સરખું ચૂતું રે આતપત્ર,
શૈલે–બીડે લખી તૃણલિપિ, તાજું ફૂટેલ ઘાસ!
માણું બે કે ત્રણ ક્ષણ જરી ભીની પૃથ્વીની વાસ,
માણું બે કે ત્રણ ક્ષણ સ્મરી કાળજું કાલિદાસ,
ખેંચાતી રે પણ પછીથી તો દીર્ઘપંક્તિ અપ્રાસ:
એની એ આ ભીનીભીની ધરા, એ ભીનાં વૃત્ત (ત્રાસ!)
આષાઢસ્ય પ્રથમ દિવસે,
દ્વિતીય દિવસે,
તૃતીય દિવસે,
રે લગાતાર
ચારેક માસ.

'ઉશનસ'

આષાઢે

· મંદાક્રાંતા ·

આષાઢસ્ય પ્રથમ દિવસે હું ઊભો રહી ઝરૂખે
ન્યાળી રહું છું ગગન ઘનથી ઘોર ઘેરાયલાને;
ક્યાં છે પેલો પુનિત ગરવો રામઅદ્રિ અને ક્યાં?
શૃંગેછાયો જલધર?–સ્મરું કાલિદાસી કલાને!

ક્યાં છે પેલા મદકલભર્યા સારસોના નિનાદ?
ને ક્યાં કાળા નભમહીં જતા રાજહંસો રૂપાળા?
ક્યાં છે પેલી નગરી અલકા ને વળી આ ભૂમિ ક્યાં?
એમાંનું ના કદી મળી શકે તત્ત્વ એકે અહીંઆં!

આંહીં ઊંચાં ગગન ચૂમતાં કૈં મકાનો બને છે,
કાવ્યો કેરા સુખ થકી સદા માનવીઓ અલિપ્ત
દોડી ટ્રેને, તરી પવનમાં વાયુયાને, ટપાલે,
ટેલીફોને, વિરહસુખ કેરા દિનોને હણે જે!
આથી તો ના અધિક સુખિયો યક્ષ કે જે પ્રિયાને
સંદેશો કહી ફૂલ શું હળવું જે કરે છે હિયાને?!

સુરેશ દલાલ

ઠરશે એવું માની હૈયા-મટુકી કેરું પાણી
ઝમવા દીધું નેણુને મારગ મેં તો જાણી જાણી.

ચીમન કલાલ

લિપિ વિષે ગુજરાતસરકાર

ચાલતા બળદને આર ઘોંચવાનું કંઇ કારણ?

ગુજરાતી લિપિ નવી ગુજરાત સરકારને ક્યાં નડી? તેને છોડીને નાગરી પર જવાથી સરકારને શા લાભોની અપેક્ષા છે?

બે જાતના લાભો સંભવે છે. એક તો ગુજરાતીઓ નાગરીમાં આજ્ઞાપત્રો વાંચતાં તેમનામાં દેશની એકતાનો ભાવ જાગ્રત થશે.

બીજું, કેન્દ્ર તથા અન્ય રાજ્યો સાથેના વ્યવહારમાં અંગ્રેજીને સ્થાને આપણે હિંદી વાપરવાના છીએ એ વખતે ગુજરાતી ઉપરાંત નાગરી ટાઈપરાઈટરો પણ જોઇશે: તો અત્યારથી અગમચેતીપૂર્વક ગુજરાતી માટે પણ નાગરી ટાઈપરાઇટરો જ વસાવીએ.

બીજો લાભ પહેલાં તપાસીએ. બંગાળ અને મદ્રાસ પણ કેન્દ્ર સાથે અને અન્ય રાજ્યો સાથે હિંદીમાં વ્યવહાર કરવાનાં, પણ તેથી શું પોતાને ત્યાં અંદરઅંદરના વ્યવહાર માટે તમિળ કે બંગાળી ટાઇપરાઈટરોનો ઉપયોગ કરવાનું ટાળશે? બધાં ટાઈપરાઇટરો નાગરીનાં લેવાથી ખરચમાં બચાવ થવાનો પ્રશ્ન તો મોટો નથી. નાગરીનાં બે ટાઇપરાઈટર લો, કે એક ગુજરાતીનું અને એક નાગરીનું લો, એમાં શો તફાવત પડવાનો હતો?

દેશની એકતા અંગેનો લાભ 'એકતા એટલે એકવિધતા' એવી સમજણમાંથી જન્મ્યો લાગે છે. દેશની એકતા માટે તો બંધારણે કેન્દ્રની રાજભાષા હિંદી, દેવનાગરી લિપિમાં, વાપરવાનું કહ્યું છે તે ઉલ્લેખ તો, ઉર્દૂ અને નાગરી બંનેમાં રાજભાષા લખવાની ગાંધીજીની નીતિને બદલે ઉર્દૂ ખસૂસ ટાળીને માત્ર એકલી દેવનાગરીમાં જ એ ભાષા લખાય એવા આગ્રહને પરિણામે થયો છે. હિંદી ભાષા એકલી દેવનાગરીમાં જ લખવી એવો આદેશ થયો. પણ તેથી ઉર્દૂ પણ દેવનાગરીમાં લખવી, બંગાળી, તમિળ પણ દેવનાગરીમાં લખવી એવું બંધારણે આદેશ્યું નથી. ટૂંકામાં, દેવનાગરી એ (આખા) રાષ્ટ્રની એકમાત્ર લિપિ છે એવું બંધારણે આદેશ્યું નથી. બલકે પાયાના અધિકારો (૨૯-૧)માં નાના જનસમુદાયો સુધ્ધાંને પણ તેમની પોતાની 'લિપિ' વગેરે જળવાય એવી બાંહેધરી આપવામાં આવી છે.


વિધિનો કટાક્ષ તો એ હકીકતમાં છે કે પરદેશી અમલ નીચે ગુજરાતી લિપિ બિનજરૂરી ન જણાઈ. સ્વતંત્રતા મળ્યા પછી બૃહત્ મુંબઈ રાજ્ય વખતે દેશની એકતાને ન નડી, અને ભાષાપ્રદેશીય રાજ્ય તરીકે ગુજરાત રાજ્ય જન્મ્યું ત્યારે એના પર આફત ઊતરી. દેશને રાષ્ટ્રભાષા તરીકે હિંદીનો ઉપયોગ કરવા તરફ વાળવામાં મોટો ભાગ ભજવનાર ખુદ ગાંધીજીને ય 'નવજીવન' ગુજરાતી લિપિને બદલે નાગરીમાં છાપવાની જરૂર જણાઈ નહતી.

બંગાળ, મદ્રાસ કે ગુજરાત, કેન્દ્ર તથા અન્ય રાજ્યો સાથેના વ્યવહારમાં હિંદી ભાષા—નાગરી લિપિમાં-વાપરે અને પોતાના અંદરઅંદરના વ્યવહારમાં પોતાની ભાષા પોતાની લિપિમાં વાપરે તો તેઓ દેશની એકતા માટેની ભાવનાવાળાં નથી એમ સૂચવવું એ બરાબર નથી... ગુજરાત રાજ્યની સરકારને કે કોઇ રાજ્ય સરકારને પોતાને ત્યાંની લિપિ નાબૂદ કરવાનો હક નથી, બલકે એની જાળવણીની જવાબદારી બંધારણે એની ઉપર નાખી છે.

ગુજરાતરાજ્યમંગલાચરણમાં જ ગુજરાતી લિપિની નાબૂદીના શ્રીગણેશ માંડીને દેશની સાચી એકતા—વિવિધતામાં રહેલી એકતાને વીંખી નાખવા જેવું કરશે. ગુજરાતરાજ્યનાં આજ્ઞાપત્રો ગુજરાતી લિપિમાં બહુજનસમાજને સ્વાભાવિકરીને જ વધુ સુગમ હોય. એમાં વિક્ષેપ કરવામાં ભાગ્યે જ ડહાપણ હોય.

ગુજરાતી લિપિ નાગરીમાંથી માથાબાંધણું કાઢી નાખવાથી બ.ી છે, ને ન ગરીવાપરનારાઓ લખવામાં મોટે ભાગે શિરોરેખા કાઢી જ નાખે છે. શિરોરેખા વગર ख લખતાં 'રવ' થઇ જાય; તેને બદલે ગુજરાતીએ 'ખ' ચિહ્ન ઉપજાવ્યું છે તે વધુ સારું છે. શ્રી કાકાસાહેબ કાલેલકર અને શ્રી વિનોબા ભાવે જેવા 'ક' વગેરે વ્યંજનોની બારાખડી (ક કા કિ કી કુ) જેવી 'અ'ની (અ આ અિ અી અુ વગેરે) 'સ્વરાખડી'ને વધુ ઉપયોગી માને છે, ને ટેલિપ્રિન્ટરોનાં કરોડોનાં ખર્ચ ઘટાડવામાં એથી મદદ થશે એમ શ્રી કાકાસાહેબનો અભિપ્રાય છે. આ સ્વરાખડી પ્રમાણે ગુજરાતી લિપિએ તો એ ઐ (ए ऐने બદલે) ક્યારના ઉપજાવેલા છે. આમ, ગુજરાતી લિપિએ અનેક રીતે નાગરી લિપિ કરતાં આગળ વિકાસ કરેલો છે, તેને નાબૂદ કરી પાછા નાગરી ઉપર જવા કહેવું એ તો વિકાસ પ્રત્યે બિમુખતાનું વલણ ગણાય.

એકલિપિના પ્રશ્નનો ઝંડો લેવાનું કામ કોઈ રાજ્યસરકારનું ખરું? એટલું જ નહિ, એ માટેની પોતાની લાયકાત માની લેવામાં ગુજરાત સરકારે શાણપણ બતાવ્યું ગણાય? ગુજરાતે તો એકલિપિના પ્રશ્નમાં ઘણો સક્રિય રસ બતાવ્યો છે, ને સદ્ભાગ્યે કાકાસાહેબ કાલેલકર જેવા લિપિવિદ્‌ની વિચારણા અને એમનાં તથા સ્વ. કિશોરલાલભાઈનાં અખતરાઓ, સૂચનાઓ વગેરે આપણી સામે પડેલાં છે.



નવ અક્ષરોને સંસ્કારીને ઉમેરેલી 'ગુર્જરી-નાગરી'નો જે નિર્દેશ આ લેખના અંતભાગમાં થયો છે તેનો આલેખ આ ઉપર આપ્યો છે, અને તેની વાચનક્ષમતા દર્શાવવા માટે આ લખાણ એના જ વાં બીબાંમાં ગોઠવીને છાપ્યું છે.

ગુજરાત રાજ્યસરકારને ગુજરાતી લિપિનો ત્યાગ કરવાની અને આખા દેશમાં એક લિપિ વપરાય એ જોવાની હોંસ હોય તો પણ એ એકલિપિ નાગરી હશે એમ માની લેવામાં એણે ઉતાવળ કરી છે. કદાચ શિરોરેખા વગરની અને ગુજરાતી લિપિની વધુ નજીક હોય એવી, શ્રી કાકાસાહેબ જેને 'ગુર્જરી-નાગરી' કહે છે તે લિપિ પણ એ હોય. એ દિશામાં, પોતાની મેળે અણજાણપણે નિર્ણય કરી બેસવાને બદલે રાજ્ય યોગ્ય પગલાં લઈ શકે છે.

'ગુજરાતના રાજકર્તાઓને' ઉદ્દેશીને આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકરે યોગ્ય રીતે જ કહ્યું છે તેમ, "...અમારી વહેવારુ સૂચના એ છે કે ગુજરાતી લિપિ છોડી દેવાનો પ્રયત્ન ન કરવો. એ લિપિને પૂર્ણપણે નાગરી કરવા માટે અ, ક, ચ, જ, ઝ, ફ, બ, ભ, ળને ઠેકાણે નાગરીઅક્ષરોઅ, क, च, ज, झ, फ, ब, भ, ळ, લઈ એમને વળાંકનો સંસ્કાર કરી, એમને ગુજરાતીમાં દાખલ કરવા. કશા પ્રચાર વગર આ ગુર્જરી-નાગરી પોતાની ગુણવત્તાને કારણે, રાષ્ટ્રનાગરી થઈ જશે. અને ગુજરાત વિશેષ મહેનત વગર રાષ્ટ્રીય પ્રગતિને મદદ કરશે."

(સંસ્કૃતિ) —ઉમાશંકર જોશી

મારા પિતાજી
ત્રિભુવનનાથ કટજુ

મૂળ લેખક · ડૉ. કૈલાસનાથ કટજુ

અનુવાદક
ગો. શેરી

વિદ્વાન રાજપુરુષ અને હાલમાં મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન ડૉ. કૈલાસનાથ કટજુએ લખેલા (અને 'કુમાર'ના ૪૧૦મા અંકમાં પ્રકટ થએલા) તેમનાં માતુશ્રી સોહાગરાણીદેવીના પરિચયને અનુસંધાને અપાતું પ્રસ્તુત જીવનચિત્ર વિશેષ પ્રબોધક નીવડશે.

મારા પિતાની જીવનકથા એક એવા પુરુષની કહાણી છે કે જે સદા પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં જ સંઘર્ષ કરતા રહ્યા, જેમણે પોતાનું સારું ય શિક્ષણ પોતે જ મેળવ્યું, સત્ય ને આત્મસમાન સાથે જીવન વિતાવ્યું અને જે પોતાના જીવનકાળમાં જ પોતાના મિલનસાર અને હેતાળ સ્વભાવથી બધાના સંમાનિત ને પ્રીતિભાજન બની રહ્યા.

મારા પિતાજી દત્તક પુત્ર હતા. એમને ખોળે લેવાની વાત પણ બહુ મહત્ત્વપૂર્ણ છે. હિંદુ પરિવારના અંદરઅંદરના ઘનિષ્ઠ સંબંધનું એ એક સુંદર ઉદાહરણ છે.

ભોળાનાથ દર અને મનસારામ કટજુ કાશ્મીરી બ્રાહ્મણો. તેઓ અથવા એમના પિતા ઈ.સ. ૧૭૭૫ના આસપાસ કાશ્મીરથી આવેલા. એ દિવસોમાં કાશ્મીરી પંડિતો લાહોર થઈને દિલ્હી આવતા. પછી દિલ્હીથી અનેક રસ્તે થઈ જતા. કેટલાંક કુટુંબો પૂર્વમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળ તરફ ગયાં અને કેટલાંક પશ્ચિમ તથા દક્ષિણ-પશ્ચિમમાં રાજસ્થાન કે મધ્ય ભારત તરફ ગયાં. ઇ.સ. ૧૮૧૮માં ચોથા મરાઠા યુદ્ધમાં મહારાજા હોળકર હાર્યા તેને પરિણામે રાજ્યનો એક મોટો ટુકડો ઈસ્ટ ઇંડિયા કંપનીને આપી દેવો પડ્યો. આ લડાઈમાં તેમના એક પઠાણ સેનાપતિ ગફૂરખાંએ અંગ્રેજોને મદદ કરેલી, તેના ઇનામમાં મહેદપુરની સંધિ દ્વારા એને મહારાજા હોળકર પાસેથી મળેલી જાગીર કાયમને માટે આપી દેવામાં આવી. ગફૂરખાંએ પોતાના આ નવા રજવાડાની રાજધાની જાવરા નામના એક કસબામાં સ્થાપી. તે પછી થોડે સમયે મનસારામ કટજુ ગફૂરખાંની નોકરીમાં આવ્યા અને ત્યારથી જાવરા કટજુ પરિવારનું ઘર બની ગયું. આ શહેર ઇંદોરથી ૮૦ માઇલ દૂર અજમેર જવાના રેલવેમાર્ગ પર આવેલું છે.

મનસારામ કટજુનાં લગ્ન ભોળાનાથ દરની એક બહેન સાથે થયાં હતાં, પણ તેનાથી તેમને કોઈ સંતાન નહોતું. ભોળાનાથ દરને બે દીકરા હતા: બદ્રીનાથ ને જ્વાળાનાથ. એમાંથી બદ્રીનાથને તેમણે પોતાના બનેવી મનસારામ કટજુને ખોળે આપ્યો. બદ્રીનાથનો જન્મ ૧૮૧૫માં દિલ્હીમાં થયો હતો. પોતાને ખોળે લેનાર પિતાના મૃત્યુ બાદ તેમણે જાવરા દરબારની નોકરી સ્વીકારી ને ત્યાં જ ૧૮૭૫માં તેમનું અવસાન થયું. તેમના સગા ભાઈ જ્વાળાનાથ પણ જાવરાના નવાબની નોકરીમાં હતા. થોડાંક વર્ષો બાદ તેમનો પણ દેહાંત થઈ ગયો.

બંને ભાઈઓએ ૧૮૪૦ તથા ૧૮૪૪માં એકબીજાની અડોઅડ બે નાનાં મકાન ખરીદ્યાં હતાં. જોકે ખોળે લેવાવાથી બદ્રીનાથ અને જ્વાળાનાથ મામા-ફોઈના થતા હતા, તો પણ જાવરા નાનું ગામ હોવાથી બંને ભાઈ પરસ્પર ખૂબ સ્નેહથી રહેતા.

બદ્રીનાથ કટજુને એક દીકરી હતી, પણ દીકરો એકે નહોતો. તેમની એ દીકરીને બે દીકરા હતા, જેમાંથી એકને તેમણે ખોળે લીધો હતો. પરંતુ કમનસીબે બદ્રીનાથ અને તેમની પત્નીને શોકસાગરમાં ડુબાડીને એ દીકરો થોડાં જ વર્ષોમાં ગુજરી ગયો. આથી, ખાસ કરીને તેમની વૃદ્ધ પત્નીનું દિલ એકદમ તૂટી ગયું એને ખૂબ જ શોકાતુર જોઇને સગાંસંબંધીઓએ એવી સલાહ આપી કે એમના મનની સાંત્વના અર્થે કોક બીજા છોકરાને તેમણે ખોળે લેવો અને એ રીતે વંશવેલો જાળવી રાખવો. પરંતુ તેમ કરવા માટે તેમણે નિરંતર ઇન્કાર કર્યા કર્યો અને જણાવ્યું કે અમારા ભાગ્યમાં છોકરો લખ્યો જ નથી. અહીં હું પતિને મૂકીને એકલી પત્નીની વાત એટલા માટે કરું છું કે કાશ્મીરી પંડિતોનાં ઘરોમાં હમેશાં સ્ત્રીઓનું જ પ્રભુત્વ હોય છે.

પરંતુ જ્વાળાનાથની પત્નીની કાંઈક બીજી જ યોજના હતી. તેનું કુટુંબ ખાસ્સું મોટું હતું. ૧૮૬૧ના સપ્ટેમ્બરમાં એને ત્રીજો દીકરો થયો ને એ છોકરો જ્યારે માત્ર અગિયાર દિવસનો જ હતો તે વખતે બદ્રીનાથની પત્ની પાસે તે લઈ ગઇ અને 'આ લ્યો, આ તમારું જ બાળક છે' એમ કહી એના ખોળામાં મૂકીને એ ચાલી ગઈ! બદ્રીનાથની પત્ની આ બનાવથી ચકિત થઇ ગઈ. તેણે બાળકને લેવાનો ઇન્કાર કર્યો, પણ તે સાંભળવા માટે તે વખતે ત્યાં હતું કોણ? જ્વાળાનાથની પત્ની તો ત્યાંથી ચાલી ગઈ હતી. એટલે એ બાળકને ખોળે લેવાની વાત આઠ આઠ માસ સુધી લટકતી રહી. બદ્રીનાથની પત્ની કહ્યા કરતી, મારે એ બાળક નથી જોઇતું, અને જ્વાળાનાથની પત્નીએ એ જ મુજબ એ બાળકને પાછો લેવાની દૃઢતાપૂર્વક ના પાડ્યા કરી. અંતે જીત એની જ થઈ અને બદ્રીનાથની પત્નીએ એ બાળકને સ્વીકારવાનું કબૂલ કર્યું. એ જ બાળક ત્રિભુવનનાથ—મારા પિતાજી.

શાળાનું શિક્ષણ ત્રિભુવનનાથને ઘણું ઓછું મળ્યું. એ જમાનામાં જાવરામાં કોઈ અંગ્રેજી શાળા નહોતી. ઘેર મૌલવી રાખીને ઉર્દૂ-ફારસી ભણાવવાનો રિવાજ હતો, કેમકે એ સમયે એ જ રાજભાષા હતી. પરિણામે ત્રિભુવનનાથ પણ ઘેર મૌલવી પાસે સામાન્ય ઉર્દૂ-ફારસી શીખ્યા.

તેમને ખોળે લેનાર તેમના પિતા બદ્રીનાથ જાવરામાં એક જવાબદારીવાળી જગ્યા પર હતા. એ જમાનામાં આવાં નાનાં રજવાડાં પર દેખરેખ રાખવા સરકારનું પોલિટિકલ ખાતું નાનીનાની પોલિટિકલ એજન્સીઓમાં પોલિટિકલ એજન્ટો રાખતું. જાવરા જેમાં આવતું તે માળવા એજન્સીનો પોલિટિકલ એજન્ટ ઉજ્જૈનથી ૪૦ માઇલ દૂર આગરમાં રહેતો. એજન્સીને અધીન દરેક રજવાડાને ત્યાં એક પ્રતિનિધિ રાખવો પડતો, જે 'વકીલ' તરીકે ઓળખાતો. એનું કામ હતું પોલિટિકલ એજન્ટના મુખ્ય સ્થાન પર રહેવું ને તેના તથા રજવાડા વચ્ચેના પત્રવ્યવહારને આમથી તેમ મોકલવો. એ કામ આવા વકીલો દ્વારા જ થતું. આ વકીલોનું એક પંચાયતી બોર્ડ પણ રહેતું, જે પોલિટિકલ એજન્ટની દેખરેખ નીચે રજવાડાંના સીમાડા સંબંધેના ઝગડાઓનો નિકાલ કરતું. બદ્રીનાથ કટજુ કેટલાં યે વર્ષો સુધી માળવાના પોલિટિકલ એજન્ટને ત્યાં જાવરાના વકીલ તરીકે રહેલા. ખુદ એજન્ટ તથા બીજાં રજવાડાંના વકીલો તેમનું હમેશાં સન્માન કરતા.

આ સ્થિતિમાં ત્રિભુવનનાથનું શિક્ષણ આગરમાં જ થયું. પરંતુ

પુરાણી પેઢીની પ્રતિનિધિરૂપ એક લાક્ષણિક વ્યક્તિવિશેષનો પરિચય

થોડા જ સમયમાં તે આપત્તિમાં આવી પડ્યા અને તેમનું શિક્ષણ આગળ વધતું અટકી ગયું. ૧૮૭૪માં, જ્યારે તે માત્ર તેર વર્ષના જ હતા તે વખતે બદ્રીનાથ માંદા પડી ગયા. તે કુશાગ્રબુદ્ધિ હતા; ને જાવરાના નવાબ સાહેબે, કદાચ પોલિટિકલ એજન્ટના કહેવાથી જ, તેર વર્ષના આ બાળકની એમની જગ્યાએ નિમણૂક કરી. તેમણે એ કામ એટલી કુશળતાપૂર્વક કર્યું કે તેનાથી સૌને ઘણો સંતોષ થયો. મારા પિતાના ઘણા જ પ્રિય કાગળોમાં તે વખતના પોલિટિકલ એજન્ટ કર્નલ માર્ટિને લખી આપેલું એક સર્ટિફિકેટ હતું, જેમાં આ બાળકે જવાબદારીનું જે યોગ્યતા ને દૃઢતાપૂર્વક પાલન કર્યું હતું, તેની પ્રશંસા કરવામાં આવી હતી. ૧૮૭૫માં બદ્રીનાથનો દેહાંત થતાં પિતાજીની નિમણૂક કાયમી વકીલ તરીકે કરવામાં આવી. એ સમયે તેમની ઉમર બરાબર તેર વર્ષ ને નવ મહિનાની હતી. એ સાચું છે કે એ જમાનામાં મોટે ભાગે નિમણૂકો બાપની જગાએ દીકરાની જ થતી હતી, તો પણ આ એક અસાધારણ બાબત હતી. ત્રિભુવનનાથે, ૧૮૭૫માં પોતાની નિમણૂક થઈ ત્યારથી તે ૧૯૪૫માં એ ગુજરી ગયા ત્યાં સુધી સતત ૭૦ વર્ષ પર્યંત એ રજવાડાની નોકરી કરી હતી. કોઇ પણ મનુષ્યના જીવનમાં નોકરીનો આ એક અસાધારણ રેકર્ડ છે. નાની ઉમરમાં થએલી એમની આ નિમણૂકની વાત મોટે ભાગે અમારા કુટુંબમાં પ્રશંસાત્મક દૃષ્ટાંત રૂપે થતી.

પિતાજીના સેવાકાળનાં એ ૭૦ વર્ષમાંથી ૫૦ તો સક્રિય સેવાનાં હતાં. રાજ્યના લગભગ દરેક પદ પર એ રહ્યા હતા. મૅજિસ્ટ્રેટ, જજ, દીવાની જજ, જકાતખાતાના અમલદાર, સેટલમેન્ટ અમલદાર, જિલ્લા અમલદાર, પ્રધાનના ખાનગી કારભારી એ બધા હોદ્દા એમણે સંભાળેલા અને છેવટે રેવન્યુ સેક્રેટરી પદે રાજ્યની કાઉન્સિલના સભ્ય તરીકે રહી પોતાનું કાર્ય સમાપ્ત કર્યું. અને એ દરેક પદ તેમણે પૂર્ણ યોગ્યતા સાથે દીપાવ્યું હતું. એમની પ્રતિભા, ખરે જ, અસાધારણ હતી. પરિસ્થિતિને કારણે તેમનું શાળાનું શિક્ષણ ઓછું હતું, પરંતુ તેમના એ દીર્ઘ જીવનમાં પોતાના શિક્ષણની વૃદ્ધિ તે હમેશાં કરતા રહેલા. ફારસી પર તેમણે સારો કાબૂ મેળવ્યો હતો અને ઉર્દૂમાં તો એમની શૈલી સાહિત્યિક અને ગંભીર હતી. એ એક સરસ લેખક પણ હતા અને જુદાજુદા વિષયોનું એમનું જ્ઞાન વિસ્તૃત હતું. ૭૦ વર્ષના પોતાના સક્રિય જીવનમાં ઉર્દૂ દૈનિક પત્રનું નિયમિત રૂપે વાચન કદી પડતું મૂક્યું નહોતું. અંગ્રેજી એમને નહોતું આવડતું તેથી દેશવિદેશમાં બનતા બનાવો જાણવાની ભૂખ એ હમેશાં ઉર્દૂ દૈનિક પરથી જ પૂરી કરતા.

ઈ. ૧૯૨૫ લગભગ મારા નાના ભાઇએ રેવન્યુ સેક્રેટરીનું પદ સંભાળી લીધું, એટલે જાવરાના નવાબ સાહેબે તેમના આખા યે માસિક પગારનું પેન્શન બાંધી આપી તેમને નિવૃત્તિ બક્ષી. કહેવા પૂરતા તો એ હવે નોકરીના બંધનમાંથી મુક્ત થઈ ગયા હતા, પરંતુ તેમનો અને નવાબ સાહેબનો અંગત સંબંધ કાંઈક એવા પ્રકારનો હતો કે મૃત્યુની છેલ્લી ઘડી સુધી તે એમની નોકરીમાં રહ્યા પણ ખરા, અને નોકરીમાં ન પણ રહ્યા. નવાબ ઈફ્તિખાર અલીનો જન્મ ૧૮૮૩માં થયો હતો અને મારા કરતાં એ ચાર વર્ષ મોટા હતા. નવાબ સાહેબના વંશ સાથે કટજુ કુટુંબનો સંબંધ કાંઈક અનોખા પ્રકારનો હતો. નોકરીના સંબંધે તેમના સેવક હોવા છતા પણ બંને કુટુંબોમાં પારસ્પરિક મૈત્રી હતી. ૧૮૭૫માં જ્યારે પિતાજીએ રાજ્યની નોકરી શરૂ કરી ત્યારે નવાબ ઇસ્માઈલખાં ગાદી પર હતા. ૧૮૯૫માં એ ગુજરી ગયા અને એમની જગ્યાએ નવાબ ઈફ્તિખારઅલી નાની વયે ગાદી પર બેઠા ત્યારે તેમની એ સગીરાવસ્થા દરમ્યાન તેમના મામા યારમોહમ્મદ, જે પ્રધાન હતા તે, રીજન્ટ તરીકે નિમાયા હતા. ૧૯૦૫માં નવાબ ઈફ્તિખારઅલીખાંને પૂર્ણ અધિકાર મળ્યા ત્યાર પછી એ જ વર્ષે બાદ યારમોહમ્મદનું મૃત્યુ થતાં રાજકાજની સર્વ જવાબદારી તેમના પર આવી પડી હતી.

પિતાજીએ ઇફ્તિખારને તો નાનેથી મોટા થતા જોયા હતા એટલે પોતે એમને ખૂબ ચાહતા; અને એ પણ ખૂબ માન અને પ્રેમની દૃષ્ટિથી જોતા તથા પોતાની જાતને મારા મોટાભાઇ કહેતા. મને પૂરી ખાતરી છે કે જો ક્યારેય પણ પિતાજી સમક્ષ નવાબ સાહેબ ને મારી વચ્ચે પસંદગી કરવાનો પ્રશ્ન ઊભો થયો હોત, તો એ નવાબ સાહેબ ખાતર મારો ત્યાગ કરતાં જરા પણ અચકાત નહિ, કેમકે નવાબ સાહેબને એ મારા કરતાં પણ વધુ ચાહતા હતા. નવાબ સાહેબે પણ એમનું વધુમાં વધુ સન્માન કર્યું હતું. યારમોહમ્મદખાંના મૃત્યુ બાદ પિતાજીનાં મહત્ત્વ અને પ્રભાવ ઘણાં વધી ગયાં. તેમનો પગાર પણ માસિક ૧૫૦થી વધી ૩૦૦ થઈ ગયો. પરંતુ પગાર ઉપરાંત પણ નવાબ સાહેબ એમનું કેટલું સન્માન અને એમની કેટલી મર્યાદા સાચવતા એ વર્ણવી શકાય તેમ નથી. પિતાજી નોકરીમાંથી નિવૃત્ત થઇ ગયા હતા અને જાવરા છોડવા માટે હવે પૂરા સ્વતંત્ર હતા. શિયાળામાં મોટે ભાગે એ અલ્લાહાબાદ મારી પાસે આવીને રહેતા, પરંતુ એમની ગેરહાજરી નવાબ સાહેબને સહ્ય ન હતી. ઈ. ૧૯૩૬ના શિયાળામાં જ્યારે પિતાજી રાબેતા મુજબ અલ્લાહાબાદ આવતાં પહેલાં નવાબ સાહેબની અનુમતિ લેવા ગયા, ત્યારે નવાબ સાહેબે કહ્યું: 'પંડિતજી, તમે ખુશીથી જઇ શકો છો, પણ જરા વહેલા પાછા ફરજો, કેમકે તમારી ગેરહાજરીમાં હું બહુ બેચેન થઇ જાઉં છું.' આ શબ્દોની પિતાજી પર એવી તો ઊંડી અસર પડી કે તેમણે ભવિષ્યમાં જાવરા ક્યારે ય ન છોડવાનો નિર્ણય કર્યો અને જિંદગીનાં બાકીનાં નવ વર્ષ એમણે જાવરા બહાર પગ ન મૂક્યો!

એનો અર્થ એવો નથી કે એ નવાબ સાહેબને રોજ મળતા. અઠવાડિયે માત્ર એક જ વાર એ નવાબ સાહેબના મહેલ પર જતા. ક્યારેક ક્યારેક તો એમ પણ ન બનતું. પરંતુ નવાબસાહેબનો મોકલેલો એક પટાવાળો રોજ આવીને પિતાજીના ક્ષેમકુશળના સમાચાર પૂછી જતો અને જઇને નવાબ સાહેબને તે સમાચાર આપતો. જો ક્યારેક પિતાજીની તબિયત ઠીક ન હોય, તો નવાબસાહેબને ખૂબ ચિંતા થયા કરતી. એવા પ્રસંગે એ દિવસમાં કેટલીય વાર માણસ મોકલીને પિતાજીની તબિયતના સમાચાર પુછાવતા, પોતાનો ડૉક્ટર મોકલતા અને જાતે પણ ખબર કાઢવા આવતા. જ્યારે ૧૯૪૫ના ફેબ્રુઆરીમાં પિતાજીનો સ્વર્ગવાસ થયો ત્યારે નવાબ સાહેબે જાહેર કર્યું કે પંડિતજીના મોટા દીકરા પોતે છે, તેથી લોકાચારથી જે લોકો મળવા આવે તેમણે મારી (કૈલાસનાથ) પાસે ન આવતાં તેમની (નવાબ સાહેબ) પાસે જવું.

એમની ને પિતાજી વચ્ચે પત્રવ્યવહાર પણ ખૂબ ચાલતો. પિતાજી પર લખાએલા નવાબ સાહેબના પત્રો પિતૃભક્તિ અને સ્નેહથી ઓતપ્રોત છે. જિંદગીના છેલ્લા દિવસ સુધી જ્યારે પણ નવાબ સાહેબ સમક્ષ કોઇ વિકટ પ્રશ્ન ઊભો થતો યા કોઇ મહત્ત્વનો સરકારી કાગળ તૈયાર કરાવવાનો આવતો ત્યારે સલાહ માટે તે પિતાજીને જ બોલાવતા.

એક માનવી અને રાજાની દૃષ્ટિથી જોતાં જો નવાબ ઇફ્તિખારઅલીમાં નાનીમોટી નબળાઇઓ હતી, તો તેમનામાં એક મોટો ગુણ એ પણ હતો કે સરકારી ભ્રષ્ટાચાર ને લાંચરુશવતને એ નાપસંદ કરતા. હું માનું છું કે પિતાજી તરફ તેમને આકર્ષણ થવાનું સૌથી મોટું કારણ એ હતુ કે પિતાજી કોઈ પણ સંજોગોમાં અને કોઇ પણ કિંમતે ખરીદી શકાય તેવા ન હતા. એ જમાનામાં જ્યારે સરકારી લાંચરુશવત સામે પ્રજામત આજના જેટલો પ્રબળ ન હતો તે વખતે પિતાજીનું સત્યવક્તાપણું, પ્રામાણિકતા અને સચ્ચરિત્રતા ધ્રુવતારાની જેમ જાણે કે પોતાનું અનોખું મહત્ત્વ ધરાવતાં ચમકી રહ્યા હતાં. (અનુ૦ પૃ. ૩૩૨)


બબ્બે મણનાં નાળિયેર અને કાળા પોપટની ભૂમિ સીશલ
વેરાએલાં મોતી પેઠે માઇલોના અંતરે પથરાએલા મોટી સંખ્યાના નાનાનાના ટાપુઓનો સમૂહ

પોપટ કાળો હોય એમ કોઇ કહે તો આપણે કદાચ તેને હસી કાઢીએ અને એંશી રતલ વજનના ફળની જો કોઈ વાત કરે તો તેના મગજની સ્થિરતા વિષે પણ શંકા કરીએ. પણ આ વાત ખરી છે હિંદી મહાસાગરમાં સીશલ ટાપુઓમાં ખરેખર કાળો પોપટ થાય છે અને 'ડબલ કોકોનટ'–coco de mer નામે એટલું મોટું ફળ પણ થાય છે.

આપણી જૂની દરિયાવાટમાં તો આ ટાપુઓ સારી પેઠે જાણીતા હતા ને આજે યે ત્યાં ઘણા હિંદીઓ છે જ, પણ તે મોટે ભાગે મલબાર કાંઠાના હોઈ આપણને કદાચ તેમને વિષે બહુ ઓછી માહિતી છે.

આ ટાપુઓ વિષેની જૂનામાં જૂની નોંધ ઈ. ૧૫૦૨ના સમયના પોર્ટુગીઝ નકશાઓમાં મળે છે. તે પછી ઈ. ૧૬૦૯માં એકાદ અંગ્રેજ વહાણ પણ એ તરફ જઈ ચડયાનો ઉલ્લેખ છે. બીજી નોંધ તે પછી છેક ઈ. ૧૭૪૨ની છે. ત્યારે કૅપ્ટન લૅઝરે પિકોલ્ટ ત્યાં જઈ ચડેલો. બે વર્ષ બાદ એ ફરી ત્યાં ગયો અને આ ટાપુઓને ફ્રેંચ પ્રદેશ તરીકે જાહેર કર્યા, અને મોરેશ્યસના એજન્ટ માહે દ લા બોર્દોનેઈના નામ પરથી તેને 'માહે' નામ આપ્યું. ત્યાર પછી લૂઈ પંદરમાના વખતમાં તેના એક વહીવટી અમલદાર મોરિયો દ સેશલ્સના નામ પરથી આ ટાપુને 'સેશલ્સ' નામ મળ્યું. એનું હિંદી રૂપ તે સીશલ.

પણ આ ટાપુઓ ઉપર કાયમી રહેણાકની શરૂઆત તો થઈ છેક ઈ. ૧૭૬૮માં. એ કાળે દરિયાઇ વ્યાપારમાં વલંદાઓ સૌ યુરોપી પ્રજામાં મોખરે હતા અને તેમાં યે તેજાનાનો વેપાર તો તેમનો એકહથ્થુ હતો. મોરેશ્યસમાં અનુભવાતા ઝંઝાવાતો—હરિકેઇન—થી સહેવા પડતા નુકસાનનો આ ટાપુઓમાં ડર ન હતો, કેમકે ઝંઝાના માર્ગથી આ



દૂર હતા. વળી દૂર દરિયામાં અટૂલા પડેલા આ ટાપુઓની જમીનમાં તેજાનાની ખેતી ઘણી સારી થઇ શકે તેમ હતી. એટલે ફ્રેંચ લોકોએ અહીં વસાહત સ્થાપી. વલંદાઓનો તેજાનાનો વેપાર તોડી પાડવા તેમણે અહીં તેની ખેતી શરૂ કરી, અને એને વિષે તદ્દન ગુપ્તતા રાખી; તે એટલે સુધી કે એ ભેદ જાળવવા જતાં ઈ. ૧૭૭૮માં એક રમૂજી પ્રસંગ બની ગએલો. ટાપુવાસીઓએ દૂર દરિયામાં એક બ્રિટિશ ધ્વજવાળું જહાજ કાંઠે ઢૂકડાતું જોયું. અંગ્રેજો પોતાનો ભેદ પામી ન જાય એટલા સારુ એમણે તેજાનાનાં ખેતરોમાં આગ ચાંપી દીધી. કિનારે આવી વહાણ નાગર્યા પછી ખબર પડી કે એ તો ગુલામો પકડનારું ફ્રેંચ જહાજ હતું. આ ટાપુ અંગ્રેજોની માલિકીનો હશે એમ ધારી તેઓએ જાત છુપાવવા અંગ્રેજ ધ્વજ ફરકાવેલો! પણ પછી તો ઈ. ૧૮૧૪માં પારીસની સંધિ કરી અંગ્રેજોએ ખરેખર આ ટાપુઓ પોતાના તાબામાં લીધા અને આજે ૯૨ ટાપુઓનો એ સમૂહ અંગ્રેજો પાસે જ છે. લગભગ ૬૦૦ માઈલના વિસ્તારમાં ફેલાએલા આ ટાપુઓનો પોતાનો વિસ્તાર તો બધો મળી માત્ર ૧૫૬ ચોરસ માઇલનો જ છે, પણ તેની આસપાસ પરવાળાના જે ખડકો વીંટળાએલા છે તેનો વિસ્તાર ૪૦ થી ૫૦ હજાર ચોરસ માઇલ જેટલો છે અને એ બધા આ ટાપુઓના કબજા તળે જ છે.

પરવાળાના આ ખડકોની વચ્ચેથી સાંકડી નેળમાં થઇને જ આ ટાપુઓના એકમાત્ર મુખ્ય બંદર વિક્ટોરિયા (અગાઉનું માહે) સુધી પહોંચાય છે. આ બંદર પણ મુખ્યત્વે તો બ્રિટિશ નૌકાદળને કોલસા લેવાના મથક તરીકે જ વિકસાવાયું છે. ઝાંઝીબાર, મોરેશ્યસ, એડન અને કોલંબો સાથે એ તારવ્યવહારથી જોડાએલું છે. ઈ. ૧૯૨૬થી વિક્ટોરિયા અને પ્રેસલિન વચ્ચે બિનતારી સંદેશવ્યવહાર પણ શરૂ થયો છે.

માહે દ્વીપ આ બધા ટાપુઓમાં સૌથી મોટો, એટલે કે ૧૭ માઈલ લાંબો ને ૪ થી ૭ માઈલ પહોળો, તદ્દન અનિયમિત આકારનો બેટ છે. નદીમુખ આગળના કેટલાક પટ સિવાય લગભગ આખો ટાપુ ખડકાળ છે. પાણી પણ તેના પર પુષ્કળ છે. તેના પરની ઉત્તરદક્ષિણ પથરાએલી મોટી પર્વતમાળામાં મૉર્ન સેશેલ્સ (૨૯૯૩ ફૂટ) અને ટ્રાઈલ ફેરિસ (૨૩૯૦ ફૂટ) એ બે મોટાં શિખરો છે. માહેના નજીકમાં જ સૅંટ ઍન ઍન્ડ સર્ફ તથા કનસેપ્શન અને થેરેસા ટાપુઓ છે. આ ઉપરાંત પ્લાટે, સીટીવી, અગલેગા, ફાર્કાર, એમિરાન્ટિસ, કૉસ્મોલેડો, આસ્ટેવ, અલદાબ્રા અને કૉમોરો વગેરે ટાપુ આ સમગ્ર દ્વીપસમૂહમાં મોટા ગણાય તેવા છે. બીજા બધામાં તો ભાગ્યે કોઈ બેટ દોઢેક ચોરસ માઈલથી મોટો હશે.

મૂળ ગોરાઓએ અહીં વસવાટની શરૂઆત કર્યા પછી, તેમનાં તેજાના, વેનિલા, નારિયેળ, રબ્બર વગેરેનાં ખેતરોમાં કામ કરવા કાળા ગુલામોને અહીં લાવવામાં આવ્યા. પાછળથી વેપાર અર્થે હિંદીઓ–ખાસ કરીને મલબારીઓ–અને ચીનાઓ પણ અહીં આવી વસ્યા; અને આ બધાના રાંભુમેળાથી અહીંની ભાષા પણ આ દરેક પ્રજાની બોલીના મિશ્રણવાળા બની ગઈ. સીશલવાસીઓ સરસ વહાણવટીઓ પણ છે. અહીંની પ્રજાનો મોટો ભાગ ધર્મે ખ્રિસ્તી છે.

વ્યવસાયમાં તો અહીં ઘણી ચડતીપડતી આવી ગઈ છે. મૂળ તેજાનાની ખેતી માટે અહીંનો વસવાટ શરૂ થયો. અહીંના 'ડબલ કોકોનટ'ની નિકાસમાંથી પણ સારી આવક થઈ. વેનિલાની ખેતી તો

એટલી બધી વિકસી કે તેની છતને લીધે પછી તેનું બજાર સાવ પડી ભાંગ્યું. આ સિવાય, નારિયેળ, સાબુ, કોપરેલ, રબ્બર, કોકો, કેળાં, કૉફી, તમાકુ, ખાંડ, માછલાં, ચોખા, ઇમારતી લાકડું, દારૂની ફદ ઇત્યાદિ અનેક પ્રકારની નિકાસ આ ટાપુઓએ કરી છે. જ્યારે આયાતમાં કાપડ વગેરે સુતરાઉ ચીજો, લોખંડી સામાન, ચોખા, ખાંડ, લોટ, પગરખાં, દારૂ, તમાકુ, યંત્રો ઇત્યાદિને મૂકી શકાય. અહીંનો વેપાર મોટે ભાગે બ્રિટિશ રાજ્યોમાં, ચલણ મુખ્ય હિંદી રૂપિયાનું અને પરચૂરણ ચલણ મોરેશ્યસ સિક્કાઓનું.

આજની અનેક ઉપાધિઓવાળી જિંદગીમાં તો આ ટાપુઓ વસવાટ માટે સ્વર્ગ જેવા લાગે. અહીં હવામાન તંદુરસ્તીભર્યું છે, પ્રકૃતિ રંગસભર, જીવન-ધોરણ ઘણું સસ્તું, લોકો સંતોષી. દરિયામાં દૂર એકાંતે પડેલા આ ટાપુઓને બહારની દુનિયાની જાણે કશી ચિંતા નહિ. અરે, ખુદ આ સમૂહના જ ટાપુઓ એકમીજાથી માઇલો દૂર આવેલા છે. વસતિ પણ ૧૯૨૬માં લગભગ ૩૬,૦૦૦ની જ હતી.

અહીંની નિરાળી દુનિયાની વનસ્પતિ તથા જીવસૃષ્ટિ પણ એવી જ કહી શકાય. વનસ્પતિઓમાં એંશી રતલના ફળવાળી ‘ડબલ કોકોનટ’ની જાત ખાસ નોંધપાત્ર છે. ટાપુવાસીઓ અગાઉ તો એ ફળમાંથી સારી કમાણી કરતા, પણ પછી તેની નિકાસના અતિરેકથી તેનું મૂલ્ય ઘણું ઘટી ગયું. આ ફળ માત્ર પ્રેસલિન ટાપુ પર જ થાય છે, અને જે વિસ્તારમાં એ થાય છે ત્યાં વહેમને લીધે કોઈ પણ માણસે હજી સુધી કદી રાત ગાળી નથી! અલદાબ્રામાં, બીજે ક્યાં ય જોવા નહિ મળતા એવા વિશાળકાય કાચબા થાય છે. એ જ રીતે કાળા પોપટ પણ આ ટાપુઓમાં જ જોવા મળે છે.

પરવાળાના ખડકોથી વીંટળાએલા ગ્રૅનાઈટના બંધારણવાળા આ ટાપુઓ વિષે વિદ્વાનોનો અભિપ્રાય છે કે આ વિસ્તાર હજારો વર્ષો પૂર્વે મહાસાગરોમાં ડૂબી ગએલા ગૉન્ડવાના લૅન્ડનો એકમાત્ર અવશેષ છે. આજે પણ આ ટાપુઓની કંઠાર દરિયામાં છેક ૫૦ ફૅધમ સુધી ઊંડી ગએલી જોવા મળે છે.

શહેર ગણી શકાય એવું તો માત્ર એક વિક્ટોરિયા જ. બાણું ટાપુઓના બનેલા આ બ્રિટિશ ક્રાઉન કૉલોનીનું એ રાજધાનીનું મથક છે. એક્ઝિક્યુટિવ ને લેજિસ્લેટિવ કાઉન્સિલની મદદથી અંગ્રેજ ગવર્નર અહીંનો વહીવટ સંભાળે છે. કેળવણી મફત, પણ ફરજિયાત નહિ. વસતિવાળા બધા ટાપુઓ પર પાકી સડકો છે.

આજે તો હવે આ ટાપુઓનો વિકાસ સાધવા અનેક યોજનાઓ ચાલી રહી છે. તેનાં ઉત્પાદનો અને તેની નિકાસ વધારવા સાથે આ ટાપુઓને સુંદર પ્રવાસસ્થાન તરીકે વિકસાવાઇ રહ્યા છે.

એક પટલાણી દૂઝાણામાંથી જેટલું માખણ વધતું તેટલું એક મોદીને વેચી દેતાં. એક વાર પટલાણી કોઈ ચીજ ખરીદવા મોદીને ત્યાં ગયાં ત્યારે મોદીએ કહ્યું. ‘તમે કાલે એક શેર માખણ મોકલ્યું તે પૂરું શેર નહોતું—થોડું એ છું હતું.’

પટલાણી: ‘એમ કે? જો થઈ છે! કાલ મારા રામલાએ શેરિયાનું તોલું ખોઈ નાખેલું, એટલે તમે મને કાલ શેર ખાંડ મોકલેલી ને, તેની સામે જ મેં એ માખણ જોખીને સમતોલે મોકલેલું.’

મંજુલા: શું લાગ્યો, વિષ્ણુ? ઓ...હો? વાનગી તરીકે તે કાંઇ આટલાં બધાં ગુલાબજાંબુ મોકલાય? કેટલાં—(ગણીને) વીસ થયાં. કહીશ તારાં બાને. આજ સાંજે કથામાં મળવાનાં છે.

વિષ્ણુ: તો મહેરબાની કરીને કહેજો કે પચ્ચીસ હતાં.

મારી પહેલી વાર્તા



લેખક
મહેશ ચોકસી

‘માણસે પોતાની કદર કરાવવી હોય તો મરી જવું જોઇએ!’ વ્યંગમાં ઘણી વાર સગુણરાય આવું કે’તા; કારણ કે આપણા સમાજમાં મૃત્યુ પછી જ કદર જેવું કાંઈક થાય છે. કૂતરાથી માંડીને કવિ સુધીનાં બધાંયને આપણે આ રીતે મૃત્યુ પછી જ બિરદાવીએ છીએ. આ મહિને ઊજવાતી સગુણરાયની મૃત્યુજયંતી નિમિત્તે મને પણ એમને બિરદાવવાની ફરમાએશ થઈ.

સગુણરાયની બાબતમાં પણ આવું બન્યું છે એમ કહું તો હું ખોટો ઠરું, કેમકે ૧૯૫૫માં એમના ‘વાતડાહ્યા’ને વર્ષના શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ તરીકે સુવર્ણચન્દ્રક આપવામાં આવ્યો હતો. છતાં ય હું માનું છું કે સર્જકના જીવનના અંતરંગને સમજ્યા વગર માત્ર તેના સર્જનની કદર કરવી એ પણ બિકદરદાની જેવું જ છે. આખરે તો સર્જન માટેની સામગ્રી જીવનમાંથી જ સાંપડે છે. મારા આ મંતવ્યને આધારે હું તો એમના જીવન વિષે જ લખીશ. ઠીક લાગે તો છાપશો.

છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન હું એમના નિકટના પરિચયમાં આવ્યો; અને મને તો એમના સાહિત્ય કરતાં એમનું જીવન જ વધારે પ્રેરક લાગ્યું. એમાંથી સગુણરાયના જીવનની એક ઘટનાને હું મારી રીતે રજૂ કરીશ; કારણ કે લખવાની મને ફાવટ નથી. હકીકતમાં, હું લેખક નથી......લો ને! એ જ વાક્યથી શરૂઆત કરું.

*

હું લેખક નથી એમ કહું છું ત્યારે મહેશ એને રમૂજ સમજતો લાગે છે. એને કદાચ એમ હશે કે હું નમ્રતા દાખવું છું! એ તો કહે છે કે મને સુવર્ણચન્દ્રક મળ્યો એટલે મારું જીવતર ધન્ય થઈ ગયું. માત્ર હું જ જાણું છું કે મારે મન આ ચન્દ્રકનું મૂલ્ય નહિવત્ છે. આજે હવે હું લેખક નથી રહ્યો, પણ મારાં અસંખ્ય પાત્રોની જેમ એક પાત્ર જ બની ગયો છું. મારાં પાત્રોની પરિસ્થિતિ હું ગૂંચવતો અને ઉકેલતો; આજે મારા જ જીવનમાં ગૂંચ પડી છે ને ઉકેલ જડતો નથી;–અને હું જીવનનો જાણકાર લેખક મનાઉં છું! મહેશ છે, પણ એ શું કરી શકે? ઔપચારિક મનોદશામાં ઊછરીને એ યે આશ્વાસન આપતો થઈ ગયો છે!

‘મહેશ!’

‘જી...આ રહ્યો.’

‘એક કામ કર. મને પાત્ર બનાવીને તું એક વાર્તા લખ...તો મને કાંઈક શાંતિ વળશે.’

‘લખું, આવડે એવું; પણ તમે સ્વસ્થ થાઓ તો સારું.’

આ પણ હતું તો આશ્વાસન જ; આશ્વાસનનો જ પ્રકાર હતો. જોકે, મારે ખાતર મહેશ ગમે તે કરવા તૈયાર હતો. પણ એ વાર્તા લખશે શાની? મારા જીવન વિષે તો એ કશું જાણતો નથી. પણ આમ તો ત્યારે હું ય મારા જીવન વિષે ક્યાં કશું જાણતો હતો!...હજુ ય શું જાણું છું? જીવન પણ કોઈ ચીજ છે! રિસાએલી વહુ સારી; પણ

આ જિંદગી?! નથી પિયેર જતી, નથી સાસરે આવતી! અને આ પરણવાના પ્રશ્નમાં જ દરેકની કસોટી થતી લાગે છે.

~

'તું ઉમાને જ પરણીશ ત્યારે?'

'મેં વચન આપ્યું છે, બાપુજી.'

'પણ તું મારો તો વિચાર કર.'

'તમે ઊલટું સમજો છો, બાપુજી. હું તો તમને જ અનુસરું છું. તમે સાહિત્યમાં કર્યું, મારે જીવનમાં કરવું છે. તમે જ્યાંથી અટક્યા ત્યાંથી મારે આગળ ચાલવું છે. હું તો તમને ગૌરવ અપાવું છું.'

ગૌરવ અપાવે એવા શબ્દો તો હતા જ, પણ અત્યારે હું લેખક નો'તો, બાપ હતો.

'મરકન્દ, સાહિત્ય અને જીવન બે જુદાજુદા રસ્તા છે. આવી ઘેલછા જવા દે!'

'એ ઘેલછા નથી, બાપુજી. બને તો મારે સાહિત્યને જીવનમાં લઈ જવું છે અને જીવનને સાહિત્યમાં લાવવું છે.'

મરકન્દનો વાંસો થાબડવાનું મન તો થયું;...પણ હું જ દ્વિધામાં હતો. આજે આદર્શનો પુરસ્કાર કરવાનું પાલવે તેમ નો'તું. અત્યારે તો બાપ તરીકે મારે વ્યવહારુ ડાહપણ બતાવવાની હતી.

'તને વધુ તો શું કહું મરકન્દ, પણ આમાં તારું હિત નથી. આપણે ય સમાજમાં રહેવું તો છે જ. આજે તારી મા હોત તો તને...'

મનમાં ખાતરી હતી કે ફાવવાનો નથી, છતાં ચીલાચાલુ દલીલ કરી તો ખરી.

'એ હોત તો સારું થાત...મારું હિત તો સમજત.'

'મરકન્દ, મેં એવું રાખ્યું નથી...ને તારી બાના જેટલું જ—જેવું જ તારું હિત હું સમજું છું.' મેં વાતને લાગણીની ભૂમિકા ઉપર ખેંચી.

'એવું નથી, બાપુજી મને લાગે છે એટલા માટે, કે તમે સાહિત્યમાં જેવું લખો છો તેવું જીવનમાં મૂકતા નથી, મૂકવા દેતા ય નથી. તમારાં પાત્રો પાસે તો તમે સમાજમાં બંડ કરાવો છો, અને મને તમે કેવી સલાહ આપો છો?!'

'પણ મરકન્દ, તું મારું પાત્ર નથી, મારો પુત્ર છે.'

'એટલે જ હું ઉમાને પરણવા માગું છું....તમારો પુત્ર છું એટલે જ.'

મારા પાત્રો યે આવું નથી બોલતાં. લેખક તરીકે હું હાર્યો; પણ મારે તો બાપ તરીકે જીતવાનું હતું. જીતવા માટે તો ગમે તે વ્યૂહ રચવો પડે.

'પણ ઉમા તો...નથી ન્યાતની, નથી ઘરબાર; પાછી પંતુજીની છોકરી, એટલે લાવે યે...'

'બસ, બાપુજી. સમજી ગયો—તમને કઈ વસ્તુ ખૂંચે છે તે. અત્યારે તમને એ પંતુજી ઉપર તિરસ્કાર આવે છે? તમારી વાર્તાઓમા તો તમે એને આદર્શ પાત્ર તરીકે ચીતરો છો. તમારી નજર જ સાંકડી છે... ના, હવે મને બોલી લેવા દો. તમે ઊઠીને પણ પૈસાને અને સામાજિક મોભાને કેવું મહત્ત્વ આપો છો! તમારામાં જ નૈતિક હિંમત નથી. તમે—તમે વાતડાહ્યા જ છો.'

હાર હવે હાથવેંતમાં હતી. છતાં યે થયું, છેલ્લો પાસો:

'મરકન્દ, એટલું તો વિચાર...તારું અહિત હું કરું?...હું તો તારો બાપ છું.'

'પણ એ રીતે તો...હું તમારો પુત્ર નથી!'

લેખક હાર્યો અને બાપ પણ હાર્યો. સંબંધ બાંધતાં વાર લાગે છે, તોડતાં વાર લાગતી નથી. રડું કે હસું એની ય સૂઝ પડતી નથી. આજ સુધી વાર્તાઓ લખી, પણ આવું સંવેદન આવતું નો'તું. વર્તમાન જીવનમાં જ્યારે આવી મૂંઝવણ થાય છે ત્યારે ભૂતકાળ સાંભરે છે, જીવેલું જીવન જીવવાનું મન થાય છે. એ રીતે ય વર્તમાનમાં જીવવાની અશક્તિ સાલતી નથી.

~

'મહેશ...લે, આ વાંચ. મારા જીવનની એ ડાયરી છે: હું રાજકોટમાં હતો ત્યારની, લગભગ પચ્ચીસ વર્ષ પહેલાંની. મારે જાણવું છે, હું કેવી રીતે જીવ્યો'તો.'

"...ગઈ કાલે વાસંતી આવી. છે તો મારી વિદ્યાર્થિની, પણ જાણે મારી જ પરીક્ષા લેવા ન આવી હોય! સમાજે લાદેલું વૈધવ્ય એણે સ્વીકાર્યું નથી. એને કોઈ વિધવા ધારે જ નહિ. એણે તો માતૃત્વનો ખિતાબ પોતાની મેળે મેળવી લીધો છે. એનો માર્ગ ઉચિત કેટલો એ પ્રશ્ન છે, પણ એણે આ ઇરાદાપૂર્વક કર્યું છે કે કોઇએ તેને આ રસ્તે દોરી છે એ ખબર પડી નથી. એ માત્ર સલાહ માગે છે, માંડીને વાત કરતી નથી. ગમે તેમ, હું તો લેખક છું. નીતિ પછી, માનવતા પહેલી. અને માનવતાને કોણ અનીતિ કહેશે? એનો એકરાર જ બતાવે છે કે તેને મારામાં ખૂબ વિશ્વાસ છે. છતાં સલાહ આપવી સહેલી નથી. એને વિધવા તરીકે મરવું છે ને મા તરીકે જીવવું છે–બાળકને જતું કરવા એ તૈયાર નથી. એ સલાહ તો હું પણ ન આપું; હું ય લેખક છું.

મેં વાસંતીને એ વ્યક્તિની સાથે જ પરણી જવાની સલાહ આપી ત્યારે એ ખૂબ રડી. એણે શાળાના આચાર્યનું નામ લીધું. આશા જતી રહી. પ્રતિષ્ઠિત માણસ, અને પાછો પરણેલો. પારકી સ્ત્રીનો ભવ બગાડે: બીજી કશી એની પહોંચ નહિ. વાસંતી તો મરવા તૈયાર થઇ. મારો માર્ગ ચોખ્ખો જ છે. મારે જ વાસંતીનો સ્વીકાર કરવો. હું આઘોપાછો થાઉં તો મારે જ બે જીવોની હત્યા જોવી પડે. પાપ ન કરીએ તે સારું; પણ પુણ્ય કરવાની તક જવા દેવી એ પણ પાપ કરવા જેવું જ છે ને? અને વાસંતીએ મને વાત કરી છે એમાં આડકતરી રીતે તો મદદ જ માગી લાગે છે. વાસંતીના સ્વીકારની વાત સહેલી તો નથી જ. પાપ કરવાનું મન બધાયને થાય છે—પાપનું આકર્ષણ જ એવું છે ને! પણ એ પાપનું પરિણામ ભોગવવા કોઈ તૈયાર નથી; એ યે હિંમતવાળાનું કામ. પાપીઓમાં હવે ભડવીર નથી રહ્યા. સમાજની આ બદીને ય શું કહેવું? ઊજળો ધારીને શિક્ષકનો ધંધો લીધો તો અહીં તો બધાને પાછા પાડે એવું છે! આમ, ગાધી–વૈદના સહિયારા જેવું લાગે છે. સમાજમાં બદીઓ છે એટલે ધંધા ચાલે છે અને સમાજના ધંધાઓને લીધે બદીઓ ફાલે છે. એટલું જ નહિ, બદી અને ધંધો બે એક જ બના ગયાં છે; બે વચ્ચે તફાવત પાડવો મુશ્કેલ છે!

પાપ કરનારા—પોષનારા ઘણા છે, પણ એને જીરવનારા કેટલા? માણસના સ્વભાવની પાપવૃત્તિ તો જવાની જ નહિ. આજની ધંધાદારી મનોવૃત્તિ એ પાપવૃત્તિ વધુ બહેકાવશે, કારણ માણસ પાપ કરે છે તો જ આ ધંધા ચાલે છે. ત્યારે આ પાપના ઢગલાનું શું? બીજું તો ઠીક, પણ એકાદ જણના પાપને હું જીરવી શકીશ એટલો સંતોષ છે.

અનીતિને મર્યાદા હોય છે એમ માનતો'તો. પણ નીતિને ય મર્યાદા નડે છે એ હવે સમજાયું. પાપ ઉગારવા જતાં હું જ પાપીમાં ખપીશ એ દેખીતું હતું. પણ મને તો લાગે છે કે પાપ ઉગારવા જેવું બીજું એકે ય પુણ્ય નથી. ઝેર પીધું છે તો પછી કંઠ લીલો પડશે એનો ભય શો?..."

આટલું સાંભળીને મને સંતોષ થયો કે મકરન્દ કહી ગયો તેમ હું સાવ વાતડાહ્યો નો'તો. મહેશ તો કહે છે કે મારે આ બધું મકરન્દને જણાવી દેવું, હું બેધડક સલાહમાં માનતો નથી. હજુ એવો વખત પાક્યો નથી. મારું કામ અધૂરું છે, એ હું જાણું છું.

'લે મહેશ, આ વાંચ... આજે તો હવે ઉપાડયું છે ત્યારે પૂરું જ કર.'

'આ તો લગભગ પાંચ વર્ષ પછીનું છે.'

'વાસંતીને લઈ અમદાવાદ આવ્યો તેની નોંધ છે એ. વાંચ હવે.'

''વાસંતીની માંદગી ગંભીર બનતી જાય છે. સુવાવડ એને સદી નથી, વાસંતીને ખુશ રાખવા બધું જ કરું છું, પણ એને અજંપો મટતો નથી. એ માને છે કે એણે મને દુઃખી કર્યો. દિલાસાની કોઈ વાત માનતી નથી. સ્ત્રીનો જીવ, કેટલું સહન કરે? હું જ કોક વાર હારી જાઉં છું. મકરન્દ જ એનું આશ્વાસન છે; એને લીધે તો હેરાન થઈ, છતાં એનું મમત્વ ઘટતું નથી. માતા છે ને? સ્ત્રીના આ અંતરંગને શું કહેવું?

હમણાંથી કશું લખાતું નથી, પણ અમારે તો જીવન અને સાહિત્ય એક થઈ ગયાં છે. દરેક દિવસ તંગ અવસ્થામાં પસાર થાય છે.

અઠવાડિયું ગયું, વાસંતીની સ્થિતિ બગડી છે. આજે છેલ્લો દિવસ લાગે છે. ન પાણી કે દવા. વાસંતી જશે એ નક્કી જેવું છે. એના મૃત્યુની વાત ટાળવા કેટલું કર્યું? પણ આજે એ વધુ અશાંત છે.

'હવે બધું રહેવા દો... થોડી વધારે હેરાનગતી. જતાં પહેલાં મકરન્દ હું તમને સોંપતી જાઉં છું.'

'પણ એ તો વગર કીધે જ... તું અહીં આવી ત્યારથી જ... મારો જ... એ મારો પુત્ર જ છે.'

'અત્યારે તો છે... હું જાઉં પછી...'

'વાસંતી, તું નચિંત રહે.'

'માઠું ન લગાડશો... અભાગિયો જીવ છે મારો... ને મરવા પડી છું... વચન આપો... બીજું લગન નહિ કરો... ને...'

વાસંતીના આ શબ્દો આખરી હતા એની ખાતરી થવા લાગી. એ તો આવો અવિશ્વાસ ન મૂકે. આમે ય હવે પરણવાની કોઈ લાલસા નથી. વાસંતીનું ઘર માંડીને જે સુખ મેળવ્યું છે તે પૂરતું છે. એની સાથે શરીર-સંબંધ બાંધ્યો નથી, છતાં આ ગૃહસ્થી જીવનમાં મેં સુખ જ મેળવ્યું છે. આમ તો આવી સરખામણી જ નિરર્થક છે. દુઃખના જેમ સુખ પણ ઉત્કટ લાગણી છે; તે બીજા સુખ સાથે સરખાવાય જ નહિ.

'...ને મકરન્દને સાચવજો.'

'વાસંતી... હું તો એનો બાપ છું.'

'જોજો... એ રખડી ન પડે... નમાયા તરીકે. એને સારું ઘર... કોઈ સારી ઘરરખ્ખુ છોકરી જોઈ પરણાવજો: એને મારી જેમ સંભાળે એવી ...ને એને વેલોવંશ વિસ્તરે... એ જ મારો વંશ... એટલા સારુ તો જીવી છું, વચન આપો.'

'વાસંતી! શું થયું છે?'

'મકરન્દ મારું સર્વસ્વ છે... તમને બાંધતી જાઉં છું.'

'વચન... મકરન્દ મારું પણ સર્વસ્વ છે.'

વાસંતીએ એ વચન ને વાક્ય સાંભળ્યાં કે કેમ એ શી ખબર? પણ હું તો બંધાઈ ચૂકયો હતો. પાંચ વર્ષના ગૃહસ્થી જીવન પછી હું તો પાછો હતો તેવો જ રહ્યો...''

~

મારો લખેલો ભૂતકાળ મહેશે મારી સમક્ષ વાંચી સંભળાવ્યો એટલે મને પ્રેરણા મળી. હું ખોટો તો ના'તો જ. પણ ખરી મુશ્કેલી જ હવે હતી.

'...અને સગુણરાય, તમે આ બધું મકરન્દને નહિ કહો તો વાસંતી-બહેનને આપેલા વચનનું શું?'

મારી મુશ્કેલી પણ આ જ હતી. મકરન્દ ઉમા સાથે પરણે તેનો મને આમ તો કશો વાંધો ન હતો; મેં તો માત્ર પ્રયત્ન ખાતર જ દલીલો કરી હતી. પણ મારે વાસંતીનું વચન પાળવાનું હતું. મકરન્દને મારે સુખી અને સ્થિર ગૃહસ્થ બનાવવો હતો. મકરન્દનું જીવન રોળાઈ જાય તો... મારું આટલું જીવ્યું એળે જ જાય. પણ એણે તો શરૂઆત કરી દીધી છે, સગાઈ તો તોડી, પણ ઘરે ય છોડયું.

'એમ કરીએ, સગુણરાય: મકરન્દની તપાસ કરી, બધી વાત કરી એને સમજાવીએ.'

મહેશનું સૂચન મને ગોઠતું નથી. હું બીજી રીતે વિચારું છું. મકરન્દે જ સમજવું જોઇતું હતું કે હું એનો બાપ હતો, અને ભૂલ તો એની થતી હતી. બાપ તરીકે મેં માત્ર ભાગ જ ભજવ્યો'તો એ મારે જણાવવું નથી; એ રીતે મારે એને ઉપકારમાં નાખવો નથી. ધારત તો હું એને મોઢે કહી શકત કે હું તારો બાપ નથી.

મકરન્દના પાલક તરીકે નહિ, પિતા તરીકે જ મારે જીવવું છે. એ ભલે આજે અસ્વીકાર કરે, કોક દિવસ ભૂલ સમજશે તો ઠીક.

કોઈ ઉપાય નથી. આ તો મારી શ્રદ્ધાનો વિષય છે. કેટલી આશા-થી વિટંબનાઓમાં જીવ્યો છું. સગો દીકરો આમ કહીને ચાલ્યો ગયો હોત તો ના લાગત; મકરન્દમાં તો મેં મારું સર્વસ્વ રેડયું છે. મારે તો એ જોઇએ છે કે મકરન્દ આપમેળે જ મને પિતા તરીકે સ્વીકારે અને વાસંતીનું વચન પણ પળાય. એ બે કેમ બનશે?

'શું છે, મહેશ?'

'કાગળ છે. મકરન્દનો લાગે છે. સાંભળો, કદાચ પાછો આવતો હશે!'

''પૂજ્ય પિતાજી, જે કાંઈ બોલ્યો છું એ બદલ માફી માગું છું. છેલ્લી વિદાય વખતે તમારા આશીર્વાદ માગવાના રહી ગયા છે. આ પત્ર મારફત તમારા તથા મહેશકાકાના આશિષ માગું છું.

બીજું, રૂબરૂમાં જે કહેવું હતું તે ન કહી શક્યો. ઊલટું આડુંઅવળું ઘણું બોલી ગયો. એ કહેવા આ લખું છું. તમે જેનો વિરોધ કરતા હતા તે ઉમા સગર્ભા હતી. મેં એટલે જ એનો સ્વીકાર કર્યો. જે કાંઈ બોલ્યો હતો તે આને અનુલક્ષીને. બોલ્યા પ્રમાણે હું વર્તી શક્યો છું. આટલી વિટંબના માફ કરશો ને રોષ ન લાવશો. ઉમાએ પ્રણામ લખાવ્યા છે.''

'સગુણરાય, આણે તો તમારા જેવું જ કર્યું!'

'આખરે તો મારો દીકરો છે ને?'

મને તો લાગ્યું'તું કે સંબંધ તૂટયો હતો; પણ આ તો મજબૂત થયો! એણે મને બાપ તરીકે સ્વીકાર્યો, મેં એને દીકરા તરીકે સ્વીકાર્યો; ને વાસંતીનું યે તર્પણ થયું.

'ખરી કરી આણે તો, મહેશ! આ તો વાર્તા જેવું થયું!'

'તમે મને લખવાનું કે'તા'તા ને?... હવે ઠીક ફાવશે મન.'

'ના, મહેશ; હવે લખવાની જરૂર નથી. જે જીવન જીવવા ન મળે તેની વાર્તા લખાય...... હું તો જીવ્યો... એ આનંદ જ બસ છે.'


~

અતિદુઃખ જ માણસને મારી નાખે છે એવું નથી, અતિશય સુખ પણ માણસના જીવનને સમેટી લે છે. સગુણરાય આ પ્રસંગ પછી ઝાઝું જ જીવ્યા. એમના મરણ પછી મારા હાથમાં જે ટાંચણ આવ્યું તેનું આ પરિણામ. સગુણરાયના જીવન વિષેની આમ તો આ પહેલ-વહેલી જ વાત છે; મારી પણ આ પહેલી વાર્તા જ છે. સગુણરાયની અનિચ્છા છતાં, એમાંથી જે પ્રેરણા મળે તેવી છે તે નિમિત્તે જ આ લખી મોકલી છે.

'આકાશવાણી' (અમદાવાદ) પરથી પ્રસારિત રેડિયો-રૂપકનું ફેરફારવાળું વાર્તા-રૂપાંતર.

જગતને અનન્યસાધારણ કલાનાં મહામંદિરો આપી જનાર

ખ્મેર સામ્રાજ્યનો સુવર્ણયુગ




આજથી લગભગ સો વરસ ઉપર, હાંરી મૉહૉત નામનો એક ફ્રેન્ચ વનસ્પતિશાસ્ત્રી, કમ્બોડિયા (કંબોજ)માં મેકૉંગ નદીના તીરપ્રાંતોમાં આવેલાં ગાઢ-વિરાટ જંગલોના પેટાળમાં છુપાએલાં પ્રાચીન નગરોની દંતકથાઓ પરથી એની ભાળ કાઢવા એ અંધારાં અરણ્યો ખૂંદતો હતો, ત્યાં એક સવારે તેની નજરે એક અદ્ભુત દૃશ્ય પડ્યું. ઘાટી વનરાજિના એ ઘૂઘવતા સાગરની ઉપર થઈને કોઈ ભવ્ય આલીશાં શિખરો ડોકાઈ રહ્યાં હતાં! મૉહૉતે, આજ સુધી જગતથી અંધારામાં રહેલી શિલ્પ અને સ્થાપત્યના મુકુટમણિ સમી, પ્રાચીન ખ્મેર સામ્રાજ્ય (૯મીથી ૧૫મી સદી)ના પાટનગરી અંકોર શોધી કાઢી હતી.

પણ એ ખંડિયેરો ઉપર જંગલનાં જાળાંનું એટલું તો ભીષણ આક્રમણ થયું હતું કે તેની સાફસૂફી કરીને પૂરો અભ્યાસ કરી રહેતાં પુરાતત્ત્વવિદોને બીજા ત્રણચાર દાયકા નીકળી ગયા. તેને અંતે તેમને જણાયું કે ત્યાં લગભગ એક હજાર એકરને આવરીને પડેલાં વીસેક મહામંદિરો હતાં. ધીમેધીમે તેમણે તેમાંથી કંબોજના એ મહારાજ્યની આખી ઈતિહાસકથાની સંકલના કરી અને અનન્યસાધારણ એકતાનતા ધરાવતી ત્યાંની ખ્મેર કલાની વિકાસકથા પણ શોધી કાઢી.

આ લેખમાં એ ઇતિહાસની રૂપરેખા આપવામાં આવી છે. આવતા અંકમાં એ કલાનો વિસ્તૃત પરિચય આપણે કરીશું.–સં૦

લેખન અને ફોટોકલા
નવનીત પારેખ

ઉભાજી પાટનગરી ફ્નોમ-પેન્હથી અમે વાયવ્યે ઊડી રહ્યા હતા. તોન્લે-સૅપ નદી પર થઈને વિમાન કંબોજના મહાસરોવર પર આવ્યું. આ સરોવર ૭૦ માઈલથી પણ વધારે લાંબુ છે અને કેટલી યે નાનીમોટી સરિતાઓ તેમાં આત્મસમર્પણ કરીને વિલીન થઈ જાય છે; જ્યારે તોન્લે-સૅપ નદીનો ઊગમ પણ આ સરોવરમાંથી જ થાય છે.



અંકોર-થોમનું માનચિત્ર : નીચલે જમણે ખૂણે આવેલા અંકોર-વાટના મહામંદિરની ઉત્તરે તેનાથી એક માઈલ ઉત્તરે અંકોર-થોમનું વિશાળ મંદિર-નગર આવેલું હતું, જેને પાંચ મહાદ્વાર તથા મધ્યમાં 'બાયોન'નો મંદિર-ગિરિ હતો.

પરંતુ મારું ચિત્ત તો મંદિરમણિ અંકોર-વાટનાં દર્શન માટે તલપાપડ થઈ રહ્યું હતું. ઠેઠ કલાકે વિમાને અવરોહણ શરૂ કર્યું. વિમાનના ગવાક્ષમાંથી ચારે આંખે (ચશ્માની બે ગણતાં) નીચે દૃષ્ટિ લંબાવી.

અંકોરનું વિહંગદર્શન

કંબોજ-પ્રદેશની ગીચ વનરાજિ વચ્ચેથી અંકોર-વાટનું ભવ્ય, પ્રમાણબદ્ધ, વિરાટ મંદિર ઉન્નત મસ્તકે, કોઈ ગજેન્દ્રની ચાલે અમારી નજીક આવી રહ્યું હતું. ચાર ખૂણે આવેલાં તેનાં ચાર નાનાં શિખરોએ ઊંચકેલી પાલખીમાં બિરાજીને મધ્યનું ઉત્તુંગ મહા-શિખર જાણે રાજવી સવારીમાં આગળ વધી રહ્યું હતું. ગરુડ જેવા અમારા વિમાને અંકોર-મંદિરના અધિષ્ઠાતા દેવ વિષ્ણુની પ્રદક્ષિણા કરી. હિલોળા લેતાં વૃક્ષોના નીલ સાગર વચ્ચે કોઈ દ્વીપ સમું આ મંદિર સોહતું હતું. વાસ્તવિકરૂપે પણ આ સમચોરસ મંદિર-પ્રદેશને ફરતી વિશાળ, ઊંડી, પાણીથી છલોછલ ખાઈ છે, જેને લીધે આ મંદિર-વિસ્તાર દ્વીપાકાર બની ગયો છે. ખાઈમાં અસંખ્ય કમળ ખીલ્યાં હતાં—વિષ્ણુની નાભિમાંથી તો કમળ જ ખીલે ને!

સીમ-રીપ

જોતજોતાંમાં અમે સીમ-રીપના મથકે 'લાંગર્યા', ને ઍર-પૉર્ટથી 'ગ્રાન્ડ હૉટેલ દ અંકોર' પર આવ્યા. સીમ-રીપ તો એક નાનું ગામ માત્ર છે, એટલે અહીં સારી, સુઘડ હૉટેલ તો આ ફ્રેન્ચ વહીવટની



શ્રી ચેટ્ટીઆર

ગ્રાન્ડ હોટેલ જ હતી. સીમ-રીપ ગામમાં ચાળીસેક વર્ષથી એક તમિળ વ્યાપારી રહે છે. તેમનું નામ શ્રી ચેટ્ટી-આર. ગામમાં 'તિરુપતી' નામે દુકાન ચલાવે છે અને અહીં કંબોજી સ્ત્રીને પરણ્યા છે. દુર્ભાગ્યે ભારતથી કવચિત જ કોઈ રડચોખડચો 'ધૂની' પ્રવાસી અહીંના જંગલમાં વિખરાએલા પ્રાચીન અવશેષો જોવા આવતો હોવાથી શ્રી ચેટ્ટીઆર તેને અચૂક મળે છે. બપોરનું ભોજન પતાવીને હું મીઠી સોપારી ચાવતો હતો ત્યાં શ્રી ચેટ્ટીઆર મારી સામે આવીને ઊભા. તેમને અંગ્રેજી પણ જૂજ આવડે અને હિંદી પણ ભાંગ્યુંતૂટ્યુ. મારું ફ્રેન્ચ તથા તમિળનું જ્ઞાન તો શૂન્યવત્! આ સંજોગોમાં અમારું સંસ્કૃતનું અલ્પ જ્ઞાન પણ સંભાષણનો સેતુ બની ગયું! કોણ કહે છે કે સંસ્કૃત એ મૃત ભાષા છે?

ચેટ્ટીઆરની સહાયથી સૌ પ્રથમ તો અંકોરના સંરક્ષક (કૉન્ઝર્વેટર) શ્રી જ઼ાઁ લાઉરનો સંપર્ક સાધ્યો. આ ફ્રેન્ચ પુરાતત્ત્વવિદ્‌ને કંબોજી સરકારે અંકોરભરનાં બધાં મંદિરો—અવશેષોની સંભાળ માટે નીમ્યા છે. અગાઉથી જ તેમની સાથે પત્રવ્યવહાર થયો હોઈ અમારી મૈત્રી ઝટ બંધાઈ ગઈ. મારી ઉત્કટ નિષ્ઠાને પિછાણીને તેમણે અંકોરના મહાનગરનો તેમજ પ્રાચીન ખ્મેર સામ્રાજ્યનો ઇતિહાસ કહ્યો તથા અહીંનાં વિવિધ મંદિર-મહાલયોનાં શિલ્પસ્થાપત્ય અને તેમાં આલેખાએલા અનેક પ્રસંગો તથા પ્રતિમાઓ ઝીણવટથી સમજાવ્યાં.

આદ્ય સંસ્થાપક કૌન્ડિન્ય


પ્રાગૈતિહાસિક કાળથી જ ભારતના સાહસિક લોકો આ સમૃદ્ધ ભૂમિમાં આવીને વસેલા. પરંતુ કંબોજી ઇતિહાસ તો ઈ. સ. પૂર્વેની પહેલી શતાબ્દીથી જ શરૂ થાય છે. કંબોજની અર્ધઐતિહાસિક લોકકથા વર્ણવે છે કે પૂરાં બે હજાર વર્ષ અગાઉ ભારતના કુમેરુ ગામમાં કૌન્ડિન્ય નામના પ્રતાપી, યુવાન બ્રાહ્મણ રહેતા હતા. વેદવેદાંગ તથા ચોસઠ કળામાં તે પારંગત હતા. એક રાત્રે તેમને સ્વપ્નમાં દિવ્ય આદેશ મળ્યો કે તેમણે સત્વર ધનુષબાણ લઇને પોતાની નૌકામાં પૂર્વ દિશામાં પ્રયાણ કરવું. મહત્ત્વાકાંક્ષી કૌન્ડન્ય તો પૂર્વના સાગરમાં સફર કરતા ચાલ્યા ને હાલના કંબોજદેશના કાંઠા પાસે આવી લાગ્યા. તે વેળાએ આ પ્રદેશમાં એક શૌર્યપૂર્ણ તેમજ રૂપવતી સામ્રાજ્ઞી રાજ્ય કરતી હતી. તેના પ્રજાજનો રાણીને 'શ્રીફલ-પલ્લવી' કહેતા. પોતાની નૌકામાં તે

નીચે : સાયંકાળે અંકોર-વાટનું છાયાચિત્ર


જમણે : કંબોજનું એક લાક્ષણિક ઝૂંપડું (સીએન રીપમાં)


મથાળે : હરિહરાલયનું પુરાતન મંદિર














કંબોજનાં લાક્ષણિક શિલ્પ

મથાળે: બાંટેશ્રી·કંબોજ; જમણી બાજુ ઉપર: વિજયી સમ્રાટ જયવર્મનની સવારી; નીચે: યોદ્ધાઓ-'બાયોન'ના મંદિરમાં આવેલું પ્રલંબ શિલ્પ–એમાં સૈન્યની ભરચક્ક હાર સાથે સમ-તાલ લેતી વૃક્ષ-ડાળીઓની શિલ્પરચના જુઓ.

સામી આવી અને કૌન્ડિન્યને આહ્‌વાન કર્યું. સામસામી તીરંદાજી ચાલી ને અંતે પરાક્રમી કૌન્ડિન્યનો વિજય થયો. કૌન્ડિન્યે આ રાજ્ય તો જીતી લીધું જ પરંતુ સાથે સામ્રાજ્ઞીનું હૃદય પણ. કૌન્ડિન્ય તેમને પરણીને ત્યાંના સમ્રાટ બન્યા ને તે બંનેએ 'ખાધું પીધું ને રાજ કર્યું.'

આ કાંઈ બાળકોને રાત્રે સૂતી વેળાએ કહેવાની કહાણી નથી. આ એક અર્થસૂચક ઐતિહાસિક બીના છે. દક્ષિણ ભારતમાં 'કૌન્ડિન્ય' નામનું બ્રાહ્મણ ગોત્ર છે તે વાતનું શ્રી ચેટ્ટીઆરે સમર્થન કર્યું. કંબોજ તથા ચંપા (વીએટનામ)ના શિલાલેખોમાં પણ આ કથાનો ઉલ્લેખ આવે છે. ચેટ્ટીઆરે વળી જણાવ્યું કે તમિળ સાહિત્યમાં પણ પલ્લવ રાજકુટુંબ માટે આવી જ એક કથા પ્રચલિત હતી, જેમાં અશ્વત્થામા અને અપ્સરા મદનીનાં લગ્ન તથા તે દ્વારા રાજકુટુંબના ઉદ્‌ભવનો પ્રસંગ હતો. વળી ઈ.સનના ત્રીજા સૈકામાં ચીન દેશથી બે રાજદૂતો–કાંગટાઈ તથા ચુયીંગ—કંબોજ આવેલા. સદીઓ અગાઉ ભારત આવેલા ફા-હિયાન તથા હ્યુયેન-સાંગની જેમ આ ચીની યાત્રીઓએ પણ તે સમયના કંબોજનું ઝીણવટથી અવલોકન કરી તેનું રસિક તેમજ વિગત-પૂર્ણ વૃત્તાન્ત લખ્યું હતું. તે વેળાએ આ પ્રદેશ 'ફુનાન' કહેવાતો. તેમણે પણ કૌન્ડિન્ય (હ્યુએન-ટીએન) તથા શ્રીફલ-પલ્લવી (લ્યુ-યે)નાં યુદ્ધ તથા લગ્નની હકીકત લખી હતી.


ફુનાન

કૌન્ડિન્યના વંશજોએ ફુનાન પ્રદેશ પર પાંચસો વર્ષ રાજ્ય કર્યું. દરમ્યાન ભારતથી નવા વસાહતીઓનો પ્રવાહ સતત વહ્યા કરતો હતો. ધર્મોપદેશકોની પાછળ સ્થપતિઓ ને શિલ્પીઓ, સંગીતાચાર્યો ને નૃત્યકારો, કવિઓ ને વણકરો, ખેડૂતો ને વ્યાપારીઓ બધા આવીને અહીંના વન્ય પ્રદેશમાં વસ્યા, જંગલો સાફ કરીને ખેતીવાડી તથા ગોપાલન શરૂ કર્યાં તથા હુન્નરઉદ્યોગો વિકસાવ્યા.

છઠ્ઠી શતાબ્દીમાં ફુનાનની ઉત્તરે આવેલું ચેન્લાનું રાજ્ય પ્રબળ બન્યું હતું. ફુનાનના જ એક રાજકુમાર ભાવવર્મન્ ચેન્લાની રાજકુમા-રીને પરણીને ત્યાંની રાજગાદીએ બેઠા. થોડાં જ વર્ષો પછી ચેન્લાની મોટી સેના સાથે તેમણે ફુનાન પર હલ્લો કર્યો અને ફુનાન જીતી લઇને તેને ચેન્લાના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

ચેન્લા


સમ્રાટ ભાવવર્મન પછી ચિત્રસેન ગાદીએ આવ્યો. તે કાળે ભારત-



↑ હરિહર?–જમણા હાથમાં ત્રિશૂળ તથા ડાબા હાથમાં પદ્મ ધારેલા હરિ-હર. કંબોજમાં બાંટેશ્રીનું એક લાક્ષણિક શિલ્પ

ના કાંચીપુરમમાં મહેન્દ્રવર્મનનું રાજ્ય હતું, તેથી આ ચિત્રસેને પણ રાજ્યાભિષેક સમયે પોતાનું નામ મહેન્દ્રવર્મન રાખ્યું. તેની પછી ઈશાનવર્મન નામના પ્રતાપી રાજા ગાદીએ આવ્યા. તેમણે સામ્રાજ્યનો વિસ્તાર ચંપા રાજ્ય (હાલના વીએટનામ) સુધી વધાર્યો. હાલના સાઈગોન (શિવ-ગાંવ?)નું નામ ત્યારે 'પ્રિયનગર' હતું. ચીની યાત્રીઓના વૃત્તાન્ત અનુસાર તે કાળે ચેન્લાના લોકો ઊંચી સભ્યતાએ પહોંચ્યા હતા. સ્ત્રી-પુરુષો લાંબા વાળનો અંબોડો રાખતાં ને કાને કુંડળ પહેરતાં. રાજધાનીમાં વીસ હજાર કુટુંબો રહેતાં. સમ્રાટ ઇશાનવર્મનનું સિંહાસન સુખડનું બનાવેલું હતું, જેમાં સાત પ્રકારનાં રત્નો જડેલાં હતાં. મહેલના બારસાખ હાથીદાંતના હતા. મહારાજા ગુલાબી રંગની, ઢીંચણ સુધીની સુતરાઉ ધોતી 'ક્રા-પેં' પહેરતા ને મસ્તકે રત્નજડિત મુકુટ. તેમનાં પાદત્રાણ સુખડનાં ને હાથીદાંતનાં બનાવેલાં હતાં ને મહેલમાં એક હજારથી વધુ રક્ષકો ભાલા સાથે પહેરો ભરતા.

ચેન્લાનો વૈભવ બસો વર્ષ સુધી ટક્યો. તે દરમ્યાન જાવામાં શૈલેન્દ્ર રાજાએ નું ભવ્ય, બળવાન મહાસામ્રાજ્ય ફાલ્યું હતું, જેનો વિસ્તાર સુમાત્રા તથા મલય દ્વીપકલ્પને પણ આવરી લેતો હતો. આઠમી શતાબ્દીમાં ચેન્લાના એક મૂર્ખ યુવાન રાજવીએ શૈલેન્દ્રો સાથે વૈર બાંધ્યું પરિણામે જાવી સમ્રાટે ચેન્લા જીત્યું ને તેને શૈલેન્દ્ર-સામ્રાજ્યનું ખંડિયું રાજ્ય બનાવ્યું.





જીવંત કદના હાથીની આ ભવ્ય પ્રતિમા, સમ્રાટ જયવર્મનના સમયમાં કંબોજ પાટનગરમાં વિહરતા સેંકડો ગજરાજોનું સ્મરણ કરાવે છે.

કંબુજ

ચેન્લાના ખંડિયા રાજા જયવર્મને જાવાના શૈલેન્દ્રો પાસે વર્ષો સુધી રાજકારોબારનો અનુભવ મેળવ્યો. ઈ.સ. ૭૯૦માં જયવર્મન ચેન્લા પાછા આવ્યા ને ગાદીએ બેઠા. હાલના અંકોરથી થોડે જ દૂર તેમણે નવી રાજધાની સ્થાપી. તેને નામ આપ્યું 'હરિહરાલય'. આ નામ તે કાળના શૈવ તેમજ વૈષ્ણવ સંપ્રદાયોનું ઐક્ય સૂચવે છે. ઈ.સ. ૮૦૨માં મહારાજા જયવર્મને હરિહરાલયમાં પોતાનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કરાવ્યો ને ભારતથી આવેલા બ્રાહ્મણ પુરોહિત દ્વારા એક મોટો યજ્ઞ તથા સમારોહ કરાવ્યો. તે બહાને તેમણે શૈલેન્દ્ર સામ્રાજ્યનું આધિપત્ય ફગાવી દીધું અને ચેન્લાનું સાર્વભૌમત્વ જાહેર કર્યું. આ રાજ્યારોહણવિધિ તથા યજ્ઞ દ્વારા સમ્રાટ જયવર્મને 'દેવ-રાજા'નું પદ ધારણ કર્યું, જે પ્રણાલિકા તેના પછીના બધા રાજાઓએ ચાલુ રાખી. ખ્મેર-સમ્રાટ હવે ઈશ્વરનો જ અવતાર ગણાવા લાગ્યા. લગભગ બધા જ પ્રતાપી ખ્મેર રાજાએ પોતાના જીવનકાળ દરમ્યાન એકએક મંદિર બાંધ્યું જે તેમના મૃત્યુ પછી તેમનું સમાધિ-મંદિર બન્યું. જયવર્મને ચેન્લાનું નામ બદલીને 'કંબુજ' રાખ્યું જે આજ પર્યન્ત ચાલુ છે.

ખ્મેર ઇતિહાસમાં આ જયવર્મન સમ્રાટનું સ્થાન અજોડ છે. સાઠ વર્ષના તેના યશસ્વી રાજ્ય દરમ્યાન કંબુજ સામ્રાજ્ય તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. ઈ.સ. ૮૫૦માં તેના મૃત્યુ પછી બે પેઢીએ સમ્રાટ યશોવર્મન ગાદીએ આવ્યા. તેમણે વળી એક નવી રાજધાની તે જ પ્રદેશમાં બાંધી. યશોવર્મનના નામ પરથી તે નગરીનું નામકરણ થયું 'યશોધર-પુર'. ઈ.સ. ૧૦૦૧માં ઉદયાદિત્ય-વર્મન ને તેના પછી જયવીરવર્મન રાજગાદીએ બેઠા. ઈ.સ. ૧૦૫૦માં સમ્રાટ સૂર્યવર્મન કંબોજના સિંહાસને બિરાજ્યા, જેમણે ખ્મેર ઇતિહાસની શ્રેષ્ઠ પાટનગરી 'અંકોરથૉમ'નું નિર્માણ કર્યું. તે પછી બીજા ઉદયાદિત્ય-વર્મને રાજ્યપદ પ્રાપ્ત કર્યું. મહાકવિ કાલિદાસના જ શબ્દો જાણે કે ઉછીના લઈને કંબોજ રાજકવિઓએ આ સમ્રાટનાં યશોગાન કરતાં લખ્યું: 'આ પરાક્રમી રાજવીએ પોતાના રૂપ વડે સર્વ સ્ત્રીઓનાં હૃદય જીતી લીધાં; પોતાના શૌર્ય વડે શત્રુઓને જીતી લીધા; પોતાના સદ્‌ગુણો વડે ઋષિઓનાં મન જીતી લીધાં; પોતાની પ્રતાપી શક્તિ વડે પ્રજાજનોનાં ચિત્ત હરી





← વિખ્યાત અંકોર-વાટ મંદિરનું વાયવ્ય ખૂણાનું શિખર; મથાળે: કાષ્ઠ શિલ્પ જેવી અંકોર-વાટ મંદિરોની પથ્થરની જાળી; આસપાસ અપ્સરાઓનાં શિલ્પ કંડારેલાં છે.


લીધાં, તેમજ દાન વડે બ્રાહ્મણોનાં દિલ જીતી લીધાં!' આ બધા કંબોજી સમ્રાટોની નામાવલિ તથા તેમનાં ચરિત્રો વાંચતાં ઘડીભર એમ જ લાગે કે આપણે ભારતના જ અવંતિકા કે વિજયનગરના પરાક્રમી રાજાઓની વંશાવલિ જોઈ રહ્યા છીએ. તે કાળે કંબોજી રાજતંત્ર તથા લોકજીવન સંપૂર્ણપણે ભારતીય હતાં અને આજે પણ ઘણે અંશે એ જ રીતે જળવાઈ રહ્યાં છે.

ઈ.સ. ૧૧૧૩માં મહાપ્રતાપી સમ્રાટ સૂર્યવર્મન બીજાનો રાજ્યાભિષેક થયો. ચાળીસેક વર્ષના તેમના રાજ્યકાળ દરમ્યાન તેમણે આલમભરની શ્રેષ્ઠ ઈમારત અંકોર-વાટની રચના કરી. આજે પણ આ ભવ્ય વિરાટ મંદિર જગતભરમાં અજોડ ગણાય છે.

ઈ. ૧૧૮૧માં જયવર્મન સાતમાએ રાજ્યારોહણ કર્યું. તે કંબોજના છેલ્લા સમર્થ ને ચક્રવર્તી સમ્રાટ હતા. આ પ્રતાપી મહારાજાએ દિગ્વિજય કરીને ચંપારાજ્ય (વીએટનામ) તથા બીજાં પડોશી રાજ્યો પર પણ આધિપત્ય જમાવ્યું. તેમણે વળી એક નવી રાજ-નગરી યશોધરપુરની નજીક જ બાંધી. તેને નામ આપ્યું 'પ્રિય: ખાન', જેનો અર્થ થતો હતો 'વિજય-નગર'. પરંતુ પાછળથી તેમણે અંકોર-થૉમને જ પાટનગર બનાવ્યું અને ત્યાં અનેક મહાલયો, પ્રાસાદો, મંદિરો તથા બીજાં ભવન બંધાવ્યાં. અંકોર-થૉમનું પ્રસિદ્ધ તેમજ ગૂઢ મંદિર 'બેયોન' પણ તેમણે જ બંધાવ્યું હોય એમ મનાય છે. ઈ.સ. ૧૨૨૦-ના અરસામાં તેમના મૃત્યુની સાથે જ કંબોજ સામ્રાજ્યનો તેમજ ખ્મેર પ્રતિભાનો અસ્ત થયો.

જુદાંજુદાં ખંડિયા રાજ્યો હવે સ્વતંત્ર થઇ બેઠાં અને પશ્ચિમેથી થાઈ યોદ્ધાઓનાં આક્રમણ શરૂ થયાં. ઈ.સ. ૧૩૫૦થી ૧૪૩૦ સુધી થાઈ તથા કંબોજી રાજ્યો વચ્ચે સતત વિગ્રહ ચાલ્યા કર્યો. સાત મહિનાના ઘેરા પછી થાઈ સૈન્યે ૧૪૩૦માં પાટનગરી અંકોર-થૉમ જીતી લીધી, લૂંટી લીધી ને તેનો વિનાશ સર્જ્યો. અંકોરની ઘણી જંગમ સંપત્તિ થાઈ પ્રદેશની રાજધાની અયોધ્યા આવી. આ ઐતિહાસિક વિગ્રહની અસર હજુ યે થાઇ તેમજ કંબોજી લોકોનાં મન પરથી સાવ ભૂંસાઈ નથી. થાઇ આક્રમણની સાથે હીનયાન બૌદ્ધધર્મ પણ કંબોજમાં પ્રવેશ્યો અને સ્થિર થયો.

(ચાલુ)



←યશોધરપુરના રાજ મહાલયો.

લોહ, ફૉસ્ફરસ, પ્રોટિન આદિ ઉત્તમ પોષક દ્રવ્યો ધરાવતા સર્વ શૂકધાન્યોમાં શ્રેષ્ઠ એવા જીવનપ્રદ અને બલપ્રદ ઘઉં

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સર્વ શૂક ધાન્યોમાં ઘઉં શ્રેષ્ઠ છે. મહર્ષિ ચરકે એને 'જીવનપ્રદ ને બલપ્રદ' તરીકે વર્ણવ્યા છે, તો મહર્ષિ સુશ્રુતે તેને 'મધુર, બળ વધારનાર, શરીરને મજબૂત બનાવનાર, વીર્ય વધારનાર અને રુચિપ્રદ' ગણાવ્યા છે. આહારશાસ્ત્રી મૅકકૅાલમ ઘઉંના નત્રિલને દેહવૃદ્ધિ માટે અત્યંત કીમતી લેખાવે છે, તો વિજ્ઞાનીઓ ઘઉંને (અને મકાઈને પણ) જીવનાધાર (સ્ટાફ ઑવ લાઈફ) તરીકે બિરદાવે છે.

બધાં શૂક ધાન્યોમાં ઘઉંમાં વધારે પ્રમાણમાં પ્રોટિન હોવાથી એની શ્રેષ્ઠતા તો છે; પણ આ પ્રોટિનની જાત માટે આહારશાસ્ત્રીઓમાં મતભેદ પ્રવર્તે છે. ઘઉંમાં ફૉસ્ફરસ પુષ્કળ છે, પણ કૅલ્શ્યમ ઓછું છે. ચોખા કરતાં વધારે લોહ અને મૅન્ગેનીઝ છે. વિટામિનોમાં માત્ર 'બી' વિટામિન છે, થોડું કૅરોટીન (વિટામિન 'એ'નું પુરસ્કર્તા દ્રવ્ય) પણ છે. ટૂંકામાં ચોખા કરતાં ઘઉંમાં વધારે પોષક દ્રવ્યો છે.

ઘઉંના ઊભા છેદને સૂક્ષ્મદર્શક યંત્ર નીચે તપાસતાં નીચે પ્રમાણે તેની સંરચના નજરે પડે છે:

(૧) ગર્ભ કે બીજાંકુર: આખા દાણાનો એ માત્ર દોઢ ટકા ભાગ છે; પણ તેમાં આખા દાણાનું ત્રીસ ટકા જેટલું નત્રિલ છે! આમાંથી જ ઘઉંનો છોડ ફૂટે છે. વળી એ પ્રોટિન અને ચરબીથી પણ સમૃદ્ધ છે. તેમાં વિટામિન 'બી' પુષ્કળ છે; થોડુંક વિટામિન 'એ' પણ છે.

(૨) ગર: દાણાનો ૮૫ ટકા ભાગ રોકતા 'ગર'ની મધ્યમાં મોટા ભાગે સ્ટાર્ચ છે. છેડાના ભાગમાં ઉચ્ચ પ્રકારનું પ્રોટિન સમાએલું છે, જે સંચામાં દળાતાં અસ્તર સાથે નાશ પામે છે. આ સ્ટાર્ચ અને પ્રોટિનનાં અન્યોન્ય પ્રમાણોમાં ઘઉંની જાત પ્રમાણે ફેર પડે છે.

(૩) અસ્તર કે ફોતરું: ઘઉં ઉપરનું અસ્તર સેલ્યુલોઝનું બનેલું છે. એમાં ક્ષારો આવેલા છે. દાણાનો તેર ટકા ભાગ તે રોકે છે.

(૪) સ્કુટેલમ: ગર્ભ અને ગર વચ્ચે આવેલા આ પડમાં આખા દાણાના ૫૯ ટકા જેટલું થાયમિન (વિટામિન 'બી૧') રહેલું છે.

ઘઉંનો લોટ બનાવીને જ ખાવાના કામમાં લેવાય છે. એ લોટ ઘંટી કે સંચામાં પીસીને બનાવાય છે. પણ ઘંટીએ હાથે દળેલા લોટમાં ઘઉંના દાણાનું અસ્તર, ગર, બીજાંકુર અને સ્કુટેલમ જળવાઈ રહે છે. બીજાંકુરનો રંગ ઝાંખો પીળો હોવાથી લોટ પણ એવા રંગનો દેખાય છે.

સંચામાં પિસાતી વખતે લાગતી ગરમીને લીધે એના લોટમાં મોટા ભાગના બીજાંકુરનો નાશ થાય છે અને અસ્તરનો ઘણો ભાગ નીકળી જાય છે. સાથે એમાં રહેલાં ક્ષારો ને નત્રિલનો પણ નાશ થાય છે.

ઘંટીના અને સંચાના લોટ વચ્ચેનો તફાવત આંખે ઊડીને બાઝે એવો હોય છે. સંચાનો લોટ ઝીણો હોય છે તો ઘંટીના લોટની કુમાશ વરતાઈ આવે એવી હોય છે. વળી એ લોટની મીઠાશ પણ જુદી રહે છે.

ઘઉંને પલાળીને દળવાથી પ્રાપ્ત થતો લોટ મેંદો (વ્હાઈટ ફ્લૅાર) કહેવાય છે. ગંજાવર રોલર મિલોમાં પણ તે તૈયાર થાય છે. મેંદો દળવામાં બીજાંકુર, અસ્તર, ૭૫ ટકા વિટામિન 'બી', ૫૦ ટકા ફૉસ્ફરસ અને મૅન્ગેનીઝ નાશ પામે છે. એટલે એ લોટમાં પ્રોટિન, ચરબી, ખનિજ ક્ષારો ને વિટામિનો નથી જ હોતાં. એ લોટ પોષક તત્ત્વોથી હીણુ છે. મેંદામાં બરફ જેવા સફેદ રંગની મોહકતા છે. ઉપરાંત તે ઘંટીના લોટ કરતાં વધારે વખત સારો રહે છે. સંચાના લોટમાં તો થોડુંકે બીજાંકુર કાયમ રહે છે. બીજાંકુરમાં સેંકડે દસ ટકા જેટલું સ્નેહ (તેલ)નું પ્રમાણ છે. આ તેલની ઑક્સવણી થવાથી લોટ ખારો બને છે.

મેંદા અને લોટનો વપરાશ શક્તિ મેળવવા માટે છે. જો મેંદા ને લોટના શક્તિમૂલ્યની તુલના કરીએ તો એક રતલ લોટ કરતાં એક રતલ મેંદામાં પાંચ ટકા વધારે શક્તિ પ્રાપ્ત થાય છે. પણ બીજી બાજુ લોટની શ્રેષ્ઠતા જાણવા કાજે મેંદા અને લોટનો ઉંદર ઉપરનો પ્રયોગ જાણવા જેવો છે. ઉંદરોના આહારમાં પ્રોટિનના એક માત્ર સાધન તરીકે ઘઉં રાખી મેંદા અને લોટ ઉપર નભતા ઉંદરો પૈકી લોટ ઉપર નભતા જુવાન ઉંદરોમાંથી ત્રીસ ટકા ઝડપથી વૃદ્ધિ પામ્યાની નોંધ છે.

ઘઉંના દાણા પર થૂલાનાં છ પડ છે; તે—

(૧) શરીરને નીરોગી રાખનારાં વિટામિન મોટા પ્રમાણમાં પૂરાં પાડે છે.


(૨) લોહી તથા સ્નાયુ માટે ઉત્તમ જાતનું પ્રોટિન આપણને પૂરું પાડે છે.

(૩) વચલા ભાગ કરતાં દસગણા વિધવિધ ક્ષાર શરીરને પૂરા પાડે છે.

(૪) જ્ઞાનતંતુ તથા હાડકાં માટે ફૉસ્ફરસ પૂરો પાડી ખડતલપણું આપે છે.

(૫) લોહીમાં રતાશ લાવનારું તત્ત્વ કાળી દ્રાક્ષ કરતાં બમણું પૂરું પાડે છે.

(૬) કબજિયાત અટકાવવામાં જરૂરી એવો ઉત્તમ કૂચો પૂરો પાડે છે.



મૂછ અથવા સરવલાં, જે કાઢી નંખાય છે.

આ વચલા સફેદ ભાગમાં મુખ્યત્વે મેંદો હોય છે, જે ફક્ત ગરમી પૂરી પાડે છે. ખોરાક તરીકે એકલા મેંદાની કિંમત મલાઇ કાઢી લીધેલા દૂધ જેટલી ગણાય.

બીજ, જેમાંથી ઘઉંની ડૂંડી ઊગે છે. તેમાં પુષ્કળ વિટામિન તથા શક્તિદાયક તેલ હોય છે, ને તેમાં રહેલું પ્રોટિન દૂધના પ્રોટિન જેવું ઉત્તમ ને પૌષ્ટિક હોય છે.

આ તમે જાણતા હતા?

કે – ઘઉંનો બીજાંકુર આખા દાણાનો અલ્પતમ ભાગ હોવા છતાં તે એકલો ત્રીસ ટકા જેટલું પુષ્ટિદાયક તત્ત્વ ધરાવે છે!

કે – ઘઉં સાથે ઘી-તેલ ખાવું ખાસ જરૂરી છે, કેમકે જુવાર-બાજરી કરતાં તેમાં ચિકાશ ઓછી છે.

કે – પૂરી-પરોઠા કરતાં ભાખરી-રોટલી પચવામાં સહેલાં છે.

કે – ઘઉંની સર્વે વાનીઓમાં કંસાર-લાપસી વધારેમાં વધારે પોષક દ્રવ્યો ધરાવતી હોઈ ખોરાક તરીકે શ્રેષ્ઠ છે, ને પચવામાં હલકી છે;–અને આથી જ તેનું જમણ શુકનવંતું ગણાયું છે.

કે – માંદગીમાંથી ઊઠેલા માણસને ઝટ તાકાત આપવા માટે હલકો ને શ્રેષ્ઠ ખોરાક શીરો છે!

કે – ત્રણ ગગ્ગા (ઘી-ગોળ-ઘઉં)ની ગોળી 'લાડુ'માં પોષણનાં લગભગ બધાં મુખ્ય તત્ત્વો આવી જતાં હોઈ તે સરસ 'બૅલેન્સ્ડ ડાયેટ' છે.

યાદ રાખવા જેવું છે કે લોટમાં ઘઉંનાં ફૉસ્ફરસ, કૅલ્શ્યમ અને લોહના ૭૨ ટકા જળવાઇ રહે છે.

ઘઉંના પ્રોટિનોને ગ્લુટન નામથી ઓળખવામાં આવે છે. આ નામ હેઠળ ગ્લાએડિન, ગ્લુટેનિન, એડેસ્ટીન, લ્યુકોસાઇન નામનાં પ્રોટિડોનો સમાવેશ થાય છે. આહારશાસ્ત્રી મૅકકૉલમ ઘઉંના નત્રિલને દૂધ અને ઇંડાંના નત્રિલ કરતાં ય ચડિયાતું લેખાવે છે અને લખે છે કે હજી સુધી કોઇ પણ ધાન્ય એવું નથી શોધાયું કે જેનું નત્રિલ ઘઉંના નત્રિલની બરાબરી કરી શકે. બીજાં શૂક ધાન્યોમાં ઉપરનાં પ્રોટિડો હોય છે, પણ ગ્લુટેનિન નથી હોતું. કઠોળોમાં પણ તે નથી હોતું. ગ્લુટેનિનને લીધે જ કણકમાં ચીકાશ આવે છે અને તેથી જ ઘઉંનાં પાઉં બિસ્કટ બની શકે છે.

ઘઉંની વાની પ્રમાણે જાડો કે ઝીણો લોટ દળવામાં આવે છે. રોટલીનો લોટ ઝીણો, એથી જાડો ભાખરીનો, એથી જાડો લાડુનો, એથી જાડો કંસારનો અને સૌથી વધારે જાડો લોટ ઓરમા કે લાપશીનો છે. એને લાપશીના ફાડા કહેવામાં આવે છે, જેમાં ઘઉંના દાણાના લગભગ આઠ ભાગ થાય એટલા જાડા એ હોય છે. સામાન્ય રીતે લોટ ચાળીને જ ઉપયોગમાં લેવાય છે. ચળામણમાં (ભૂસામાં) મોટાં ફોતરાં અને દળાયા વિનાના ઘઉંના દાણા રહે છે. મોટાં ફોતરાં લોટમાં રહેવા દેવાથી તે ભાખરી-રોટલી ઉપર ચોંટેલાં રહે છે. પચવામાં તે બહુ ભારે હોવાથી આંતરડાંની આંતરત્વચામાં ઘણીવાર દાહ ઊપજે છે. હા, જાથુની કબજિયાતવાળાને તે ઉપયોગી નીવડે ખરા. લોટ ચાળતાં જાળવવાનું એટલું કે ચળામણમાં બધાં જ ફોતરાં નાકી ના જાય, કારણ કે ફોતરાંમાં (અસ્તરમાં) ૧૫ ૨ ટકા ગ્લુટન, ૩ ૩ ટકા ચરબી અને ૫–૭ ટકા ફૉસ્ફેટ તથા સિલિકેટ હોય છે. શરીર માટે આ પોષક દ્રવ્યો છે. વળી તેમની હાજરીથી મોટાં આંતરડાંમાં આકુંચનલહરી પેદા થાય છે જેથી મળત્યાગની ક્રિયાને વેગ મળે છે. માટે મોટા સારવાળી ચાળણી વતી લોટ ચાળવો જેથી માત્ર અપાચ્ય એવાં મોટાં ફોતરાં જ ચળામણમાં નીકળી જાય.

ઘઉંના લોટમાંથી ભાખરી, રોટલી, પરોઠા, પૂરી વગેરે સૌસૌની આર્થિક સ્થિતિ અનુસાર બનાવે છે; કારણ કે ભાખરી કરતાં રોટલીમાં ઘી તેલનો વધારે વપરાશ થાય છે. ઘઉં સાથે ઘી કે તેલ ખાવું જરૂરી તો છે જ, કારણ કે જુવાર-બાજરી કરતાં તેમાં ચરબીનું તત્ત્વ–ચીકાશ ઓછી છે. વળી કાર્બોહાઇડ્રેટના સુપાચન માટે ચરબી જરૂરી છે. આ કારણથી ઘી વગરની રોટલી પચવામાં ભારે પડે એવી માન્યતા દૃઢ થએલી છે. ભાખરી ને રોટલી શેકીને બનાવાય છે, જ્યારે ચોપડાં, પરોઠા, પૂરી વગેરે ઘી કે તેલમાં તળવામાં આવે છે. શેકાવાથી સ્ટાચનાં આવરણ તૂટે છે, એટલે પૂરી-પરોઠા કરતાં ભાખરી-રોટલી પચવાં સહેલાં છે. ભાખરી કરતાં પણ રોટલી પચવામાં વધારે સહેલી છે.

તળવામાં સ્ટાર્ચના બધા કણો ફાટી જતા નથી. વળી એમાં ચરબી પણ ભળે છે, આથી તે જઠરમાં વધારે સમય રહે છે ને પચતાં વાર લાગે છે. પરોઠાની પચનીયતા માટે ડૉ. ચંદ્ર ચક્રવર્તીનો મત એવો છે કે 'સ્ટાર્ચ ઉપર પચનીય આથવણોની ક્રિયા થવા અગાઉ ચરબીની સાળવણી આંતરડાંમાં થવી જરૂરી છે. પરોઠાની અંદરની બાજુ રંધાયા વિનાની ચામડા જેવી સખત હોઈ લોખંડી માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓવાળા જ એને પચવી શકે.'

ઘઉંમાંથી બનતી મિષ્ટ વાનીઓમાં મુખ્ય કંસાર, લાપસી, શીરો અને લાડુ છે. કંસાર ને લાપસીના જાડા લોટ કે ફાડામાં ઘઉંનાં બીજાંકુર અને અસ્તર જળવાઈ રહે છે. આ વાનીઓ પચવામાં હલકી છે. એમાં પોષક તત્ત્વો જળવાઈ રહ્યા હોવાથી ખોરાક તરીકે પણ એ શ્રેષ્ઠ છે. શું આથી જ શુભ પ્રસંગોએ કંસારનું જમણ શુકનવંતું લેખવામાં આવ્યું હશે? બે વખત શેકાઇને બનતો શીરો પણ પચવામાં હલકો છે, માત્ર ઘીના પ્રમાણમાં તેની પચનીયતામાં ફેર પડે છે; છતાં માંદગીમાંથી ઊઠેલા માણસને ઝટ સાજા થવા માટે આપવાનો તે હલકો અને શ્રેષ્ઠ ખોરાક છે. ઘઉં, ગોળ અને ઘીના લાડુ માટે આપણા અગ્રણી વૈજ્ઞાનિક સ્વ. ડૉ. કાન્તિલાલ છ. પંડ્યાનું કથન છે કે 'ત્રણ ગગ્ગાની (ઘી, ગોળ અને ઘઉંની) ગોળીમાં—લાડુમાં આહાર ને પોષણનાં લગભગ મુખ્ય તત્ત્વો આવી જાય છે અને બરાબર પ્રમાણ જળવાયું હોય તો તે એક સરસ 'બૅલેન્સ્ડ ડાયેટ' તરીકે કામ કરે છે.' જાણવા જેવું છે કે તળેલા કરતાં શેકેલો લાડુ પચવામાં સહેલો છે. આ દૃષ્ટિએ ઉત્તર હિંદની બાટીની બનાવટ ધ્યાનપાત્ર છે. તેને માટે શ્રી બાપાલાલ ગ. વૈદ્ય લખે છે કે 'બાટીની પચનીયતા અને લહેજત બીજી બનાવટો કરતાં સારી છે.'

પશ્ચિમના દેશોમાં ઘઉંમાંથી બે વાનીઓ બનાવવામાં આવે છે: બ્રેડ (પાંઉ) અને બિસ્કિટ. બિસ્કિટ માટે હલકા પ્રોટિનવાળા ઘઉં પસંદ કરવામાં આવે છે, તો પાઉં માટે સફેદ મેંદો. મેંદાનો પાઉં સફેદ તો બને છે, પણ તે સત્ત્વહીન છે. સફેદ રંગમાં શુદ્ધતા સમજી લઇ જનતા ખરી કે ખોટી રીતે સફેદ પાંઉને પસંદ કરે છે. વળી ખાવામાં કુમાશ પણ એ પસંદગીનું કારણ બને છે.

ચોક્કસ પ્રમાણમાં મેંદો અને પાણી ભેળવી બ્રેડ બનાવવામાં આવે છે. એમાં આથો આવવા માટે ખમીર (યીસ્ટ) ઉમેરાય છે. આથો આવવાથી બ્રેડ વાદળી જેવા સ્વરૂપનો બને છે. ખમીરની ક્રિયાથી આલ્કોહૉલ અને કાર્બોનિક ઍસિડ પેદા થાય છે. આથો આવ્યા બાદ બ્રેડને ભઠ્ઠીમાં પકાવવામાં આવે છે. ભઠ્ઠીની ગરમીમાં ખમીર નાશ પામવાથી આથવણની આગળ વધની ક્રિયા બંધ પડે છે. જો આથવણ આગળ વધે તો ઍસેટિક ઍસિડ પેદા થવાથી બ્રેડનો સ્વાદ ખાટો બને છે. કાર્બોનિક ઍસિડ વાયુ જલદી અદૃશ્ય થાય છે તો બ્રેડ વાસી થતાં આલ્કોહૉલ પણ ધીમેથી નાશ પામે છે. રોટલા-રોટલીની કણકમાં

પણ કાર્બોનિક ઍસિડ વાયુ પેદા થાય છે, જેના પરપોટા થવાથી રોટલા-રોટલી ફૂલે છે. બ્રેડ અને ભાખરી-રોટલી અગ્નિ ઉપર શેકાવાથી હલકાં અને છિદ્રાળુ બને છે, જેથી પાચક રસો એમાં પ્રવેશી એના ઉપર ક્રિયા કરી શકે છે. અગ્નિના તાપથી પાણી દૂર થાય છે, કેટલાક સ્ટાર્ચના કણો ફાટી તે દ્રાવ્ય સ્ટાર્ચ અને ડેકસ્ટ્રીનમાં પરિણમે છે, જે પચવા માટે સહેલાં થાય છે.

બ્રેડમાં ખમીરના બદલે બેકિંગ પાઉડર પણ નાખવામાં આવે છે. આનાથી આથો આવતો નથી, પણ લોટ ફૂલે છે, બ્રેડ વધારે છિદ્રાળુ બને છે અને આથી જલદી પચે એવો બનવાનું માનવામાં આવે છે, પણ આ વાત ખોટી છે. આમાં ઘણાં રસાયણો–ખાસ કરીને ઍમોનિયમ કાર્બોનેટ આવતો હોવાથી તે હોજરી માટે દાહક નીવડે છે. આથી અજીર્ણ અને હોજરીનો સોજો થઈ આવે છે.

વળી, એકદમ તાજો બ્રેડ ખાવો સારો નથી, કારણ કે તેમાં વધારે આલ્કોહૉલ હોવા ઉપરાંત તે પચવામાં પણ ભારે છે. તેનાં ગ્લુટન ને સ્ટાર્ચ હજુ પોચાં હોય છે, અને તે છિદ્રાળુ ન હોઈ એમાં પાચક રસો સહેલાઈથી ભળતા નથી. આ જ પ્રમાણે બહુ વાસી બ્રેડ પણ ન ખાવો. બ્રેડને શેકવાથી ટોસ્ટ બને છે. શેકાવાથી તે છિદ્રાળુ બનવા સાથે સ્ટાર્ચનું સાકરમાં પરિવર્તન પણ થાય છે. આથી તે પચવામાં સહેલો બને છે.

જો લાળ અને પેટના પાચક રસો બરાબર હોય તો બ્રેડ ખાવામાં ભારે નથી; પણ તેનું વધારે પ્રમાણ જો એકસાથે લેવાય ને તે બરાબર ન ચવાય તો તે લોચાની જેમ હોજરીમાં રહેતાં સહેલાઇથી અથાય છે. આથી અજીર્ણ કે પાચનક્રિયાના રોગોથી પીડાનારાઓએ બ્રેડ ન લેવો. તેમને માટે બિસ્કિટ માફક ગણાય.

બ્રેડને જેટલો સારી રીતે ચાવવામાં આવે (રોટલા-રોટલી અને ભાખરીને પણ આ લાગુ પડે છે) એટલો તે સહેલ ઈથી પચે છે. સૂકા ટોસ્ટ અને બિસ્કિટ વધારે ચવાવાથી લાળ સાથે ભળતાં એમનું પાચન સહેલું બને છે. ટોસ્ટ અને બિસ્કિટમાં મોટા ભાગની સ્ટાર્ચ દ્રાવ્ય રૂપમાં બદલાઈ હોવાથી પાચક રસોની મહેનત ઓછી થાય છે. રોટલાના ગર કરતાં તેની પોપડી વધારે સૂકી અને તેમાં વધારે ડેકસ્ટ્રીન હોવાથી ગર કરતાં તે વધુ સહેલાઈથી પચે છે.

બ્રેડનો પ્રોટિન ભાગ પચવો ભારે છે, તો કાર્બોહાઇડ્રેટ ભાગ પચવો સહેલો છે. પણ બ્રેડ પ્રોટિનમાં બહુ સમૃદ્ધ નહિ હોવાથી પચવામાં બહુ ભારે નથી. વળી તેની પોષણની અસરો સારી છે. તેનાથી ખોટી ઉત્તેજના થતી નથી પણ તે ધીમી અને રીતસરની શક્તિ આપે છે. અમળચું કામ કરનારને માટે બ્રેડ શ્રેષ્ઠ ખોરાક છે; કારણ કે તેમાંથી શક્તિ મળે છે. તંદુરસ્તીમાં તે પ્રમાણસર ખાધાથી કશું નુકસાન થતું નથી. હા, અજીર્ણ, અમ્લપિત્ત, આંતરડાંનો બગાડ, હોજરીનો ફુગાવો ને ડાયાબીટિસથી પીડાતાઓ માટે તે પથ્ય નથી. તેમણે બ્રેડ ન ખાવી.

મેંદાના બ્રેડ કરતાં લોટના બ્રેડમાં વધારે પોષક દ્રવ્યો હોવાથી તે શ્રેષ્ઠ છે, પણ તેમાં મોટાં ફોતરાં આવવાથી તે પચવામાં મુશ્કેલ પડે છે. મેંદાના કરતાં લોટના બ્રેડમાં જરા વધારે પ્રોટિન, ચરબી, વિટામિન 'બી', ફૉસ્ફરસ, કૅલ્શ્યમ, લોહ અને મૅન્ગૅનીઝ છે; પણ આ બ્રેડ ચાવવામાં કઠણ અને પચવામાં ભારે છે, તેમજ સ્વાદમાં ઊતરતી છે. વળી તેનો નહિ પચેલો મોટો ભાગ મળ વાટે બહાર નીકળી જાય છે. આથી મેંદાના પાંઉ કરતાં લોટના પાંઉ જરા યે ચડિયાતા નહિ હોવાનું આહારશાસ્ત્રી હચિન્સનનું કહેવું છે. આથી મેંદાના પાંઉને વિટામિનની દૃષ્ટિએ લોટના પાંઉ જેવા બનાવવા માટે ઇંગ્લંડ-અમેરિકામાં તેમાં બનાવટી વિટામિનો ઉમેરવામાં આવે છે. બીજો એક મૉલ્ટેડ બ્રેડ બનાવાય છે. એમાં ઘઉં ફણગાવાથી સ્ટાર્ચનું માલ્ટોઝમાં રૂપાંતર થઇને બ્રેડ સહેલાઈથી પચે છે.

બ્રેડને સફેદ બનાવવા માટે ફટકડી વાપરવામાં આવે છે. પણ આથી તો બ્રેડની પોષકકિંમત ઘટવા સાથે અજીર્ણ અને બંધકોશ આવી પડે છે: ફટકડીને બદલે ચૂનાનું પાણી વપરાય તો વાંધો નથી; આથી બ્રેડની અમ્લતા અટકે છે.

મેંદામાંથી જે બિસ્કિટ બનાવાય છે તેમાં ખાંડ, માખણ, દૂધ ને સુગંધિત દ્રવ્યો ભેળવવામાં આવે છે. ફૂલવા માટે કદીક બેકિંગ પાઉડર પણ નાખવામાં આવે છે. ક્રીમક્રૅકર બિસ્કિટમાં ચરબી વધારે પ્રમાણમાં હોય છે. બ્રેડ કરતાં બિસ્કિટમાં ઘન પોષણ દ્રવ્યો વધારે હોવા છતાં તે વધારે સુપાચ્ય છે.

મોટા ભાગના ગુજરાતનો મુખ્ય ખોરાક તો બાજરી છે. પણ વિશ્વયુદ્ધ બાદ ઘઉં આપણો રોજિંદો ખોરાક બન્યો છે. પંજાબ, દિલ્હી અને ઉત્તર પ્રદેશના મોટા ભાગમાં ઘઉં પાકે છે અને ત્યાંના લોકોનો તે મુખ્ય ખોરાક છે. બિહાર, મધ્ય હિંદ અને મધ્ય પ્રદેશોમાં પણ લોકોના આહારમાં ઘઉં જ મોખરે છે.

પ્રદેશ અનુસાર ઘઉંની જાતમાં ઘણો તફાવત પડે છે. આપણે ત્યાં માળવાના ઘઉં શ્રેષ્ઠ ગણાય છે, તો પંજાબના ઘઉં ખૂબ પૌષ્ટિક લેખાય છે. જમીનનો કસ, વરસાદનું પ્રમાણ અને બીની જાત પ્રમાણે ઘઉંના જાતમાં ફેર પડે છે. વળી ખાતરની જાત ઉપર પણ ઘઉંની પૌષ્ટિકતાનો આધાર છે. છાણિયા ખાતરથી પાકેલા ઘઉંમાં પ્રોટિન, ક્ષારો ને વિટામિનો ઘણા સારા પ્રમાણમાં અને ચડિયાતાં હોય છે. બનાવટી ખાતરથી પાકેલા ઘઉંમાં વિટામિનોનું પ્રમાણ સારું હોય છે અને ખનિજ ક્ષારો પણ સારા પ્રમાણમાં હોય છે. પણ ખાતર વગર થએલા પાકમાં ખનિજ ક્ષારોનું પ્રમાણ ન્યૂન હોય છે. આ બાબતમાં આહારશાસ્ત્રી મૅકકૅરિસનનું કથન છે કે 'રાસાયણિક ખાતર કરતાં છાણિયા ખાતરથી પાકેલા ઘઉંમાં પોષણમૂલ્ય ૧૭ ટકા વધારે હોય છે. રાસાયણિક ખાતરવાળા ઘઉંમાં વિટામિન 'એ'નું પ્રમાણ ઢીલું હોય છે. આ વિટામિન ચેપી રોગો સામે ટકવાની પ્રતિકાર-શક્તિ જાળવી રાખે છે. ફ્રેન્ડ સાઇક્સ (૧૦ નવેમ્બર ૧૯૪૬ના 'હરિજનબંધુમાં') લખે છે "કૃત્રિમ ખાતર આપીને પકવેલો ખોરાક જીવનશક્તિ એટલી બધી ઘટાડી નાખે છે કે, તેને પરિણામે રોગનો સામનો કરવાની શક્તિ ઉત્તરોત્તર ક્ષીણ થતી જાય છે." વધારે વરસાદ કરતાં પીતના પાણીથી થએલા ઘઉંમાં ફૉસ્ફરસ, કેલ્શ્યમ, પૉટૅશિયમ, મૅગ્નેશિયમ વગેરે ક્ષાર વધુ હોય છે. વળી ઘઉંના કસ ઉપર ઋતુઓની પણ અસર હોવાનું મનાય છે. આહારશાસ્ત્રી મૅકકૅલમનું કહેવું છે કે શિયાળા કરતાં વસંતમાં પાકેલા ઘઉંમાં વિટામિનનું પ્રમાણ વધારે હોય છે.

બીજાં શૂકધાન્યો કરતાં ઘઉંમાં વધારે પ્રમાણમાં અને ઉચ્ચ કોટિનું પ્રોટિન હોવાથી તેને અનાજનો રાજા ગણવામાં આવ્યો છે, છતાં તેની રોટલી કે ભાખરી એ સંપૂર્ણ આહાર નથી. એનાથી શરીરનો નિભાવ થતો નથી; કારણ કે ઘઉંમાં ચરબી અને ક્ષારોની ઊણપ છે તથા કૅલ્શ્યમ અને 'એ' 'બી' 'સી' તથા 'ડી' વિટામિનોની અછત છે. વળી, તેમા પ્રોટિન વધારે હોવા છતા તેના રચનામાં તે ખામી ભર્યો હોવાથી પૂરો અભિશોષનીય નથી. તેથી તેને સંપૂર્ણ ખાદ્ય બનાવવા માટે દૂધ, ઘી અને લીલોતરી શાકભાજી સાથે ખાવો જોઇએ.

ઘઉંની પસંદગીમાં જેમ છાણિયા ખાતરવાળા ઘઉં શ્રેષ્ઠ છે, તેમ લોટની બાબતમાં મેંદા કરતાં લોટ ઉત્તમ છે, અને લોટમાં યે હાથે દળેલો ઘંટીનો લોટ ઉત્તમોત્તમ છે; કારણ કે તેમાં મેંદા કરતાં વધારે પ્રોટિન, વધારે થાયમિન, રિબ્લોફ્લેવિન, નિકોટિનિક ઍસિડ, કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, લોહ અને સેલ્યુલોઝ હોઇ તે સવિશેષ પોષક છે.

કલાવાર્તા

કલાકાર કોકિલા દેસાઇ

શ્રીમંતાઈ સાથે ખાનદાની હોય, અને તે કલાની ઉપાસનાથી પૂત થએલી સંસ્કારિતાનો પાશ પામે, ત્યારે જે શાલીનતા પ્રકટે તેનું ઉદાહરણ કુમારી કોકિલા દેસાઇમાં જોવા મળે છે.

'કુમાર'ના આ માચ માસના અંકની કલાવાર્તામાં જાવાની વસ્ત્ર છાપ-કળા 'બાતીક'ના પરિચય સાથે એ કળામાં પારગતતા પ્રાપ્ત કરનાર એ ગુજરાતી બહેનની કૃતિ પ્રકટ થઇ હતી—જેને પાંચમા મુંબાઈ રાજ્ય કલા-પ્રદર્શનનું પારિતોષિક મળેલું. આ પાછળ તે તથા એમની બીજી કૃતિઓ આપી છે.

બાતીક(બાટીક)કામ સાધારણતઃ દક્ષિણ-પૂર્વના એશિયાઇ દેશોમાં ખૂબ પ્રચલિત છે, અને ખાસ કરીને જાવા-સુમાત્રા ઇન્ડોનેશિયા ને બ્રહ્મદેશમાં તે ચરમ સીમાએ પહોચ્યું છે.

ઘણા કલાના ઇતિહાસકોનું માનવું છે કે આ બાતીક-કળા હિંદમાંથી જ અગ્નિ એશિયાના દેશોમાં ગઇ. પ્રવાહી મીણ અને રેઝિનના મિશ્રણ વડે કાપડ પર ચિત્રણા કરીને તેને રંગમાં ઝબોળીને કરવાથી થતા આ છાપકામની ઢબે આજે પણ ગુજરાતના છીપા કારીગરો 'રેઝિસ્ટ' તરીકે માટીનો ઉપયોગ કરીને છાપકામ કરી રહ્યા છે. જોકે તેમાં જાવાના બાતીક જેવી રંગો અને ભાતની ખૂબી આવતી નથી. એ કામનું શિક્ષણ આજે ખાસ કરીને બંગાળમાં શાન્તિનિકેતનમાં તથા મુંબાઈમાં જે. જે. કળાશાળા તથા મધ્યસ્થ સરકાર તરફથી સંચાલિત 'ડિઝાઈન સેન્ટર'માં અપાય છે.





કુમારી કોકિલાના બાતીકકામમાં રંગોની મધુર મિલાવટ અને સુંદર સંયોજના સાથે લાલિત્યભરી ચિત્રણા હોય છે. બાતીકકામ ખાસ કરીને સ્ત્રી-ઉપયોગી વસ્ત્રો ઉપર થાય છે. કુ. કોકિલાએ તે શૈલીનો ઉપયોગ આપણાં વૈષ્ણવ-મંદિરોમાંની પિછવાઇઓ પેઠે ભીંત-શણગાર માટે ટાંગવામાં આવતાં 'બાતીક મ્યૂરલ્સ' તરીકે કરીને નવું પ્રસ્થાન કર્યું છે. યુરોપમાં 'ભીંત-શણગાર' તરીકે વપરાતી 'ટૅપેસ્ટ્રીઝ'ના ઉપયોગ જેવો જ આ સુંદર પ્રયોગ છે. 'આફ્રિક કળા'ઓમાં એક વિશિષ્ટ શૈલી ગણાતા બાતીક-કામમાં હજી ઘણી નવી સર્જનાત્મક શકયતાઓ રહેલી છે.

એમાં આટલું નૈપુણ્ય મેળવનાર બહેન કોકિલાને બાળપણથી જ કલા તરફ અભિરુચિ હતી. મુંબાઈની ન્યૂ એરા સ્કૂલમાં તે જ્યારે ચિત્રો દોરવાની બારાખડી શીખતાં ત્યારે પણ એમની ઉમરને જેબ આપે એવાં સુંદર ચિત્રો એ કરતાં ને વર્ગમાં કળાનાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનાં પ્રશસ્તિપત્રો મેળવતાં. ચિત્રોમાં સુંદર રંગ મેળવણી એ એમની ખાસ વિશિષ્ટતા હતી.

સેન્ટ ઝેવીઅર્સ કૉલેજમાંથી ઇતિહાસમાં ઑનર્સ સાથે ગ્રૅડયુએટ થયા પછી એ દિશામાં આગળ વધુ અભ્યાસ કરવા કરતાં તેમની

ઉપર : ત્રિરંગી લીનોકટ 'શ્રમજીવીઓ'




નીચે : બાતીક-કામમાં ટી-કૉઝી ને ટેબલસ્પ્રેડ





ઇચ્છા કૉલેજના દિવસોમાં ભુલાઈ ગએલી ચિત્રકળાની અધૂરી કડી ફરી ઉપાડી લેવાની હતી, અને તેથી જ યુનિવર્સિટીના અભ્યાસનો મોહ છોડી મુંબાઈની કલાશાળા સર. જે. જે. સ્કૂલ ઑવ આર્ટસના 'ફાઈન આર્ટસ' (ચારુ-કલા)વિભાગમાં જોડાયાં. છતાં એમને લાગતું કે હજુ વધુ સમય મારે આ કળામાં પ્રરંગત બનવા આપવો જોઇએ; તો જ પડતાં મૂકેલાં વર્ષોનું કંઈક વળતર વળી રહે. આથી ફાજલ પડતા સમયમાં 'નૂતન કલામંદિર' અને શ્રી દિનેશ શાહના ખાનગી કલાવર્ગોમાં જોડાયા; અને ઉપરાંત થોડો વખત રહીને જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં ચાલતા 'આર્ટ્સ ઍન્ડ ક્રફ્ટ્સ' વિભાગમાં પણ જોડાયાં. આ વિભાગમા તેમને સવિશેષ રસ પડચો. અહીં તેમણે જાવાની કાપડ-છાપ-કળા 'બાતીક-કામ' શીખવા માંડ્યું અને તેના અનેક નમૂના તૈયાર કર્યાં. તેમના આ કાર્યની પહેલી જ પ્રશંસા તરીકે શાળાના વાર્ષિક પ્રદર્શનમાં તેમને રૌપ્ય ચન્દ્રક મળ્યો. તે પછી પૂનામાં ભરાએલા ૧૯૫૯ના 'મુંબાઈ રાજ્ય કળા–પ્રદર્શન'માં તેમના લગભગ ૫॥×૨॥ ફૂટના ચિત્રને રૂ. ૧૫૦૦નું બીજું ઇનામ મળ્યું; ને ૧૯૬૦માં અમદાવાદમાં ભરાએલા મુંબાઇ રાજ્ય કળાપ્રદર્શનમાં 'રાધાકૃષ્ણ' નામના ૬×૪ ફૂટના ચિત્રને (જુઓ જમણી બાજુ) રૂ. ૮૦૦નું પહેલું ઇનામ તથા શાળાના વાર્ષિક પ્રદર્શનમાં સુવર્ણચંદ્રક મળ્યા.






બાતીક કામની સાથેસાથે તેમણે લીનો-કટ, ધાતુ-કોતરકામ, સ્ક્રીન પ્રિન્ટિંગ વગેરે અન્ય હસ્ત ઉદ્યોગો પણ હસ્તગત કર્યા છે.


બહેન કોકિલા મુંબાઈના જાણીતા સ્વ. શેઠ મનસુખલાલ છગનલાલનાં સૌથી નાનાં પુત્રી છે. શિક્ષણ સંસ્કારમાં ઊંડા રસ લેતા શેઠ મનસુખલાલની ઉદાર સખાવતો મુંબાઈ તથા

…………અનુસંધાન પૃ ૩૨૩ મે…………

કુ. કોકિલા દેસાઇનાં બાતીક-કામ આ તથા સ.મેના પાનાને મથાળે: કૃષ્ણજીવનને લગતી બે પિછવાઈઓ (ભીંત-પડદા); તેની નીચે 'ટેબલ-સ્પ્રેડ' તથા ટી-કૅઝી.







આ ગણરાજ્યદિને લશ્કરી દળો માટે જાહેર થએલા છ મેડલો તથા તે દરેકની રિબનોની આકૃતિઓ. દરેક જોડકામાં તે તે પદકની બંને બાજુઓ દર્શાવી છે. શરૂથી અનુક્રમે : (૧) વિશિષ્ટ સેવા મેડલ (૨) સૈન્ય સે ા ડલ (૩) વિદેશ સેવા મેડલ (૪) સેના મેડલ (૫) નૌ-સેના મેડલ (૬) વાયુ-સેના મેડલ.

ગુજરાતના કેળવણીનાં ક્ષેત્રમાં જાણીતી છે. કોકિલાનાં માતુશ્રી હીરાવંતીબહેન પણ સ્ત્રી-કેળવણી તેમજ સામાજિક કાર્યમાં ઊંડો રસ ધરાવતાં હોઇ તેમણે પુત્રીને આ કળામાં આગળ વધવા પ્રોત્સાહન તથા અનુકૂળતા કરી આપ્યાં, અને પુત્રીએ માતાપિતાનાં ઉચ્ચ સંસ્કાર-વારસા તથા અભિલાષાને ઉજાળી.


કલાકારમાં જરૂરી ધીરજ, ખંતભરી ઉપાસના તથા અદમ્ય ઉત્સાહ ધરાવતી આ ઊગતી ચિત્રલેખા અન્ય ક્ષેત્રોમાં પણ આવું જ નૈપુણ્ય વિકસાવવાની શક્તિ ધરાવે છે. એ વિકાસ પૂર્ણતયા પ્રકાશી ઊઠશે એમાં શંકા નથી.

ય. કે. શુક્લ

નાના ઉદ્યોગકારો, જેઓ નવી ડિઝાઇનોને અભાવે ધંધાકીય હરીફાઇમાં પાછા પડી જતા હોય તેમના લાભ અર્થે ભારત સરકારે ૧૯૫૯ના જૂનમાં એક 'આકૃતિ-આલેખન-તંત્ર' (સેન્ટ્રલ ડિઝાઇન સેલ) સ્થાપ્યું હતું. આ તંત્રે માટીકામ, હાર્ડવેર, ઘરવપરાશનાં વાસણો, કાચની જણસો (કટલરી), ઘરઉપયોગી વીજળીક સાધનો, રાચરચીલું વગેરે સંબંધમાં વિગતવાર માર્ગદર્શન સહિતની ૫૦૦થી વધુ ડિઝાઇનો તૈયાર કરી છે. ઉપરાંત નાના ઉદ્યોગકારોની ઉત્તરોત્તર વધતી સંખ્યાને આ ડિઝાઇનોથી પરિચિત બનાવવા માટે નાના ઉદ્યોગોના વિકાસને લગતા કમિશનરે 'ઇમ્પૅક્ટ' નામનું એક ત્રૈમાસિક પણ બહાર પાડ્યું છે.


નીચે ડાબા ચિત્રમાં એ પૈકી એક-કૉફી બનાવવાનું સાધન (કૉફી પરકોલેટર) દર્શાવ્યું છે. આઠ ઔંસ કૉફી સમાવતું, ક્રોમિયમ પ્લેટેડ પિત્તળ અથવા નિકલ પ્લેટેડ ઍલ્યુમિનિયમ કે સ્ટેઇનલેસ સ્ટીલની ચમકદાર સજાવટવાળું આ સાધન વજનમાં હલકું, સહેલાઈથી સાફ થઈ શકે એવું, અને વપરાશમાં કરકસરભર્યું હોવા સાથે એમાં થોડા જ વખતમાં કૉફી તૈયાર થઈ જાય છે. વળી એનું ઢાંકણું જે રકાબી તરીકે ચાલે એવું રાખવામાં આવ્યું છે તે પાછું પરકોલેટરને તળિયે પણ બરાબર ફિટ થાય એવું છે, જેથી ટેબલ ઉપર કૉફી ટપકે નહિ.

જમણી બાજુના ચિત્રમાં દર્શાવેલી હાથાવાળી ખુરશીની બેઠકનો ઢાળ એવો રાખવામાં આવ્યો છે કે જેથી થાક ઓછો લાગે અને બેઠકની ધાર ગોળ વાળી લેવામાં આવી હોવાથી બેસવામાં આરામ રહે. હાથાની પહોળાઈ પણ પૂરતા પ્રમાણની છે, જેથી કોણી સરી ન જાય ને નિરાંત રહે. વળી ચાલુ આર્મ-ચેર કરતાં આમાં લાકડું પણ ઓછું ખપે છે.



આકૃતિ-આલેખન માટેની રાષ્ટ્રીય હરીફાઇ

કારીગરો, ડિઝાઈનરો અને કલાકારોને ઉત્તેજન આપવા તથા દેશમાં એ ક્ષેત્રમાં પડેલી ઉત્તમ કલાકુશળ વ્યક્તિઓ શોધી કાઢવા માટે, અખિલ ભારત હસ્તકલા મડળે ગયે વર્ષે આકૃતિ-આલેખનને માટે એક રાષ્ટ્રીય હરીફાઈ યોજી હતી. એમાં ડિઝાઇનોની હરીફાઇ માટે જે ઉદ્યોગો પસંદ કરવામાં આવેલા તે ગાલીચા, ધાતુકામ અને લક્કડકામને લગતા હતા. પ્રત્યેક જૂથમાં ઉત્તમ ડિઝાઈન માટે ચારચાર ઇનામો મળીને કુલ રૂા. ૭૫૦૦નાં ઇનામો હતાં. તેમાં ધાતુકામને લગતી ડિઝાઈન માટેનું પહેલું ઇનામ મુંબાઈના શ્રી ડી. એન. પિતળેને ઑક્સિડાઇઝ્ડ કરેલી ત્રાંબાની એક તાસક માટે મળ્યું હતું. એ તાસક અમદાવાદમાં ભરાએલા પાંચમા મુંબાઈ રાજ્ય કલા-પ્રદર્શનમાં રજૂ થએલી. તેનું મોટું રેખાંકન અમે 'કુમાર' માટે ખાસ તૈયાર કરાવેલું છે તે હવે પછી પ્રકટ કરીશું. આ ઉપર તેનો ફોટોગ્રાફ આપીએ છીએ.



નાના ઉદ્યોગો માટે નવાં આકૃતિ-આલેખનો

અજાણી સાંકડી પાણીપંથારમાં દંગી વહેવા લાગી. મોટાં પાણી મૂકી રળિયામણી ભેખડો વચ્ચે આવતાં એ વાંકીચૂંકી વાટમાં લાંબા દોલ એક પછી એક ઝડપથી આવતા હતા, કારણ આ સાંકડી પંથારમાં પણ ઊંડા તાગ હતા. આ દોલ દંગીને પડાણભર કુદાવતા જતા હતા. બેએક ઘડી સુધી ઘટવધ વાવડાએ હેરિયાં કરતાં સારો જેવો પંથ કપાયો; પણ છેવટે વાવડો સાવ પડી ગયો, એટલે મકનાએ હલેસાં કાઢ્યાં. માંજીના હાથમાંથી બેડીકલ્લાં કાઢ્યાં અને એને હલેસાં આપ્યાં. મને-કમને પણ મકનાની નજર નીચે સંકોરાઇ જતા માંજીએ દંગીને હડસેલવા માંડી.

એ માંજરી આંખોના ખૂણા મકના તરફ કોઈ કોઈ વાર ખુન્નસભર્યા ચમકી ઊઠતા હતા, પણ મકનાને તેની પરવાહ નહોતી. એ નજરમાં મકનાના જાન માટેની ભૂખ સ્પષ્ટ દેખાતી રહેતી હતી, પણ ઘડીપળમાં મોતનો સામનો કરવાના હેવાયા નાયકને એની કશી અસર થાય એમ નહોતું. મકનાની શકરા જેવી નજર, ઊભરાતી દોલપરંપરાને, તરફડતા સઢને, તાલ લેતાં હલેસાંને, વધતીઘટતી ભેખડિયા કંઠારને અને ઓલીમિયાં માંજીને બધાંને હર મીટમાં સમાવી લેતી, છતાં ઇશારાભર પવનને પણ સઢમાં ભરી લેવા માટે વીણાને આમતેમ બદલાવવા સિવાયનો બીજો કોઈ વિચાર એને હોય તો તે એના ચહેરા ઉપરથી જાણવો અસંભવિત હતો. વચમાંવચમાં થોડો પવન ઊપડયે માંજી હલેસાં આરિયાં કરતો હતો, અને મઠાર થયે મકનો નજર ફેરવે તે પહેલાં જ ફરી ચલાવવા માંડતો હતો. એવા નામર્દોમાં જેટલી બદદિલની હિંમત હોય છે તેટલી હિંમત આવા ભયંકર દુશ્મનનો સામનો કરવાની નથી હોતી. મકનો ધારે તો એક જ મુઠ્ઠીએ પોતાના માળખાની ભંગાર બનાવી દે એ વાત એને સારી પેઠે સમજાઈ ગઈ હતી, છતાં પોતે ગોઠવી રાખેલા છટકામાં આ રાક્ષસી બદનનો છતાં બાળક બુદ્ધિનો નાખવો બેધડક ચાલ્યો આવતો હતો એ જોઇ અંતરમાં તો માંજી ખૂબ ફુલાતો હતો.

મોટાં પાણી=ખુલ્લો દરિયો; દોલ=ઠેલા, હડસેલા; ઊંડા તાગ=ઊંડાં પાણી; હેરિયાં કરવાં=પરમાણને ખુવાની એક બાજુથી બીજી બાજુ એવી રીતે ફેરવવું કે જેથી સઢમાં વધુ પવન ભરાય, એ રીતે સઢની જ મદદ વડે વહાણ હંકારવાની કળા તે 'હેરિયાં'; વધતી ઘટતી કંઠાર=દૂર જતો ને ઢૂકડાતો કાંઠો; આરિયાં કરતો'તો= બંધ રાખતો હતો; મઠાર થયે=પવન મોઠો થયે, પવન બંધ પડે ત્યારે.


ગુડા વચ્ચે બાંધી લીધી અને એના બદનને વાંઢાર અડા સાથે મુસ્કેટાટ કર્યું. મકનાના રાખસિયા પંજા હેઠળ માંજી લીલા વાંસ પેઠે બેવડાઇ ગયો. પછી મકનાએ પિસ્તોલના ઘોડા સાથે બાંધેલી વાધરીનો બીજો છેડો માંજીના ગળામાં માળા પેઠે પરોવ્યો. માંજી તો હેબતાઈ ગયા જેવો થઈ ગયો! જરા પણ હાલેચાલે તો પેલો નિઠુર તમંચો એની ખોપરીના ચૂરા ઉડાડી દે એવું જંતર મકનાએ બનાવ્યું હતું!

એકાદ પળ પોતાના શિકાર તરફ જોતા વાઘ પેઠે મકનો માંજીના કોથળા જેવા બદન તરફ જોઇ રહ્યો. પછી આસ્તેથી પાછળ હટ્યો અને ખુવા પાસે આવી પિસ્તોલના કાન ઉપરથી ટોટી હળવેકથી કાઢી લીધી. માજીને એ પ્રમાણે મારી નાખવામાં એની મુણસાઇને હીણપત લાગે. પિસ્તોલની બીક જ માંજી જેવા નામર્દને સવળો રાખવા બસ હતી એની મકનાને ખાતરી હતી, એટલે થોડી વારે તો એ ઘસઘસાટ ઊંઘવા માંડ્યો.

સાતેસરી સીમ તરફ ઝોક ખાય ત્યાં તો મકનો ઊઠ્યો. માંજી લોચો વળી ઊંઘમાં ઢળી પડ્યો હતો. પિસ્તોલ કાન ચાટી ગઇ હતી! માંજીના હાલ જોઇ મકનાને હસવું આવ્યું. એણે એના બંધ છોડ્યા, પણ સરખો થવાની જહેમતમાં માંજી ચિલ્લાવા લાગ્યો. મકનાએ ડોલ ભરી ઠંડું પાણી એના ઉપર રેડ્યું અને તરિયા લોલી ઘટાવવા માંડી. આ પ્રમાણે બીજા દહાડાની સફર શરૂ થઈ.

સાંજ પડવા માંડી હતી. આકાશ ઘેરાઇ ગયું હતું. દૂરદૂરની પર્વતમાળા જાંબુડી વાઘા પહેરવા માંડી હતી. સીમ પાસે કાળા મેઘ પાણીમાં ઢૂકી રહ્યા હતા. ઝાંખા નીલ ઉજાસ પછવાડે સૂરજ અદૃશ્ય થઈ ગયો હતો. થોડી વારે મેઘના કડાકા થવા માંડ્યા. વચ્ચેવચ્ચે અછતી જેવી વીજળી રૂપેરી ઝબાકા દેતી જતી'તી. પાણી ઉપર લીલા, જાંબલી, રૂપેરી ને શ્યામ રંગો પલટા લેતા જતા'તા. મકનાની નજર ઘડીમાં તંગ સઢમાં તો ઘડીમાં આકાશમાં ફર્યે જતી'તી. થોડીવાર થયાં ઊગમણ દિશામાં મોટા પટ ચીરતી ફાંગ દેખાવા માંડી હતી; મકનો વારંવાર એ તરફ જોયા કરતો હતો.

અડો=જુઓ પાછલા પાના ઉપરનું ચિત્ર; આડિયો=જુઓ પાછલા પાના પરનું ચિત્ર; નિઠુર=નિષ્ઠુર; મુણસાઈ=માણસાઈ; સાતેસરી=સાત ઋષિ–સપ્તર્ષિનું તારામંડળ; સાતેસરી સીમ તરફ ઝોક ખાય=સપ્તર્ષિ ક્ષિતિજ પર નમે.



વહાણનાં અંગ-ઉપાંગ

અજાણી સાંકડી પાણીપંથારમાં દંગી વહેવા લાગી. મોટાં પાણી મૂકી રળિયામણી ભેખડો વચ્ચે આવતાં એ વાંકીચૂંકી વાટમાં લાંબા દોલ એક પછી એક ઝડપથી આવતા હતા, કારણ આ સાંકડી પંથારમાં પણ ઊંડા તાગ હતા. આ દોલ દંગીને પટાણભર કુદાવતા જતા હતા. એકેક ઘડી સુધી ઘટવધ વાવડાએ હેરિયાં કરતાં સારો જેવો પંથ કપાયો; પણ છેવટે વાવડો સાવ પડી ગયો, એટલે મકનાએ હલેસાં કાઢ્યાં. માંજીના હાથમાંથી બેડીકલ્લાં કાઢ્યાં અને એને હલેસાં આપ્યાં. મને-કમને પણ મકનાની નજર નીચે સંકોરાઈ જતા માંજીએ દંગીને હડસેલવા માંડી.

એ માંજરી આંખોના ખૂણા મકના તરફ કોઈ કોઈ વાર ખુન્નસભર્યા ચમકી ઊઠતા હતા, પણ મકનાને તેની પરવાહ નહોતી. એ નજરમાં મકનાના જાન માટેની ભૂખ સ્પષ્ટ દેખાતી રહેતી હતી, પણ ઘડીપળમાં મોતનો સામનો કરવાના હેવાયા નાયકને એની કશી અસર થાય એમ નહોતું. મકનાની શકરા જેવી નજર, ઊભરાતી દોલપરંપરાને, તરફડતા સઢને, તાલ લેતાં હલેસાંને, વધતીઘટતી ભેખડિયા કંઠારને અને ઓલીમિયાં માંજીને બધાંને હર મીટમાં સમાવી લેતી, છતાં ઇશારાભર પવનને પણ સઢમાં ભરી લેવા માટે વીણાને આમતેમ બદલાવવા સિવાયનો બીજો કોઈ વિચાર એને હોય તો તે એના ચહેરા ઉપરથી જાણવો અસંભવિત હતો. વચમાંવચમાં થોડો પવન ઊપડ્યે માંજી હલેસાં આરિયાં કરતો હતો, અને મઠાર થયે મકનો નજર ફેરવે તે પહેલાં જ ફરી ચલાવવા માંડતો હતો. એવા નામર્દોમાં જેટલી બદદિલની હિંમત હોય છે તેટલી હિંમત આવા ભયંકર દુશ્મનનો સામનો કરવાની નથી હોતી. મકનો ધારે તો એક જ મુઠ્ઠીએ પોતાના માળખાની ભંગાર બનાવી દે એ વાત એને સારી પેઠે સમજાઈ ગઈ હતી, છતાં પોતે ગોઠવી રાખેલા છટકામાં આ રાક્ષસી બદનનો છતાં બાળક બુદ્ધિનો નાખવો બેધડક ચાલ્યો આવતો હતો એ જોઈ અંતરમાં તો માંજી ખૂબ ફુલાતો હતો.


મોટાં પાણી=ખુલ્લો દરિયો; દોલ=હેલા, હડસેલા; ઊંડા તાગ=ઊંડાં પાણી; હેરિયાં કરવાં=પરમાણને ખુવાની એક બાજુથી બીજી બાજુ એવી રીતે ફેરવવું કે જેથી સઢમાં વધુ પવન ભરાય, એ રીતે સઢની જ મદદ વડે વહાણ હંકારવાની કળા તે 'હેરિયાં'; વધતી ઘટતી કંઠાર=દૂર જતો ને ઢૂકડાતો કાંઠો; આરિયાં કરતો'તો=બંધ રાખતો હતો; મઠાર થયે=પવન માડો થયે, પવન બંધ પડે ત્યારે.

ગુડા વચ્ચે બાંધી લીધી અને એના બદનને વાંઢાર અડા સાથે મુસ્કેટાટ કર્યું. મકનાના રાખસિયા પંજા હેઠળ માંજી લીલા વાંસ પેઠે બેવડાઇ ગયો. પછી મકનાએ પિસ્તોલના ઘોડા સાથે બાંધેલી વાધરીનો બીજો છેડો માંજીના ગળામાં માળા પેઠે પરોવ્યો. માંજી તો હેબતાઈ ગયા જેવા થઈ ગયો! જરા પણ હાલેચાલે તો પેલો નિઠુર તમંચો એની ખોપરીના ચૂરા ઉડાડી દે એવું જંતર મકનાએ બનાવ્યું હતું!

એકાદ પળ પોતાના શિકાર તરફ જોતા વાઘ પેઠે મકનો માંજીના કોથળા જેવા બદન તરફ જોઇ રહ્યો. પછી આસ્તેથી પાછળ હટયો અને ખુવા પાસે આવી પિસ્તોલના કાન ઉપરથી ટોટી હળવેકથી કાઢી લીધી. માજીને એ પ્રમાણે મારી નાખવામાં એની મુણસાઇને હીણપત લાગે. પિસ્તોલની બીક જ માંજી જેવા નામર્દને સવળો રાખવા બસ હતી એની મકનાને ખાતરી હતી, એટલે થોડી વારે તો એ ઘસઘસાટ ઊંઘવા માંડ્યો.

સાતેસરી સીમ તરફ ઝોંક ખાય ત્યાં તો મકનો ઊઠ્યો. માંજી લોચો વળી ઊંઘમાં ઢળી પડ્યો હતો. પિસ્તોલ કાન ચાટી ગઇ હતી! માંજીના હાલ જોઇ મકનાને હસવું આવ્યું. એણે એના બંધ છોડ્યા, પણ સરખો થવાની જહેમતમાં માંજી ચિલ્લાવા લાગ્યો. મકનાએ ડોલ ભરી ઠંડું પાણી એના ઉપર રેડયું અને તરિયા લોલી ધટાવવા માંડી. આ પ્રમાણે બીજા દહાડાની સફર શરૂ થઈ.

સાંજ પડવા માંડી હતી. આકાશ ઘેરાઇ ગયું હતું. દૂરદૂરની પર્વતમાળા જાંબુડી વાઘા પહેરવા માંડી હતી. સીમ પાસે કાળા મેઘ પાણીમાં ડૂબી રહ્યા હતા. ઝાંખા નીલ ઉજાસ પછવાડે સૂરજ અદૃશ્ય થઈ ગયો હતો. થોડી વારે મેઘના કડાકા થવા માંડ્યા. વચ્ચેવચ્ચે અછતી જેવી વીજળી રૂપેરી ઝબાકા દેતી જતી'તી. પાણી ઉપર લીલા, જાંબલી, રૂપેરી ને શ્યામ રંગો પલટા લેતા જતા'તા. મકનાની નજર ઘડીમાં તંગ સઢમાં તો ઘડીમાં આકાશમાં ફર્યે જતી'તી. થોડીવાર થયાં ઊગમણુ દિશામાં મોટા પટ ચીરતી ફાંગ દેખાવા માંડી હતી; મકનો વારંવાર એ તરફ જોયા કરતો હતો.



વહાણનાં અંગ-ઉપાંગ


અડો=જુઓ પાછલા પાના ઉપરનું ચિત્ર; આડિયો=જુઓ પાછલા પાના પરનું ચિત્ર; નિઠુર=નિષ્ઠુર; મુણસાઈ=માણસાઈ; સાતેસરી=સાત ઋષિ–સપ્તર્ષિનું તારામંડળ; સાતેસરી સીમ તરફ ઝોક ખાય=સપ્તર્ષિ ક્ષિતિજ પર નમે.

દરિયાલાલની આ લીલા જોઇ દુનિયાનો ખાધેલ આ નાખવો પણ ડઘાઇ ગયો. આસ્તે આસ્તે વો ભેળો તરતો કંઠારે ઊતર્યો.

ત્રીજે દહાડે ભવાન તંડેલ અને બાર હથિયારબંધ ખારવાઓ આશાપુરાની મોટી દંગી લઈ આ તરફ આવી પહોંચ્યા. મકનાના દીદાર જોઇ બધા તાજુબ થયા. એના ચહેરા ઉપર કોઇ ઊંડી ગંભીરાઈ છાઇ રહી હતી.

કોટિયા ઉપર પહોંચી મકનાએ મોટે દરિયે જઇ મોરો ચોકી ફેરવ્યો. વતનનાં પાણી સૂંઘતો કોટિયો ગેલમાં આવી દોડવા માંડ્યો.

કેટલેક દહાડે કાનજીને એણે માંડીને બધી વાત કહી. વખત જતાં કોટિયાના બધા ખારવાઓએ પણ એ વાત જાણી અને તે દહાડેથી ખારવી દુનિયાના મકના નાયકનું નવું નામ પડ્યું: '**ધુડાકિયો બાણુ**'.



હવે માંજીએ જબાન ખોલી. પોતાની બોલીમાં એ સડસડાટ બોલવા માંડ્યો. એની આંગળી ફાંગની ઓતરાદી દિશ તરફ ચીંધી રહી હતી. મકનાએ નાળિયા દૂરબીન લઇ એ તરફ જોયું. પાણીના મેલા ખદબદાટ ઉપરથી ત્યાં કોઈ માતબર નદમુખ હોવાનું એણે અનુમાન કર્યું.

આ પળે જ મેઘગર્જનામાં ચોખ્ખી ભાત પાડતો એક ઘેરો ધડાકો થયો! મકનાના અચંબાનો પાર ન રહ્યો! નાળ નીચી કરી એણે તીણી આંખે માંજી તરફ જોયું. માંજી ઝડપથી કંઇ બોલ્યે જતો હતો અને એ દિશ તરફ ચીંધ્યે જતો હતો. ફરી બીજો ધડાકો થયો અને મકનાએ ફરી નાળ આંખે માંડી. એ ખદબદાટ જાણે ઊભરાતો–શમતો હોય એમ લાગ્યું, પણ ઘણી યે વાર જોવા છતાં ફરી ઊભરો દેખાયો નહિ. મકનાને ઝડપથી વિચાર આવવા લાગ્યા. કોઇ અગમ્ય રીતે માંજીએ દુશ્મનને ચેતાવ્યા તો ન હોય? અથવા કાંસોલાંતના ગુમ થયાથી એને શોધતું કોઇ ફોજી જહાજ તો ફરતું ન હોય? પણ ચોર શોધનાર આમ ગાજતી તોપે ન આવે. વળી આ ધડાકા તોપ જેવા હતા, પણ તોપના ન હતા. તોપોની સુરાવટ અને સરગમ તો મકનાના કાનમાં એ સમજણો થયો ત્યારની ઊતરી ગઈ હતી. મકનાને ખાતરી હતી કે આ અવાજ તોપના ન હતા. એ અવાજનો ભેદ એને ન સમજાયો.

કોઇ પણ વાતનો ભેદ ન સમજાય તો એનો પાર ગોતવામાં મકનો જીવ જોખમાવે, પણ અણઉકેલ્યો ભેદ એ સહન કરી શકે એમ નહોતું. ઘડી પણ વિચાર કરવા ન થોભતાં મકનાએ સાર ઘટાવી, સઢ લફાવ્યો, પરમાણ ફેરવ્યું, સાર વધાવી, વીણો દાબ્યો અને પછાડા મારતી દંગી ઇશાન તીરે વધવા માંડી.

ઓલીમિયાંની ઉમેદ બર આવી. મકનાને આ તરફ લેવા એ કયારનો ઊદકી રહ્યો હતો, પણ આસાનીથી મકનો આ કાળમુખમાં પ્રવેશ કરશે એમ એણે નો'તું ધાર્યું. આ કોઇ વાર ઘેરા, કોઇ વાર ભીષણ, એવા ધડાકા એણે આગળ પણ સાંભળ્યા હતા અને એ અવાજથી એ દૂર નાઠો હતો. એ ધડાકા શાના છે તે વિષે એને કંઇ ખબર નો'તી, કારણ એ

સાર ઘટાવી(સાર=ખુવાની જે બાજુએ પરમાણ હોય તેની સામી બાજુએ ખુવાને સ-તાણ બાંધી રાખવાનું દોરડું) દોરડું ઓછું કર્યું; સઢ લફાવ્યો=સઢ ખુલ્લો કર્યો; પરમાણ=સઢ બાંધવા માટેનું લાકડું; ઈશાન તીરે=ઈશાન ખૂણે, ૧૧ અંશે.

ખાડા તરફની એની ગતિ બહુ ધીમી થઇ ગઇ હતી. આ ચક્રાવાના વેગથી જ જાણે કિસ્તીનું પડાણુ પાણી ઉપર ચોંટી ગયું હતું!

આ ભયંકર બનાવની શરૂઆતમાં તો મકનો વ્યાકુળ બની ગયો હતો, પણ મોતના જંતરમાં થિર થયા પછી એના દિલમાં અજબ સ્વસ્થતા આવી ગઇ અને ચાંદાના ઝાંખા પ્રકાશમાં એ ચોતરફ જોવા લાગ્યો.

આ ઘૂમરીમાં મકનાની કિસ્તી એકલી જ ભોગ નો'તી બની. કિસ્તીની ઉપર, નીચે, પાછળ અને આગળ અનેક ઓળાઓ ઘૂમતા હતા. નાના-મોટા ખુવા, સુકાન, આડિયા, પાટિયાં, પીપાં, પેટીઓ, રસ્સા વગેરે ભંગાર, મોતની ગરબી રમતી, એકબીજા પાછળ ગોળગોળ ફરતી ધસ્યે જતી હતી, અને એમ ધસતાં ધસતાં વચ્ચે ઊંડા બનતા ખાડા તરફ સરકતી જતી હતી. આમાં કેટલાંક વળી ધીમેધીમે સરકતાં હતાં તો કેટલાંક ઝડપથી સરકી ખાડામાં ગરક થઇ જતાં હતાં. વારાફરતી દરેક આકાર ઉપર મકનાની નજર ઠરતી જતી હતી, અને કયો આકાર ક્યારે ખાડા પાસે પહોંચશે એ વિષે તર્ક સુદ્ધાં એના મગજમાં આવતા જતા હતા.

સાત સાયરના ભોંયા મકનાએ અનેક ભરતિયા ભમરબાણ (tidal maelstrom) જોયા હતા. તેમાંના કેટલાકે તો એને માંડ જીવતો છોડ્યા હતો. એક જુવારિયો ભમર આધન (એડન) અને શાહબંદર વચ્ચેની ધોરી વાટમાં ઘૂમે છે. એકવાર એક ફરાસી (પર્શિયન) સોદાગરની પૂંઠે પડતાં એ ભમરની ટૂકડેથી જતો'તો ત્યારે વીસવીસ કોશ ઉપર એનાં પડાણુ ઘણુ-ઘણી રહ્યાં'તાં. પણ આજે પોતે જેમાં સપડાયો હતો તે આ ભમર એવો જુવારિયો (tidal) નો'તો. મકનાએ થિર મગજે વિચારવા માંડ્યું. ચાંદા-નો અરઅંશ (lattitude) તો મપાય એમ નો'તું, પણ કયાસ કરતાં એને લાગ્યું કે આલર લાગ્યે અધપોર તો જરૂર થયો હશે. તરત એને આલરિયા બાણ (ebb maelstrom) વિષે સાંભળેલી વાતો યાદ આવી. આ

ભરતિયો ભમરબાણ=જુવારિયો ભમરબાણ (flood maelstrom). એની ઉત્પત્તિ-નું કારણ એ છે કે અનેક વાંકાચૂંકા નાળોમાંથી ઘોડાપૂર (bore-tidal waves) ત્રાટકે ત્યારે એક ઠેકાણે બધાં પૂર ભટકાવા માંડે છે અને અધજુવારથી તે ભાંગ લાગે (ઓટ શરૂ થાય) ત્યાં સુધી ભમરબાણુ ચકરાવા મારે છે. જુવારિયા ભમરબાણુ વિષે બીજી હકીકત જાણવા જેવી એ છે કે પાણીના તાગ જેમ છીછરા તેમ ભમરનું જોર વધારે. આલર લાગ્યે=ઓટ શરૂ થયે. આલરિયો ભમરબાણુ=ebb maelstrom જુવારિયા ભમરબાણુથી ઊલટો તે ઓટિયો ભમરબાણ. એ, જુદીજુદી દિશામાંથી:દોડી દોડી

ભમરબાણુ નીચે ધરતી ન્હોય! આ તો હજારમુખા શેષનાગની જલ્લા-ધારી! આ તો ભભૂતધર મહાકાલના ત્રીજા લોચનના પ્રલયના ભડકા વિસાવનાર દરિયાલાલનાં પાતાલપૂર! જે દહાડે મરજાદા તોડવાની ભેરી બાજે તે દહાડે એક જ ઉબગાકે પૃથ્વી જલાકાર કરવા માટે દરિયાલાલે સંઘરી રાખેલાં આ પૂર! મરજાદા મૂકવા આડે આણુ હોય ત્યાં સુધી ક્યાંક ક્યાંક છુપાવી રાખેલાં આ પૂર! પેટમાં અસેવાતા વડવાનળના ભડકા બળે ત્યારે કોઈ વાર મહાભક્ષનાં ખપ્પર ભરી લે એ આ પૂર!

આવા ભમરબાણ વિષે નાનપણથી સાંભળેલી અનેક વાતો મકનાના મનમાં તાજી થવા માંડી. એની નજર તો જુદાજુદા આકારોને ગરક થતા

ભટકાતાં મોજાંને લીધે નથી થતો. દરિયાની ભીતરમાં ભયંકર ભૂકંપ કે જ્વાળા-મુખીના જોરે ધરતી ફાટે અને રસાતલનાં ઢાંકણાં ઊઘડી જાય ત્યારે એ અતલકૂપમાં દરિયો ઠલવાય છે. ભરતી ટાણે એ કૂપ ભર્યામાં ભર્યો બનતો હોતાં છુપાએલો રહે છે; પણ ઓટ વખતે, જ્યારે મહાસાગર પોતે દીધેલાં ભરતીનાં પાણી પાછાં માગે છે ત્યારે, આસપાસનાં પાણી આ પાતાલકૂપને પૂરવા ધસે છે. પૃથ્વીની નાભિએથી જાણે કુમ્ભક પ્રાણ ચૂશ મારતી હોય તેમ, આસપાસની વસ્તુજાતને એ કૂપ પોતામાં ખેંચે છે.

પૃથ્વીની ભીતરમાં ધખધખી રહેલા વડવાનળને લીધે ઊંડેઊંડે પાણી નીચેની મોટી બખોલોમાં વાયુમંડળ ઘેરાય છે. એની ગરમીથી 'વૅક્યૂમ'ની બખોલો પણ બને છે. વાયુ ઉપર દબાણ થતાં પાણીમાં ખદબદાટ બોલાવતો એ વાયુ બહાર નાસી છૂટે છે, પણ 'વૅક્યૂમ' તો પાણીને નાનીમોટી બખોલોમાં આવતું અટકાવી દે છે. પાણીના બોજને ટકાવી રાખતું આ આકાશ, ભરેલા ડાઇનેમાઈટ જેવું, બખોલની છત ઉપરની સેંકડો હાથની જમીનને આધાર વિનાની બનાવી દે છે. જ્યાં સુધી આ બખોલ નાની હોય છે ત્યાં સુધી આ જમીન આસપાસની જમીનને ટેકે ટીંગાઈ રહે છે; પણ જ્યારે વખત જતે આ બખોલ વિશાળ ગુફા બની રહે છે ત્યારે, પૂનમ-અમાસનાં મોટાં પાણી વખતે કે આખરની ઋતુમાં દરિયો ગરમ થવાને વખતે ગુફાની છત ભાર નથી ઝીલતી. આસપાસ ઊડતા વાયુના પરપોટાઓનું એકાદ બુંદ એ 'વૅક્યૂમ'માં નાનકડું ગાબડું પાડે છે, ને પાયો નીકળી જતાં જમીન ગરક થવા માંડે છે. 'વૅક્યૂમ' ભેદાતાં જબરદસ્ત ધડાકો કરતાં પાણી પણ તૂટી પડે છે.

દૂરદૂરથી લોકો કોઈ ગામને, કોઈ શહેરને આમ ગરક થતું જોઈ રહે છે અને નાનકડાં ઝૂંપડાંઓ પાછળ છોડી કંઠારથી વળી કોશ છેટા જઈ રહે છે.

આવાં મેલસ્ટ્રમ નોર્વેમાં લોફોડન ને મોસ્કો (Moskoe) વચ્ચે થાય છે અને એનું (વાસ્તવિક પણ કાર્યકારણ-મીમાંસામાં શંકાસ્પદ) વર્ણન અમેરિકન લેખક એડગર ઍલન પોએ પોતાના એક પુસ્તક (ટેઈલ્સ ઑવ મિસ્ટરી ઍન્ડ ઈમૅજિને-શન)માં કર્યું છે.


અસેવાતા=ન સહેવાતા.

દરિયાલાલની આ લીલા જોઇ દુનિયાનો ખાધેલ આ નાખવો પણ ડઘાઇ ગયો. આસ્તે આસ્તે વો ભેળો તરતો કંઠારે ઊતર્યો.

ત્રીજે દહાડે ભવાન તંડેલ અને બાર હથિયારબંધ ખારવાઓ આશાપુરાની મોટી દંગી લઈ આ તરફ આવી પહોંચ્યા. મકનાના દીદાર જોઇ બધા તાજુબ થયા. એના ચહેરા ઉપર કોઇ ઊંડી ગંભીરાઈ છાઇ રહી હતી.

કોટિયા ઉપર પહોંચી મકનાએ મોટે દરિયે જઇ મોરો ચોકી ફેરવ્યો. વતનનાં પાણી સૂંઘતો કોટિયો ગેલમાં આવી દોડવા માંડ્યો.

કેટલેક દહાડે કાનજીને એણે માંડીને બધી વાત કહી. વખત જતાં કોટિયાના બધા ખારવાઓએ પણ એ વાત જાણી અને તે દહાડેથી ખારવી દુનિયાના મકના નાયકનું નવું નામ પડ્યું : **'ધુડાકિયો બાણ'.**



હવે માંજીએ જબાન ખોલી. પોતાની બોલીમાં એ સડસડાટ બોલવા માંડ્યો. એની આંગળી ફાંગની ઓતરાદી દિશ તરફ ચીંધી રહી હતી. મકનાએ નાળિયા દૂરબીન લઇ એ તરફ જોયું. પાણીના મેલા ખદબદાટ ઉપરથી ત્યાં કોઈ માતબર નદમુખ હોવાનું એણે અનુમાન કર્યું.

આ પળે જ મેઘગર્જનામાં ચોખ્ખી ભાત પાડતો એક ઘેરો ધડાકો થયો! મકનાના અચંબાનો પાર ન રહ્યો! નાળ નીચી કરી એણે તીણી આંખે માંજી તરફ જોયું. માંજી ઝડપથી કંઇ બોલ્યે જતો હતો અને એ દિશ તરફ ચીંધ્યે જતો હતો. ફરી બીજો ધડાકો થયો અને મકનાએ ફરી નાળ આંખે માંડી. એ ખદબદાટ જાણે ઊભરાતો–શમતો હોય એમ લાગ્યું, પણ ઘણી યે વાર જોવા છતાં ફરી ઊભરો દેખાયો નહિ. મકનાને ઝડપથી વિચાર આવવા લાગ્યા. કોઇ અગમ્ય રીતે માંજીએ દુશ્મનને ચેતાવ્યા તો ન હોય? અથવા કાંસોલાંતના ગુમ થયાથી એને શોધતું કોઇ ફોજી જહાજ તો ફરતું ન હોય? પણ ચોર શોધનાર આમ ગાજતી તોપે ન આવે. વળી આ ધડાકા તોપ જેવા હતા, પણ તોપના ન હતા. તોપોની સુરાવટ અને સરગમ તો મકનાના કાનમાં એ સમજણો થયો ત્યારની ઊતરી ગઈ હતી. મકનાને ખાતરી હતી કે આ અવાજ તોપના ન હતા. એ અવાજનો ભેદ એને ન સમજાયો.

કોઇ પણ વાતનો ભેદ ન સમજાય તો એનો પાર ગોતવામાં મકનો જીવ જોખમાવે, પણ અણઉકેલ્યો ભેદ એ સહન કરી શકે એમ નહોતું. ઘડી પણ વિચાર કરવા ન થોભતાં મકનાએ સાર ઘટાવી, સઢ લફાવ્યો, પરમાણ ફેરવ્યું, સાર વધાવી, વીણો દાબ્યો અને પછાડા મારતી દંગી ઇશાન તીરે વધવા માંડી.

ઓલીમિયાંની ઉમેદ બર આવી. મકનાને આ તરફ લેવા એ કયારનો ઊદકી રહ્યો હતો, પણ આસાનીથી મકનો આ કાળમુખમાં પ્રવેશ કરશે એમ એણે નો'તું ધાર્યું. આ કોઇ વાર ઘેરા, કોઇ વાર ભીષણ, એવા ધડાકા એણે આગળ પણ સાંભળ્યા હતા અને એ અવાજથી એ દૂર નાઠો હતો. એ ધડાકા શાના છે તે વિષે એને કંઇ ખબર નો'તી, કારણ એ

સાર ઘટાવી(સાર=ખુવાની જે બાજુએ પરમાણ હોય તેની સામી બાજુએ ખુવાને સ-તાણ બાંધી રાખવાનું દોરડું) દોરડું ઓછું કર્યું; સઢ લફાવ્યો=સઢ ખુલ્લો કર્યો; પરમાણ=સઢ બાંધવા માટેનું લાકડું; ઈશાન તીરે=ઈશાન ખૂણે, ૧૧। અંશે.

ત્રિભુવનનાથ કટજુ (અનુસંધાન પૃષ્ઠ ૩૦૭થી) એમની નાનીશી દુનિયામાં પણ પ્રલોભનોની ખોટ ન હતી અને એની તકો પણ આવતી; છતાં એ પ્રલોભનો કયારે ય પિતાજીને વિચલિત કરી શકયાં ન હતાં અને એ તોફાની મોજાંઓની વચ્ચે પણ પિતાજી પવિત્રતાના શિખરની જેમ અડગ બની ઊભા રહ્યા હતા. તેમના પગાર (જે વર્ષો પર્યંત ઘણો ઓછો હતો) સિવાય તે કયારે ય એક પાઇને પણ અડકયા ન હતા. એક વાર તેમણે મને ખૂબ વેદનાપૂર્ણ સ્વરે જણાવ્યું હતું કે જ્યારે તે ૨૦-૨૨ વર્ષના હતા તે વખતે તેમણે કો'કની પાસેથી બે નાની નાની રકમો (જે હું માનું છું કે કદાચ કુલ રૂપિયા ૨૦૦થી વધારે ન હતી) લાંચ તરીકે લીધી હતી. પરંતુ એ માટે એમને જિંદગીભર પસ્તાવો રહ્યો હતો અને જ્યારે પણ એ વાત યાદ આવતી, ત્યારે ખૂબ દુઃખ થતું. એ બાબતમાં એ એટલા કડક હતા કે અમારા ઘરમાં કદી સરકારી સ્ટેશનરી, કાગળ-પેન્સિલ વગેરે ખાનગી કામ માટે લાવવામાં આવતાં નહિ.

આવા ખરાપણા તથા પ્રામાણિકતા માટે સૌકોઇ પિતાજી વિષે આદર ધરાવતું. એ પોતે પણ મનમાં એ જાણતા. એમના અનેક ગુણો વચ્ચે કદાચ નમ્રતાની ખોટ હતી. પરિણામે પોતાની પ્રામાણિકતા માટે તેમને અભિમાન હતું, અને એને વારંવાર પોતાના મિત્રો, હાથ નીચેનાં માણસો તથા સહકાર્યકર્તાઓ સમક્ષ દાખલા રૂપે રજૂ પણ કરતા. આ દૃઢતાએ તેમના વ્યક્તિત્વ અને સ્વાભિમાનને ખૂબ ઊંચાં ચડાવી દીધાં હતાં. એ ભાવનાશીલ પણ ઘણા હતા. એક વાર પ્રધાન યારમોહમ્મદખાંએ જરા ખીજવાઇને તેમને લખ્યું કે તેણે જેટલી આશા રાખી હતી તેટલી મદદ તેને તેમના તરફથી મળતી ન હતી; એટલે પિતાજીએ પણ આગળપાછળનો જરા પણ વિચાર કર્યા વિના ભારે ગર્વ સાથે 'હું તો પૂરી મહેનત કરું છું, પરંતુ જો પ્રધાનસાહેબ એમ માનતા હોય કે હું એમને પૂરેપૂરી મદદ નથી કરતો, તો પછી મારે રાજ્યની નોકરીમાં રહેવું બેકાર છે'–એમ કહીને ત્યાં ને ત્યાં જ રાજીનામું આપી દીધું હતું. એમ કરવું એ પિતાજી માટે ઓછા સાહસની વાત ન હતી, કારણ કે અમારું કુટુંબ વિશાળ હતું, અને એમાં વધારો થયે જ જતો હતો. જો પિતાજીનું રાજીનામું મંજૂર થઈ ગયું હોત, તો એ ભારે સંકટમાં આવી પડયા હોત. પ્રધાન સાહેબ પણ કદાચ તે વખતે ભૂલી ગયા હશે કે આ હું કોને કહી રહ્યો છું. પણ તરત જ તેમને પોતાની ભૂલ જણાઈ અને પિતાજીને મિત્રતાપૂર્ણ, બલકે ભ્રાતૃભાવપૂર્ણ એક કાગળ લખીને આટલા અધિક લાગણીવશ બનવા માટે ઠપકો આપ્યો, અને વાત ત્યાં જ પૂરી થઈ ગઈ. મને જરા પણ સંદેહ નથી કે પિતાજીએ પોતાનાં દાખલા તથા રીતભાતથી માત્ર પોતાનાં બાળકોને જ નહિ, પરંતુ એ જમાનામાં પોતાના પ્રભાવ નીચે આવનાર દરેક વ્યક્તિને નેકીના રાહે ચાલવા ફરજ પાડી હતી.

એમને વિકાસ માટે ઝાઝી તક મળી નહોતી ને એમનું કાર્યક્ષેત્ર એક નાનાશા રજવાડા પૂરતું જ રહ્યું હતું. વધુ અનુકૂળ પરિસ્થિતિમાં એવી શક્તિ અને ચારિત્ર્યવાળી વ્યક્તિ જરૂર આગળ વધત એવું એ જાણતા હતા અને એમ કહેતા પણ હતા. ઘરમાં અને બહાર તથા નવાબ સાહેબના મહેલમાં લગભગ દરેક વિષય પરત્વે એ કાંઇક ને ને કાંઈક પોતાના આગવો મત ધરાવતા અને દૃઢતાપૂર્વક અને વ્યક્ત પણ કરતા. ડૉ. જૉન્સનની જેમ એ પણ પ્રતિવાદ કરવા હમેશાં અધીરા રહેતા. મૂર્ખાઓને સહન કરી લેવા એ એમને માટે અસંભવિત હતું, અને પોતે તેમને કેવા માને છે એ એમના મોંએ કહી દેતાં પણ અચકાતા નહિ. છાપાં વાંચવાના શોખને લઇને દેશવિદેશની બધી બાબતોના એટલા જાણકાર હતા કે એ બધા વિષયો પર પોતાનો મત સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પ્રગટ કરતા. ૧૮૭૫માં બદ્રીનાથજીના આકસ્મિક

ધુડાકિયો બાણુ

ગયા બે માસથી પુસ્તિકાકારમાં છપાતી સ્વ. 'સુકાની'ની એ લઘુ નવલનો છેલ્લો હપતો આ અંકની વચ્ચે જોડેલો છે. વચ્ચેના વાળાના ટાંકા ઉઘાડીને તમે એ કાઢી લઈ શકશો અને આગલા બે હપતાને અનુસંધાને આ હપતાને સીવીને પોતા માટે નાની પુસ્તિકા બનાવી લઈ શકશો.

છૂટી પ્રતો

એ પુસ્તિકાની તૈયાર બાંધેલી છૂટી પ્રતો પણ કોઈને જોઇતી હશે તો તે કિફાયત કિંમતે મળી શકશે. પુછાવો.

કુમાર કાર્યાલય લિમિ૦ અમદાવાદ

મૃત્યુએ, પૂરા ચૌદ વર્ષના થાય તે પહેલાં એમને જીવનસંગ્રામમાં ધકેલી મૂકયા હતા અને મોટા કુટુંબમાં કોઇ વડીલના કાબૂમાં રહેલા ન હતા, તેથી એ આત્મનિર્ભર તથા પોતાની વાત જ સાચી છે એવા સ્વ-સત્યવાદી—અડગ સ્વભાવના બની ગયા હતા. કોઈ પણ કામ કરવા માટે એ સદા તત્પર રહેતા. ગ્રામસુધાર-યોજનાઓ પ્રતિ તેમને વિશેષ રૂચિ હતી. તેમણે મકાનોના બાંધકામની દેખરેખ કરી, બાગબગીચા તૈયાર કરાવ્યા, ડેરી ફાર્મ ખોલાવ્યાં, આમ દુનિયાની દરેક બાબતમાં તે કાંઈક ને કાંઈક જ્ઞાન ધરાવતા. એમના આ સ્વભાવનો અમારા ઘરમાં વિચિત્ર પ્રત્યાઘાત પડયો હતો–ખાસ કરીને મા પર ને બાળકો પર!

ઈ. સ. ૧૮૯૮માં જ્યારે પિતાજી માત્ર સાત વર્ષના જ હતા, તે વખતે તેમનાથી બે'ક વર્ષે મોટી કન્યા સાથે એમનાં લગ્ન થએલાં. થોડાં જ વર્ષોમાં એ બુદ્ધિ ને ચારિત્ર્યબળમાં પિતાજી કરતાં ઘણી આગળ નીકળી ગઈ. એ જે કાંઈક વાંચતાંલખતાં શીખી તે આપમેળે જ; અને પિતાજીની સરખામણીમાં એની જ્ઞાનપિપાસા ઘણી તેજ હતી. જ્યારે હું માત્ર આઠ મહિનાનો હતો તે વખતે મારાં દાદીમાંનો સ્વર્ગવાસ થયો ને પછી તો અમારા કુટુંબમાં મા, પિતાજી અને અમે બાળકો જ રહેલાં. પિતાજીની પેઠે માને પણ કૌટુંબિક બાબતોમાં સલાહ આપનાર કે માર્ગદર્શક કોઈ વૃદ્ધ સ્ત્રી ઘરમાં ન હતી. મને લાગે છે કે માની બૌદ્ધિક ઉચ્ચતાને પિતાજી પામી ગયા હતા, અને એમ પણ માનવા લાગ્યા હતા કે જ્ઞાન અને તર્કશક્તિમાં પોતે એની બરોબરી નહિ કરી શકે. પરિણામે કયારેક પતિના જન્મસિદ્ધ અધિકાર દ્વારા તે એને દબાવવાનો પ્રયાસ કરતા. હું કાંઇક સમજણો થયો ત્યારે હું જોતો કે કયારેક પિતાજીનાં કટુ વચનોથી માને બહુ દુઃખ થતું. એવું લાગતું કે જાણે બંનેમાં હાસ્યરસનો અભાવ છે. બંને બેહદ કડક રહ્યા કરતાં. પિતાજી બહાર ભલે ખુલ્લે દિલે વાત કરતા હશે, પણ ઘરમાં એમને તો કયારે ય મૃદુ રૂપમાં નથી જોયા. આવા સ્વભાવને કારણે બને વચ્ચે સંઘર્ષ થયા કરતો. માનો એવો દૃઢ મત હતો કે નારીને બધી જ રીતે પુરુષ સાથે સંપૂર્ણપણે સમાન હોવાનો દૈવી અધિકાર છે. એ એવું કદી સ્વીકારવા તૈયાર ન હતી કે પતિનું કામ માત્ર હુકમ કરવાનું અને પત્નીનું એ બજાવવાનું જ છે. તે માનતી કે જીવનસંગ્રામમાં પતિપત્ની બંને સાથી અને સહયોગી છે. પિતાજીનો મત એથી ઊલટો જ હતો; અને પોતાના એ મતના સમર્થનમાં કોઇ પ્રમાણ નથી એમ જાણવા છતાં ઘરમાં પોતાનો જ હુકમ ચાલવો જોઇએ એવી એમની

કોશિશ રહ્યા કરતી. ૧૮૯૫માં મારા માતામહ ગુજરી ગયા અને માને માટે પોતાના ઘર સિવાય બીજું કોઇ સ્થાન ન રહ્યું.

સ્વભાવોની આવી ભિન્નતા હોવા છતાં પણ માએ ગમે તેમ કરીને ઘરસંસાર નિભાવ્યો. એક વાર તો તેણે મને, પોતે પિતાજીની આવી કઠોરતા અને અવિચારીપણું શા માટે સહન કરી લે છે તેનું રહસ્ય પણ બતાવ્યું હતું. તેણે કહેલું કે કોઇ પણ સ્ત્રી પતિનું પરસ્ત્રીગમન હરગીઝ માફ નથી કરી શકતી; એટલે પતિ પોતાના પ્રત્યે વફાદાર છે એટલી પ્રતીતિ હોય તો પત્નીની દૃષ્ટિમાં તેનો આ એક ગુણ તેના બીજા બધા ય અવગુણોને ઢાંકી દે છે. આ દૃષ્ટિથી જોતાં પિતાજી એક આદર્શ પતિ હતા. ન તો એમના ચારિત્ર્યમાં કોઇ ખામી હતી કે ન તો એમનામાં દુર્વ્યસન હતું. ઘરની પૂરી માલિકણ મા હતી. પિતાજીનો આખો યે પગાર એના હાથમા પડતો; પછી એ તેને યોગ્ય લાગે તે રીતે વાપરે. જ્યારે પણ માને પિતાજી વિરુદ્ધ કાંઈક ફરિયાદ કરવાની થતી યા તેના મનને આઘાત પહોંચતો તે વખતે એ એમના ગુણોને જ યાદ કરતી અને મનમાં ને મનમાં જ આવો પતિ મળવા માટે પોતાને નસીબદાર ગણતી. માત્ર સ્વભાવોની આ ભિન્નતા સિવાય તો પિતાજી ખૂબ પ્રેમાળ અને વફાદાર પતિ હતા. ૧૯૦૮માં મેં જ્યારે યુક્ત પ્રાંતમાં વકાલત શરૂ કરી, ત્યારે પિતાજી અને મા પર તેના ભારે પ્રત્યાઘાત પડ્યા હતા. માની ઉમર તે વખતે ૫૦ વર્ષની હતી; અને જ્યારે એને થયું કે હવે તેના પોતાના દીકરાનું એક એવું ઘર તૈયાર થઈ ગયું છે કે જ્યાં પોતે અધિકારપૂર્વક જઈ શકે છે ત્યારે તો એની સ્વતંત્રતાની ભાવના પહેલાં કરતાં પણ વધુ પ્રબળ બની ગઈ. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ પિતાજી પણ વધુ નરમ થતા ગયા અને પછી તો મા સાથેના વ્યવહારમાં એ સદા ધ્યાન રાખતા કે હવે દરેક વાતમાં પોતાનો કક્કો ખરો નહિ થઈ શકે.

માતાપિતાની આ કઠોર ગંભીરતાની તેમનાં સંતાનોનાં મન પર બહુ ખરાબ અસર પડી. બંનેમાંથી એકેય હસમુખા કે કોમળ સ્વભાવનું ન હતું. ઉપરાંત માને તો ઘરના કામકાજમાંથી જ નવરાશ મળતી નહોતી. બીજી બાજુ પિતાજીનો પોતાનો આગવો કાર્યક્રમ હતો. એ સવારના અગિયાર વાગ્યે ઑફિસે જતા ને સાંજે ૬ વાગ્યે ત્યાંથી પાછા ફરતા. પછી અરધા કલાક બાદ વાળુ વગેરે પતાવીને એ પ્રધાન સાહેબના બંગલે મળવાહળવા અને વાતો કરવા ચાલ્યા જતા, તે ઠેઠ રાતના અગિયાર વાગ્યા બાદ, જ્યારે બધા બાળકો ઊંઘી ગયાં હોય તે વખતે પાછા ફરતા. અમારે ને એમને ભાગ્યે જ કોક વાર થોડીઘણી વાતચીત થતી, અને તેમાં ય ખુલ્લા દિલે તો ક્યારે ય નહિ. આ રીતે માબાપના સ્નેહથી એક રીતે હું વંચિત રહ્યો હતો.

મારાં નાનાં ભાઈબહેનોને પણ (જોકે કાંઈક ઓછા પ્રમાણમાં) એવો જ દુઃખદ અનુભવ થયો હતો. ૧૮૯૯માં જન્મેલી મારી સૌથી નાની બહેન અમારામાં વધુ ભાગ્યશાળી હતી. ૧૯૦૫માં લગ્ન કરી જ્યારે મારી પત્નીને હું ઘેર લાવ્યો, ત્યારે જાણે કે પિતાજીના પિતૃપ્રેમનો બંધ જ તૂટી ગયો. મારી પત્નીની ઉમર તે વખતે માત્ર ચૌદ વર્ષની જ હતી, અને અમારા ઘરમાં પગ મૂકતાં જ પિતાજીએ પોતાનો બધો પ્રેમ તેના પર ઢાલવી દીધો. તેઓ એને રોજ નવી નવી ભેટો લાવીને આપવા લાગ્યા. તેને ઉર્દૂ ભણાવવું શરૂ કર્યું અને કલાકો તેની સાથે ગપ્પાં હાંકવા અને પાનાં રમવા લાગ્યા. આ રીતે કદાચ પહેલી જ વાર પિતાજી કુટુંબમાં હસતાં અને જીવ બહેલાવતાં શીખ્યા.

કાશ્મીરી પંડિતોની પરંપરા મુજબ, લગ્ન બાદ મારી પત્ની અમારે ઘેર આવી એટલે તેનું નામ 'લક્ષ્મીરાણી' રાખવામાં આવ્યું. પિતાજીને ઘણાં પૌત્ર-પૌત્રીઓ હતાં. એ બધાંયને એ ખૂબ વહાલ કરતા, પરંતુ સૌથી વધુ એ લક્ષ્મીરાણીનાં બાળકોને જ ચાહતા. ૧૯૧૦માં લક્ષ્મીરાણીને પ્રથમ બાળક થયું. પિતાજીનું તેની સાથે રમવું અને હસવું જોવા જેવું થતું. તેમને એમ કરતા જોઈ મને ઇર્ષ્યા થતી. હિંદુ કુટુંબોમાં વહુઓને જેટલાં લાડ અને માન મળે છે, એટલાં લક્ષ્મીરાણીને પણ અમારે ત્યાં મળ્યાં હતાં; પરંતુ થોડા વખતમાં જ તેના ગુણને લઇને પિતાજી તેને પોતાની દીકરીઓ કરતાં પણ વધુ ચાહવા લાગ્યા. ૧૯૪૪માં જ્યારે તે ગુજરી ગઈ ત્યારે પિતાજીના હૃદયને ભીષણ વેદના થઈ અને એના ત્રણ મહિના બાદ તેમણે પણ પોતાની આ દુનિયાની લીલા સમાપ્ત કરી દીધી! લક્ષ્મીરાણીની બુદ્ધિમત્તા, તેનો સરળ અને મીઠો સ્વભાવ, શાંત અને સ્થિર મત, યોગ્યતાપૂર્વક ઘરસંસારની દેખરેખ તથા ધીરજ અને સહનશીલતાપૂર્વક દુઃખ વેઠવાની વૃત્તિ, એ બધાંને કારણે પિતાજી તેનો ખૂબ આદર કરતા. અમારા કુટુંબ માટે તો એ સાક્ષાત્ લક્ષ્મી જ હતી, કારણ કે તે પોતાની સાથે સુખ અને સૌભાગ્ય લઇને આવી હતી.

જાવરાથી મારું ચાલ્યા જવું પિતાજીને ગમ્યું નહોતું. અમારા વંશની જડ હવે ત્યાં સિવાય બીજે ક્યાં ય ન હતી, એટલે પિતાજીની ઇચ્છા હતી કે હું પણ અમારા પૂર્વજોની પરંપરાની જેમ ત્યાં જ રજવાડાની નોકરીમાં દાખલ થઈ જાઉં. ૧૯૦૭માં જ્યારે હું એલએલ.બી. થયો તે વખતે મારી જાણ બહાર જ તેમણે મને નોકરી આપવા માટે પ્રધાનને લખી પણ દીધું હતું. પરંતુ પ્રધાન સાહેબે એના પર કાંઈ ખાસ ધ્યાન ન આપ્યું અને પિતાજીને કહ્યું: 'કૈલાસનાથ હજી ઘણો નાનો છે. (તે વખતે હું પૂરાં ૨૦ વર્ષનો પણ ન હતો) રજવાડામાં તેની કોઈ જગ્યા પર નિમણૂક થાય તે પહેલાં તેને ક્યાંક અનુભવ લેવા દો.' એ સાંભળી પિતાજીને માત્ર અસંતોષ જ નહિ બલકે ચીડ ચડી. એમણે જવાબમાં પ્રધાન સાહેબને લખી જણાવ્યું કે આ બાબતનો નિર્ણય કરવો એ તો આપના હાથની જ વાત છે; પરંતુ પાંજરામાંથી એક વાર બહાર નીકળતું પક્ષી ખબર નહિ કે પાછું ક્યારે ફરે, યા ન પણ ફરે. એ રીતે કૈલાસનાથ જો એક વાર જાવરાથી બહાર ચાલ્યો ગયો તો પછી પાછો આવે કે ન આવે. આ સૂક્ષ્મ ઇશારાની પણ પ્રધાન સાહેબ પર કાંઈ અસર ન થઈ અને મારે મારા ભાગ્યની પરીક્ષા કરવા માટે બહાર વિશાળ દુનિયામાં નીકળી જવું પડ્યું. મારે માટે તો જાવરાની બહારનાં બધાં જ સ્થાન સરખાં અતર અને આકર્ષણનાં હતાં. અકસ્માત્ મેં મારી વકાલત માટે કાનપુર પસંદ કર્યું. અને પિતાજીની શંકા સાચી પડી: પછી ક્યારે ય હું જાવરા પાછો ન ફર્યો.

મારાં કાનપુર ને પછી અલ્લાહાબાદનાં ઘરોએ પિતાજીના ક્ષેત્રને પૂરતું વ્યાપક બનાવી દીધું. એનો અર્થ એમ નથી કે એમને જાવરા પ્રત્યે મમતા ઓછી થઇ હતી, પરંતુ શિયાળામા અમારી સૌની સાથે સંયુક્ત પ્રાંતમાં થોડાક માસ ગાળવાનું એમને સારું લાગવા માંડ્યુ હતુ. હવે એ મારી સાથે વધારે છૂટથી અને આરામથી રહેવા લાગ્યા હતા, પરંતુ તેમની આત્મનિર્ભરતા અને બીજા પર બોજા રૂપ ન થવાની વૃત્તિ એટલી પ્રબળ હતી કે જેટલો વખત એ અમારે ત્યાં રહેતા, તેટલો વખત અમારાં કામોમાં બની શકે તેટલી સહાય કરતા. મકાન બનાવવામાં, સમારકામની દેખરેખ રાખવામાં, બગીચાની રૂપરેખા બનાવવામાં, ઉપરાંત અમારાં બધાંની દેખરેખ, યોગ્ય સલાહ તથા માર્ગદર્શન વગેરેથી અમને ખૂબ મદદ કરતા. આટલું બધું કરવા છતાં પણ એ પોતાની જાતને આ નવા વાતાવરણને અનુકૂળ બનાવી નહોતા શક્યા. એ જૂના વિચારોના હતા અને વિચારોની સ્વતંત્રતા તથા લોકમતની વધતી જતી ભાવના સાથે એમને કશી જ સહાનુભૂતિ નહોતી. સામાન્ય જનતાની બુદ્ધિ, રાજનીતિમત્તા તથા અનુભવને એ વિશેષ મહત્ત્વ

આપતા નહોતા. એમનો અભિપ્રાય હતો કે પ્રજાનું ભલું શામાં છે, તેનો સારો નિર્ણય પોતે જ કરી શકે છે. આ જ સિદ્ધાંત આધારે તેમણે જાવરામાં ૫૦ વર્ષ પર્યંત રાજ્યની સરકાર વતી પ્રજાહિતનાં અનેક કામ કર્યાં હતાં. પરંતુ જ્યારે એ પંડિત મોતીલાલ નેહરુ અને પંડિત મદનમોહન માલવીયના શહેર પ્રયાગરાજમાં આવ્યા, ત્યારે ત્યાં તેમને એકલતા લાગવા માંડી. એક તો એમને અંગ્રેજી નહોતું આવડતું તે મોટી અડચણ રૂપ બની ગયું; બીજું એમનામાં અહંભાવની પ્રબળતા હતી.

મા કહ્યા કરતી કે એમનામાં રજોગુણનું પ્રાબલ્ય છે તેથી તેઓ મનન અને શાંતિનું જીવન નથી ગાળી શકતા. નિરંતર કાંઈક ને કાંઈક કર્યાં કરતા રહેવું એમ તેઓ ઇચ્છતા હતા. જો કે એ જ્યારે અલ્લાહાબાદ આવતા ત્યારે એમનામાં જેમને શ્રદ્ધા હતી એવા આહીંતહીંથી અનેક લોકો તેમના પાસે ભેગા થતા; તો પણ તેમને સદા એમ જ લાગ્યા કરતું કે અહીં પોતે ચાહે તે કરે, તો પણ લોકો તો એમને 'ડૉ. કટજુના પિતા' તરીકે જ ઓળખવાના. એ સ્થિતિ એમને સ્વીકાર્ય ન હતી. જાવરામાં એથી સાવ ઊલટી જ વાત હતી. ત્યાં લોકો એમની, એમના સદ્‌ગુણો અને વ્યક્તિત્વની કદર કરતા હતા; અને ત્યાં ભાગ્યે જ કોઈ એવું—નાનું યા મોટું—કુટુંબ હશે કે જેના સાથે એમને પેઢીઓ થયાં મૈત્રી યા ઘનિષ્ઠ પરિચય નહિ હોય. ત્યાં દરેકના એ પ્રિય 'પંડિતજી' હતા.

તેમાં યે છેલ્લા દિવસોમાં તો પિતાજી જાવરામાં એક સંસ્થા જેવા બની ગયા હતા. બધી જાતના લોકોને એમને માટે અભિમાન હતું અને સૌ કોઈ એમને પોતાના સલાહકાર અને હિતૈષી માનતું. એ જ્યાં પણ જતા, ત્યાં લોકો તેમનું આદરમાન કરતા. એમણે અનેક હિંદુ અને મુસલમાન છોકરીઓને ખોળે લીધી હતી અને આવી રીતે લીધેલાં બાળકોનાં થએલાં પૌત્ર-પૌત્રીઓ અને પ્રપૌત્રો-પ્રપૌત્રીઓની સંખ્યા અગણિત હતી. ગામડાનાં અને શહેરનાં અનેક માણસો રોજ તેમને મળવા માટે આવતા. મારો નાનો ભાઈ હમેશાં પિતાજી સાથે જ રહ્યો હતો, છતાં એ તો સદા ય એકાંતવાસી જ રહ્યા હતા. એમની સેવા માટે એક જૂનો નોકર હતો, જે અમારા કુટુંબનો એક સભ્ય બની ગયો હતો. તેની સેવાને લઈને પિતાજી માત્ર તેનો જ નહિ પણ તેનાં સ્ત્રી બાળકોનો પણ ખ્યાલ રાખતા. બાળકો તો એમની જોડે રમવા માટે આખો વખત એમને ઘેરી રહેતાં. પોતાના ભાઈઓનાં બાળકો અને તેમનાં બાળકોને તે પોતાનાં બાળકો જેમ જ વહાલ કરતા અને એ લોકો પણ એમને કુટુંબના સૌથી મોટા વડીલ અને પોતાના સૌથી મોટા શુભચિંતક ગણતા. એમને અને અન્ય કુટુંબીજનોને માટે જાવરા આટલા કારણસર એક તીર્થસ્થાન બની ગયું હતું.

અંતિમ વર્ષોમાં ત્રણ વાતો પ્રત્યે એમનું ખૂબ ધ્યાન રહ્યું હતું: પહેલું તો પોતે એકદમ સ્વતંત્ર રહેવું અને કોઈના યે—એટલે સુધી કે પોતાના સંતાનના પણ—લેશમાત્ર ઉપકાર નીચે ન આવવું. દરેકને કાંઈક ને કાંઈક આપતા, પરંતુ કોઈની યે પાસેથી ક્યારે ય કશું લેતા નહિ. બીજું, મૃત્યુ પર્યંત પોતાના હાથપગ કામ કરતા રહે અને કોઈની ય સેવા-શુશ્રૂષાના ઉપકાર નીચે આવવું ન પડે એવી એમની પ્રબળ ઇચ્છા હતી. અને ત્રીજું એ કે પોતાનો દેહ જાવરામાં જ પડે. એક વાર એક કાચો ઓરડો બતાવીને ખૂબ ગંભીર બની તેમણે મને કહ્યું હતું: 'મારાં મૂળ તો અહીં જ છે. વૃદ્ધાવસ્થામાં હું આ સ્થાનને શી રીતે છોડી દઉં?' અને તેમની એ ત્રણે આકાંક્ષાઓ સંપૂર્ણ રીતે પરિપૂર્ણ થઈ.

અમે સૌએ અમારાં પોતીકાં ઘરબાર વસાવી લીધાં હતાં. પિતાજી પર હવે કુટુંબનો કશો બોજો નહોતો રહ્યો. પરિણામે એમને માસિક ૭૦૦ રૂપિયાનું જે પેન્શન મળતું તેમાંથી તેઓ ખૂબ જ આનંદપૂર્વક અનેક કુટુંબોને મદદ કરતા. રહી વાત સ્વાસ્થ્યની. એમાં તો, એમના જેવી દેહની સંભાળ રાખનાર ભાગ્યે જ કોઈ બીજું હશે. એ કઠોર નિયમોનું પાલન કરતા, માપસર ખાતા, માપસર અને નિયમિત વ્યાયામ કરતા, નિશ્ચિત કરેલે સમયે સૂઈ જતા અને દર પહેલી તારીખે પોતાનું વજન લેતા. તેમાં જો જરા પણ કાંઈક ફેરફાર દેખાતો, તો તેને સરખો કરવા માટે પૂરતા ઉપાયો લેતા. કાન, આંખ, મોં, દાંત અને પગને માટે ઘરગથ્થુ પ્રયોગોની બનાવેલી કોઈ ને કોઈ દવા એમની પાસે જરૂર રહેતી અને નિયમિતરૂપે એનો પ્રયોગ પણ કરતા. ક્યારેક ક્યારેક હું એમની આ જરૂર કરતાં પણ વધારે શરીરરક્ષા માટે ટીકા પણ કરતો, ત્યારે એ કહેતા: 'તને ખબર નથી કે તંદુરસ્તી એ કેટલો મોટો આશીર્વાદ છે.' સંભવ છે કે એ બધાંને કારણે જ ૮૫ વર્ષની વયે પણ એમનો એક પણ દાંત પડ્યો નહોતો અને આંખોનું તેજ એટલું સારું રહ્યું હતું કે એક પોસ્ટકાર્ડ પર એ ડઝન લીટીઓ લખી શકતા! એમની રહેણીકરણી બધી જૂના જમાનાની હતી. માતા ગુજરી ગયા બાદ એ જાતે જ રાંધતા અને કોઈનું ય રાંધેલું ક્યારે યે ખાતા નહિ. મૃત્યુપર્યંત સંપૂર્ણરીતે નીરોગી રહેવાની તેમની આકાંક્ષા આમ અક્ષરશઃ પૂરી થઈ હતી. ૧૯૪૫ના ફેબ્રુઆરીમાં સંપૂર્ણ નીરોગી ભાસતા હતા ત્યારે એક દિવસ જમ્યા બાદ અચાનક તેમને મૂર્છા આવી ગઈ અને એ બેહોશ બની ગયા. એ પછી એ ફરી હોશમાં આવ્યા જ નહિ અને પાંચ દિવસ બાદ હમેશને માટે ચાલ્યા ગયા. આમ તે સભાન હતા ત્યાં સુધી તો શરીરની બાબતમાં કોઈના ય પરાવલંબી નહોતા બન્યા.

૨૮મી ફેબ્રુઆરી ૧૯૪૫ને રોજ લગભગ મધરાતે એમણે દેહ મૂક્યો. પરંતુ તેમ થતાં પહેલાં કોણ જાણે ઓચિંતી તેમણે આંખો ઉઘાડી અને અમને બધાંને ચારેકોર ઊભેલાં જોયાં. જાણે કે તે અમારી વિદાય લેતા હતા—અને પછી સ્વર્ગે સિધાવી ગયા. જાવરાના લોકોએ તો એવો શોક દર્શાવ્યો કે જાણે એકલા મને જ નહિ બલ્કે તેમને દરેકને પિતાનો વિયોગ થયો હતો. તેમના મૃતદેહની સાથે રજવાડાનું આખું લશ્કર, પોલીસ, નવાબ સાહેબનાં કુટુંબીજનો અને જનતાના બધા વર્ગોના માણસોની જંગી સંખ્યા સ્મશાન સુધી ગઈ હતી. પંડિતજી ચાલ્યા ગયા હતા, અને બધા માનવા લાગ્યા હતા કે એમની સાથે જ એક યુગ પણ હમેશ માટે આથમી ગયો હતો.



એન.સી.સી.ના 'લીડરશિપ કોર્સ' માટેની ભારતના પ્રત્યેક રાજ્યના ચુનંદા જુવાનિયાઓની પખવાડિયાની તાલીમ-પ્રવૃત્તિઓ થી મેના અંતમાં માઉન્ટ આબુ ધમધમી ઊઠેલું. ચિત્રમાં, તેમની યુદ્ધ-હુમલાની તાલીમ.

આ માસ(ઑગસ્ટ)ઇતિહાસમાં:વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : મૉરિસ મૅટરલિંક

'બેલ્જિયમના શેક્સપીઅર'નું બિરુદ કમાનાર,



એ દેશના વિખ્યાત નાટ્યકાર, કવિ, નિબંધકાર ને ચિંતક તથા તત્ત્વવેત્તા મૉરિસ મૅટરલિંકનો જન્મ બેલ્જિયમના ઘેન્ટ નગરમાં ઇ. ૧૮૬૨ની ૨૯મી ઑગસ્ટે થયો હતો. સેન્ટ બાર્બે કૉલેજમાં અભ્યાસ કરી, ઘેન્ટ યુનિવર્સિટીમાંથી ૧૮૮૭માં બૅરિસ્ટર થઇને તેણે વકાલત શરૂ કરી; પણ તેમાં જીવ ન ઠરતાં પારીસ જઈ ત્યાંના સંસ્કાર-પ્રવાહોમાંથી પ્રેરણા મેળવી. ત્યાં તો પિતાનું અવસાન થતાં વતન આવ્યો ને પછી જીવનભર ત્યાં જ રહ્યો, અને સાહિત્યલેખનને વ્યવસાય તરીકે અપનાવ્યું. ૧૮૮૯માં તેનો પ્રથમ કાવ્યસંગ્રહ ને પછી તરત તેનું પ્રથમ નાટક 'લા પ્રિન્સેસ માલેન' બહાર પડયાં. ૧૮૯૧માં પ્રસિદ્ધ ફ્રેન્ચ નાટ્ય-તારિકા જ્યૉર્જેટ લેમનાકનો તેને સંપર્ક થયો, જે ૨૭ વર્ષ—૧૯૧૮—લગી અખંડ રહ્યો. જ્યૉર્જેટે એનું ઘર પણ સંભાળ્યું અને એનાં અનેક નાટકોમાં કામ કર્યું.

આ પછી ઉત્તરોત્તર તેનાં સર્જનો થતાં જ ગયાં : નાટકો, નિબંધો ને ક્વચિત્ કાવ્યો. ઉપરાંત તેણે એમર્સન, ફૉર્ડ, નૉવાલિસ ને રૂઈસ્બ્રૉડક જેવા મહાન ચિંતકોના અનુવાદો વડે પોતાની તત્ત્વદૃષ્ટિને સ્થિર કરતાં દેશના સાહિત્યને યે સમૃદ્ધ કર્યું. એણે કરેલાં નાટ્યસર્જનોમાં 'પેલિયાસ અને મૅલિસૅન્ડી', 'મૉન્નાવાન્ના', 'બ્લ્યૂ બર્ડ', 'બિટ્રીઘલ', 'મેરી મૅગ્ડેલન', 'સાઈટલેસ' અને પહેલા વિશ્વયુદ્ધ વખતની જર્મનોની કબજાગીરી પરથી લખેલું 'બર્ગોમાસ્ટર ઑવ સ્ટિલમૉન્ડ' વિખ્યાત છે.

શું નાટકોમાં, શું કાવ્યોમાં કે શું નિબંધોમાં, મૅટરલિંકે સામાન્ય જીવનની સપાટીની નીચેના અદીઠ તત્ત્વનું-દૃષ્ટિપારનાં નિગૂઢ રહસ્યોનું નિરૂપણ કર્યું છે, પણ એમ કરવામાં ભાષા એટલી સાદી ને સરળ તથા ઉપમાઓ એવી ઘરગથ્થુ ને તાદૃશ વાપરી છે કે તે વાંચતાંની સાથે દિલને સચોટ અસર કરે છે. તેનાં નાટકોમાં આત્માનાં આધ્યાત્મિક મંથનો ને મથામણો હોય છે ને તેનાં પાત્રો સ્થળ-કાળનાં સ્થૂળ બંધનોથી પર હોય છે. એની અનાથ રાજકુમારીઓ, રજવાડી સામંતો, અવાવરુ કિલ્લાઓના રખેવાળો ને અંધ ફકીરો કોઇ ચોક્કસ દેશ કે મુલકના નથી; પણ એમનાં મંથનો ને મહત્ત્વાકાંક્ષાઓ સનાતન છે તથા નિગૂઢ રહસ્યોથી ભરેલાં લાગે છે. તેનાં બધાં નાટકોમાં ગતિ કરતાં વૃત્તિ ને વાતાવરણની જમાવટ, તથા સ્પષ્ટ ઉક્તિ ને આચરણ કરતાં સૂચનો ને સંજ્ઞાઓ વધુ હોય છે. એ નાટકો લગભગ બધા દેશોમાં સફળતાપૂર્વક ભજવાયાં છે અને લોકપ્રિય બન્યાં છે. એ સૌમાં જગત્ખ્યાત થએલા નાટક 'બ્લ્યૂ બર્ડ' એને કીર્તિ ને સંપત્તિ બંને અપાવ્યાં. તેમાંનાં કોમલ માધુર્ય, કલ્પનાના જાદુઈ રંગ, દૃશ્યેદૃશ્યે આવતાં મોહક લાગે એવાં દિવ્ય ને પાર્થિવ પાત્રો, તથા એમાંનો સનાતન કલ્યાણનો સંદેશ તેને અમરતા બક્ષે છે. ૧૯૧૧માં સર્વોત્કૃષ્ટ સાહિત્યકૃતિ આપવા બદલ તેને નૉબેલ પારિતોષિક એનાયત થયું હતું.

મૅટરલિંકનું ખરું તત્ત્વચિંતન તો એના નિબંધો ને અભ્યાસલેખોમાંથી મળે છે. નાનાં-નાનાં જીવજંતુને પણ તે જે તત્ત્વદૃષ્ટિથી જુએ છે એના ઉદાહરણરૂપ તેની બે કૃતિઓ 'મધમાખીનું જીવન' અને 'ઊધઈનું જીવન' રસમય છે. એની નિરૂપણદૃષ્ટિ કેવળ વૈજ્ઞાનિકની નહિ પણ ચિંતકની ને કલ્પનોત્થ છે.

એ સાહિત્યસ્વામી અને ચિંતકે ખુદના જીવનમાં પણ સ્થિતપ્રજ્ઞતા કેળવી હતી. ૮૦મે વર્ષે તેની બધી મિલકતનો અકસ્માતથી નાશ થયો ને માત્ર 'બ્લ્યૂ બર્ડ'ની રૉયલ્ટી જ રહી; છતાં આ ફટકો તેણે ઘણી ધીરજથી સહી લીધો અને એ જ સ્વસ્થતાથી ૮૭મે વર્ષે, ૧૯૪૯ની ૬ઠ્ઠી મેએ તેણે આ લોકની વિદાય લીધી.

દિનવિશેષ

તા. ૩ કોલંબસ હિંદની સફરે નીકળ્યો (પરંતુ ભૂલથી અમેરિકાખંડ પહોંચી તે શોધ્યો), ૧૪૯૨.

તા. ૫ વિખ્યાત ફ્રેન્ચ નવલ નવલિકાલેખક હાંરી રેને આલ્બર્ટ ગાઈ દ મૉપાસાંનો જન્મ, ૧૮૫૦.

તા. ૬ જાપાનના હીરોશીમાં નગર પર અમેરિકાએ દુનિયાનો પ્રથમ ઍટમ બૉમ્બ ફેંક્યો, ૧૯૪૫.

તા. ૧૦ ભારતીય સંગીતને શાસ્ત્રશુદ્ધ અને શાસ્ત્રબદ્ધ કરનાર પ્રો. ભાતખંડેનો જન્મ, ૧૮૬૦

તા. ૧૧ શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્ય માટે અપૂર્વ દાન કરનાર અન્ડ્રૂ કાર્નેગીનું અવસાન, ૧૯૧૯.

તા. ૧૩ પ્રથમ કોટિના ભારતીય ઇતિહાસકાર ને સંસ્કૃતિકોવિદ રમેશચન્દ્ર દત્તનો જન્મ, ૧૮૪૮.

તા. ૧૫ ઉત્તર-દક્ષિણ અમેરિકાને જોડતી પનામા નહેર વ્યવહાર માટે ખુલ્લી મુકાઈ, ૧૯૪૧.

તા. ૨૨ હૈદરાબાદનાં ૨૫૦ ગામોનો હિંદી સંઘ સાથે જોડાવાનો ઐતિહાસિક નિર્ણય, ૧૯૪૬.

તા. ૨૪ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કાર્યકર્તા જૉબ ચાર્નોકે કલકત્તા શહેરની સ્થાપના કરી, ૧૬૯૦.

તા. ૨૮ જર્મન ભાષાના વિશ્વપ્રતિષ્ઠિત સાહિત્યકાર ગ્યરટેનો ફ્રૅન્કફૉર્ટ શહેરમાં જન્મ, ૧૭૪૯.

પ્રસંગવિશેષ : પાંચમા પેશવા નારાયણરાવનું ખૂન, ૩૦મી ઑગસ્ટ ૧૭૭૩

ચોથો પેશવા માધવરાવ છેલ્લો સ્વાયત્ત પેશવા હતો. ૧૭૭૨માં તે અપુત્ર ગુજરી જતા તેની ઇચ્છા મુજબ તેનો નાનો ભાઈ નારાયણરાવ ગાદીએ આવ્યો. પણ ફક્ત નવ જ મહિનામાં ઈ. ૧૭૭૩ની ૩૦મી ઑગસ્ટે, રાજ્યલોભી ને મહત્ત્વાકાંક્ષી કાકા રાઘોબાના સાગરીતો તેનું ખૂન કરવા આવી લાગ્યા. ગભરાએલો નારાયણરાવ રાઘોબાની મદદ માટે તેની પાસે દોડી ગયો. મારાઓએ તેનો પીછો પકડ્યો ત્યાં નારાયણરાવનો એક વફાદાર નોકર વચ્ચે પડતાં તે મરાયો અને નારાયણરાવનું પણ રાઘોબાના ખોળામાં જ ખૂન થયું. પાછળથી રાઘોબાએ જણાવ્યું હતું કે મેં મારા માણસોને નારાયણરાવને 'પકડવા' (ધરાવેં) એવું જ લખ્યું હતું, તેનું મારાવેં (મારી નાખવો) એવું કોઇકે કરી નાખ્યું લાગે છે. ગમે તે હો, પણ તે પછી રાઘોબા પેશવા બન્યો. અને પેશવાઈ સત્તાનાં વળતાં પાણી થયાં. તેની અગત્યની કડીઓ આમ છે: મુંબાઇની અંગ્રેજ કાઉન્સિલના વકીલ મૉસ્ટિને રાઘોબાને ઉશ્કેરીને નિઝામ તથા હૈદરઅલી સાથે યુદ્ધ કરવા પ્રેર્યો, જેમાં રાઘોબાને માત્ર કષ્ટ અને અપમાન સિવાય કશું મળ્યું નહિ. દરમ્યાન પૂનામાં રાઘોબાની ગેરહાજરીનો લાભ લઇને નાના ફડનવીસ અને તેના સાથીદારોએ પોતાનું એવું જોર જમાવ્યું કે રાઘોબા પછી તો પૂના આવવાની પણ હિંમત કરી શકતો ન હતો.

નારાયણરાવના મૃત્યુ વખતે એની સ્ત્રી ગર્ભવતી હતી, તેણે ઈ. ૧૭૭૪ની ૧૮મી એપ્રિલે પુત્ર માધવરાવને જન્મ આપ્યો, જેને પૂનાની મંડળીએ એકમતે પેશવા જાહેર કર્યો. પદભ્રષ્ટ થએલો રાઘોબા ફરી અંગ્રેજોને શરણે ગયો. અંગ્રેજોએ પૂના પર ચડાઇ કરવાનું અને જીત થયે તેને પેશવાની ગાદી પર બેસાડવાનું, બદલામાં પોતાને સાષ્ટિ, વસાઈ અને સુરત પ્રાંતનો કેટલોક ભાગ મળે એ પ્રકારની સંધિથી કબૂલ્યું. આ સંધિ પ્રથમ મરાઠાવિગ્રહનું મૂળ હતી, તેમાં અંગ્રેજો હાર્યા, છતાં પેશવાઈ સત્તામાં ત્યારથી અંગ્રેજોની દરમિયાનગીરી તો પ્રવેશી ચૂકી.

ચાર્લ્સ ફ્રાન્સિસ હૉલ

શોધસફર એ પોતાનો વિષય નહિ હોવા છતાં, માત્ર ફ્રૅંકલિન-ની ગુમ થએલી ટુકડીની વધુ ઊંડી તપાસ કરવાની એકમાત્ર મહેચ્છાથી પ્રેરાઈ, પોતાને તદ્દન અજાણ્યા એવા ધ્રુવપ્રદેશમાં વર્ષો સુધી એસ્કિમો સાથે રહેનાર અને ધ્રુવસાગરની ત્રણ ત્રણ સફરો ખેડનાર, લગભગ અભણ ને નિર્ધન પણ બુદ્ધિશાળી ને અદમ્ય મહત્ત્વાકાંક્ષી સાહસિકની પ્રેરક કથા.

લેખક • પ્રો. રમણલાલ ચી. શાહ



ચાર્લ્સ ફ્રાન્સિસ હૉલ

ઈ. સ. ૧૮૬૦માં અમેરિકન સાહસિક આઇઝૅક હૅઝ ધ્રુવ-પ્રદેશની સફરેથી પાછો ફરી રહ્યો હતો તે વખતે એને સામેથી આવતું એક વહાણ મળ્યું. ધ્રુવપ્રદેશની જ સફરે જતું એ વહાણ હતું 'રેસ્ક્યૂ' અને એની ટુકડીનો ઉપરી હતો ચાર્લ્સ ફ્રાન્સિસ હૉલ. જહાજ જૂનું હતું ને સાહસિક નવો. લગભગ ચાલીસ વર્ષના આ સાહસિકનું નામ પણ હૅઝે નહોતું સાંભળ્યું. એણે ચાર્લ્સને પૂછ્યું: 'કઇ બાજુ?'

'કિંગ વિલિયમ લૅન્ડ તરફ.'

'કેમ એ બાજુ?' 'ફ્રૅન્કલિનની ટુકડી અંગે તપાસ કરવા.'

'અરે, એ તપાસ તો પૂરી થઇ ગઇ; બધો પત્તો મળી ગયો.'

'પણ મને એથી સંતોષ નથી. હજુ વધારે તપાસની જરૂર છે.'

'ધ્રુવપ્રદેશમાં કોઇ વાર ગયા છો કે?'

'ના, આ પહેલી જ વાર.'

'આટલી ઉમરે પહેલી વાર જાઓ છો, તો બરફમાં બધી રખડપટ્ટી કરવી ફાવશે?'

'દુનિયામાં ન ફાવે એવું છે શું?'



ચાર્લ્સ ફ્રાન્સિસ હૉલની ત્રણ સફરો

'બીજે ક્યાં ય પ્રવાસ કર્યો છે?' 'ક્યાં ય નહિ.'

'તો ખાસ કંઈ તાલીમ લીધી છે?'

'હું કશું ભણ્યો નથી. આ જહાજ હંકારતાં યે પહેલીવાર શીખ્યો.'

'ખરા છો તમે તો! આ 'રેસ્ક્યૂ' વહાણ તો ગ્રિનેલે ફ્રૅન્કલિનની તપાસ માટે મોકલેલું તે જ ને?'

'હા, પણ એ જેવું ગયું હતું તેવું જ પાછું આવ્યું હતું. માટે જ ગ્રિનેલે ફરી એ મોકલવાનો નિશ્ચય કર્યો.'

આ વિચિત્ર, નવા સાહસિકને જોઈ હૅઝને ખૂબ આશ્ચર્ય થયું. બંને છૂટા પડ્યા ને ચાર્લ્સનું વહાણ ધ્રુવપ્રદેશ તરફ આગળ વધ્યું.

સર જ્હૉન ફ્રૅન્કલિનની ટુકડી ધ્રુવપ્રદેશમાં વિલીન થઇ ગઇ એ માટે તપાસ કરી એનો પત્તો મેળવવા માટે થએલાં સરકારી, અર્ધ-સરકારી અને બિનસરકારી સાહસોમાં અમેરિકન વેપારી હેન્રી ગ્રિનેલ તરફથી પણ 'ઍડ્વાન્સ' અને 'રેસ્ક્યૂ' નામનાં બે વહાણ આપવામાં આવ્યાં હતાં. પરંતુ એ બંને વહાણોને કંઈ પણ સફળતા મળી નહિ. ત્યાર પછી 'ઍડ્વાન્સ'ને ડૉ. કાને લઈ ગયા હતા, અને વિકટ સંજોગોમા, અસહ્ય ઠંડીમાં, બળતણના અભાવે અરધું વહાણ બાળીને અને બાકીનું અરધું કામ લાગે એવું ન હોવાથી પડતું મૂકીને એ પાછા આવ્યા હતા. ડિ હેવન સાથે મોકલેલું વહાણ 'રેસ્ક્યૂ' પાછું પણ આવ્યું હતું, એને ફરીથી પોતાના ખર્ચે મોકલવા ગ્રિનેલ તૈયાર થયો હતો અને એ માટે ટુકડીના સરદાર તરીકે ચાર્લ્સ હૉલની પસંદગી કરવામાં આવી હતી.

ગ્રિનેલે ફરીથી 'રેસ્ક્યૂ' મોકલવાનો વિચાર કર્યો તે પહેલાં સાહસિક મૅક્લિન્ટૉકે ફ્રૅન્કલિન–તપાસમાં મહત્ત્વનું કાર્ય કરી એનાં બંને વહાણોની ભાળ કાઢી હતી, અને આખો બનાવ કેવી રીતે બન્યો તેની વિગતો કેટલાક એસ્કિમો પાસેથી મેળવી હતી. પરંતુ એ તપાસ સંપૂર્ણ તો ન જ કહેવાય. છતાં એ અંગે વધુ શોધ કરવાના પ્રયાસો મંદ પડતા જતા હતા. એ વેળાએ હૉલ 'રેસ્ક્યૂ' લઇને ઉપડ્યો હતો.

સાહસિકોના ઇતિહાસમાં ચાર્લ્સ હૉલ તદ્દન જુદી જ ભાત પાડે એવો—એક અજાયબી જેવો જ સાહસિક હતો. ચાળીસ વર્ષની ઉમરે ધ્રુવપ્રદેશમાં એ પહેલી જ વાર પગ મૂકતો હતો, પરંતુ એક વખત ત્યાં ગયા પછી જાણે એ ત્યાંનો જ રહેવાસી હોય એવો બની ગયો હતો. સાહસિક બનવા માટે એનામાં કશી જ લાયકાત નહોતી. એ તદ્દન અભણ હતો. પ્રાથમિક શાળામાં થોડા દિવસ હાજરી આપી બહુબહુ તો થોડું લખતાંવાંચતાં એ શીખ્યો હતો. એ ગરીબ હતો, અને નિર્ધનતાને કારણે નાનપણથી જ એને મજૂરીએ લાગી જવું પડતું

હતું. જ્યારે પોતાની ઉમરના બીજા છોકરાઓ દફતર લઈ શાળામાં ભણવા જતા, ત્યારે એ સુથારને ત્યાં, લુહારને ત્યાં કે કડિયા સાથે મજૂરી કરવા જતો. તરેહતરેહની મજૂરી કરી એ પોતાનું ગુજરાન ચલાવતો હતો. એ ક્યાંય ખાસ ફર્યો નહોતો, રખડ્યો નહોતો. ભૂગોળ કે ખગોળની એને કશી ગતાગમ નહોતી. વહાણ કેવી રીતે ચાલે એનું પણ એને બિલકુલ જ્ઞાન નહોતું, ભાન નહોતું.

પણ ચાર્લ્સ બુદ્ધિશાળી અને કલ્પનાશીલ હતો. એ યુવાન હતો અને શરીરે કદાવર હતો. લાંબી દાઢીવાળો એનો ભરાવદાર ચહેરે. હમેશાં પ્રસન્ન અને હસમુખો રહેતો. એ જેટલો ઉત્સાહી હતો એટલો જ ખંતીલો હતો. પોતાની શારીરિક શક્તિ, મનોવૃત્તિ અને અનુભવ પરથી એણે નક્કી કરી લીધું હતું કે દુનિયામાં ન આવડે એવી કોઈ વસ્તુ નથી, દુનિયામાં ન ફાવે એવું કોઈ સ્થળ નથી અને દુનિયામાં ન ભાવે એવો કોઈ ખાદ્યપદાર્થ નથી. ચાર્લ્સની વિશિષ્ટતા એ હતી કે એને કોઈ કામ સોંપવામાં આવ્યું હોય અને તે ન આવડ્યું હોય એવું કદી બનતું જ નહિ. અઘરામાં અઘરી વસ્તુ પણ એ પોતાના કુળદુપ અને પ્રત્યુત્પન્ન ભેજાનો ઉપયોગ કરી મોડીવહેલી પાર પડે નહિ ત્યાં સુધી જંપે નહિ. એક જ કામ પકડીને, માત્ર કલાકોના કલાકો નહિ, દિવસોના દિવસો સુધી ખાવાપીવાની પરવા કર્યા વિના એ મંડી પડતો અને પૂરું કર્યે જ છોડતો. કોઈપણ પ્રકારનું હલકી મજૂરીનું શારીરિક કામ કરવામાં એને શરમ કે નાનમ નહોતી. કોઈ પણ કામ કરતાં શરીરને જોખમમાં મૂકવું પડે તો તેમાં તે અચકાતો નહિ. વસ્તુતઃ ધારેલું કાર્ય પાર પાડવા માટે એ પોતાના જીવનની પણ પરવા કરતો નહિ. 'कार्यं साधयामि देहं पातयामि वा।' એ જાણે એનો જીવનમંત્ર હતો.

સાહસિક મેક્લિન્ટૉકે ફ્રૅન્કલિન વિષે તપાસ કરી જે માહિતી આપી એ સૌને સંતોષકારક લાગી. ચાર્લ્સ એ તપાસના અહેવાલો છાપાંમાં રસપૂર્વક વાંચતો. મેક્લિન્ટૉકે કરેલા પ્રયાસ પછી ખાસ કોઈ વધુ પ્રયાસ તપાસ માટે થવાના નથી એમ જ્યારે એણે જાણ્યું ત્યારે એને ઘણો અસંતોષ થયો. એને થયું કે જો કોઇ ન કરે તો છેવટે પોતે તો પૂરતી તપાસ કરવી જ. વધુ તપાસ માટે, તેને લાગ્યું કે, કિંગ વિલિયમ લૅન્ડના એસ્કિમો સાથે રહેવું જોઇએ, તેમની ભાષા શીખવી જોઇએ અને તેમની દરેકની પાસેથી શક્ય તેટલી માહિતી મેળવવી જોઇએ; તો જ આ તપાસકાર્ય સંતોષકારક રીતે પૂરું થયું કહેવાય. ચાર્લ્સે પોતાનો આ વિચાર છાપાંમાં વહેતો મૂક્યો. અત્યાર સુધી કોઇ યુરોપિયને એસ્કિમોના પ્રદેશમાં જઈ, બરાબર એસ્કિમોની વચ્ચે રહી, તેમની ભાષા શીખી તેમના જીવનનો પૂરેપૂરો અભ્યાસ કર્યો નહોતો, એટલે ચાર્લ્સના આ નવા, વિચિત્ર વિચારને સૌએ હસી કાઢ્યો.

પણ ચાર્લ્સ એથી નાસિપાસ થાય એવો નહોતો. બીજા કોઈ એ કાર્ય ન કરે તો પોતે કરવા તૈયાર થયો. એ માટે જરૂરી તાલીમ પણ એણે મેળવી લીધી. પછી ગ્રિનેલ આગળ એણે પોતાની યોજના રજૂ કરી; અને આ બિનઅનુભવી, ધૂની માણસની સાહસિક યોજના ગ્રિનેલે મંજૂર રાખી! ૧૮૬૦માં ચાર્લ્સ 'રેસ્ક્યુ' વહાણ લઈને ઊપડ્યો.

ચાર્લ્સની યોજના ખરી તો કિંગ વિલિયમ લૅન્ડ પહોંચ્યા પછી શરૂ થવાની હતી, પરંતુ એનું વહાણ તો બેફિન સમુદ્રમાં જ અટવાઇ ગયું! શિયાળો ગાળવાની એને ત્યાં ફરજ પડી. આમ કિંગ વિલિયમ લૅન્ડ સુધી પહોંચવાની પણ એને માટે શક્યતા રહી નહિ પરંતુ એથી પોતે નિષ્ફળ થયો છે એમ એણે માન્યું નહિ. કિંગ વિલિયમ લૅન્ડના નહિ તો બેફિન ટાપુના એસ્કિમો સાથે એણે રહેવાનું શરૂ કર્યું, કારણ કે એસ્કિમો સાથે રહેવું ને એ ભાષા શીખી લેવી એ જ એનો આશય હતો. ચાર્લ્સે અજાણ્યા એસ્કિમો સાથે દોસ્તી બાંધી. એસ્કિમોના ઘરમાં એસ્કિમોની જેમ જ રહેવું, તેમની જેમ જ કપડાં પહેરવાં, તેમની જેમ જ ખાવુંપીવું ને તેમની ભાષા બોલવાનો પ્રયત્ન કરવો– આ બધું શરૂઆતમાં એક બિનઅનુભવી અમેરિકનને તો ક્યાંથી ફાવે? પણ ન ફાવતી વસ્તુ ફાવડાવવામાં જ એ આનંદ અનુભવતો હતો.

બેફિન ટાપુના આ એસ્કિમો સાથે ચાર્લ્સ પૂરાં બે વર્ષ રહ્યો. એણે એસ્કિમોની ભાષા કામચલાઉ શીખી લીધી. અહીં એને એક એસ્કિમો દંપતી સાથે ગાઢ મૈત્રી થઇ. એબી એરબિગ ને એની પત્ની તુકૂલિટોને આ વિચિત્ર અમેરિકનની ઘેલછા માટે ભારે આશ્ચર્ય થયું. પણ પછી એનો ઉદ્દેશ જાણ્યો ત્યારે તેમને એના પ્રત્યે ખૂબ માન થયું. ચાર્લ્સે તેમનાં જો (Joe) અને હાન્ના (Hannah) એવાં નામ પાડ્યાં. બે વર્ષને અંતે એ જ્યારે અમેરિકા જવા ઉપડ્યો ત્યારે એ પોતાના આ મિત્રદંપતીને આગ્રહપૂર્વક અમેરિકા જોવા અને અમેરિકનોની વચ્ચે રહેવા લઈ આવ્યો. તેમની સાથે એણે કુટુંબ જેવો ગાઢ સંબંધ રાખ્યો અને મરતાં સુધી એ ટકાવી રાખ્યો.

ચાર્લ્સનું મૂળ ધ્યેય ફ્રૅન્કલિન વિષે તપાસ કરવાનું હતું. આકસ્મિક સંજોગોને લીધે બેફિન ટાપુથી એ આગળ વધી ન શક્યો, એટલે બે વર્ષના ત્યાંના વાસ દરમ્યાન એણે એસ્કિમો સાથે ન એકલપંડે એ ટાપુ પર બધે રખડપટ્ટી કરી, જેમાં એને સૈકાઓ પૂર્વે આ બાજુ આવેલી ફ્રોબિશરની ટુકડીના કેટલાક અવશેષો મળી આવ્યા.

ચાર્લ્સ પોતાનું મૂળ ધ્યેય પાર પાડ્યા વિના પાછો ફર્યો, પરંતુ એક વખત ધ્રુવપ્રદેશમાં પગ મૂક્યા પછી અને એસ્કિમોના જીવનથી પરિચિત થયા પછી ફ્રૅન્કલિન-તપાસનું પોતાનું કાર્ય છોડવા માટે એ બિલકુલ તૈયાર નહોતો. અમેરિકા આવી સ્નેહીઓ, મિત્રો ને પ્રશંસકો પાસેથી પૈસા એકઠા કરી, વહાણ સુસજ્જ કરી ફરીથી ૧૮૬૪-માં એસ્કિમો મિત્રદંપતી સાથે ફ્રૅન્કલિન-તપાસ માટે કિંગ વિલિયમ લૅન્ડ તરફ જવા એ નીકળ્યો. આ વખતે એની તૈયારી પૂર્વ-અનુભવને લીધે વધારે વ્યવસ્થિત અને સંગીન હતી. કિંગ વિલિયમ લૅન્ડ વિના વિઘ્ને પહોંચી જઈ, વહાણ એક બંદરમાં સહીસલામત લાંગરી એણે આસપાસ રખડીને ત્યાંના એસ્કિમોનો સંપર્ક સાધ્યો, અને શિયાળો વહાણમાં પસાર ન કરતાં એસ્કિમો સાથે એમના ઘરમાં રહી ગાળ્યો. પછી એ ટાપુ પર છૂટાછવાયા રખડતા એકેએક એસ્કિમોનો સંપર્ક એણે સાધ્યો. એમની સાથે એમની ભાષામાં વાતચીત કરી ફ્રૅન્કલિનની ટુકડી વિષે એસ્કિમોએ નજરે જોયેલી રજેરજ હકીકત એકઠી કરી પોતાની નોંધપોથીમાં ટપકાવી લીધી. અને એમની સાથે આસપાસના પ્રદેશમાં હજારો માઇલ રખડપટ્ટી કરી ફ્રૅન્કલિનની ટુકડીના ઘણા મહત્ત્વના અવશેષો એણે એકઠા કર્યા.

ચાર્લ્સને સમયની બિલકુલ પડી નહોતી. પોતાનું કાર્ય પાર પાડવા માટે એણે કોઇ સમય નિશ્ચિત કર્યો જ નહોતો. કામ ન થાય તો કંઇ નહિ, પણ ઝટઝટ ઘરે પહોંચી જવું એવી ઝંખના પણ તેને થતી નહિ. એટલે પોતાનું કાર્ય સિદ્ધ કરવા એસ્કિમો સાથે એ પાંચ વર્ષ રહ્યો. ધ્રુવપ્રદેશમાં એસ્કિમોના બરફના ઘરમાં સતત પાંચ વર્ષ રહેનાર તે પહેલો જ સાહસિક હતો. એની પછી પણ એવો અખતરો ભાગ્યે જ કોઈ સાહસિકે કર્યો હશે. એણે એસ્કિમોની રહેણીકરણી પૂરેપૂરી પોતાના જીવનમાં ઉતારી લીધી. શરૂઆતમાં એસ્કિમોની જેમ કાચો ને કાચો શિકાર ખાવાનું એને ફાવતું નહોતું. એથી એને ઝાડા થઇ જતા અને વારંવાર એ માંદગીમાં પટકાઈ પડતો. તેમ છતાં શરીરની બિલકુલ પરવા ન કરતાં ખોરાકની એ પદ્ધતિ પોતાના જીવનમાં સફળતાપૂર્વક ઉતારીને જ એ જંપ્યો. પાંચ વર્ષ એસ્કિમોની જેમ જ એમની સાથે રહ્યા પછી એનામાં અને એસ્કિમોમાં બહુ ફેર રહ્યો નહોતો!

સાત વર્ષના ધ્રુવપ્રદેશના અનુભવ અને એસ્કિમો-જીવનની પાકી તાલીમ પછી તેમ જ ફ્રૅન્કલિન-તપાસના પોતાના કાર્યને અસાધારણ રીતે પાર પાડ્યા પછી ધ્રુવપ્રદેશમાં જઇ નવાંનવાં સાહસો કરી અવનવી સિદ્ધિ મેળવવાનું મન ચાર્લ્સને થાય એ સ્વાભાવિક છે. હવે એ બિનઅનુભવી, વિચિત્ર કે ધૂની તરીકે નહિ, પણ સમર્થ સાહસિક તરીકે પ્રતિષ્ઠા પામવા લાગ્યો. હવે એના વિચારને કોઈ હસી કાઢનાર નહોતું. અમેરિકા એ પાછો ફરી રહ્યો હતો ત્યારથી જ ઉત્તરધ્રુવ સુધી પહોંચી જવાનાં નવાં સ્વપ્નો અને નવા મનોરથો એ સેવતો હતો. એટલે અમેરિકા આવતાંની સાથે જ એણે પોતાની એ યોજના જાહેર-માં મૂકી. અમેરિકાના નૌકાખાતાએ એ યોજના વધાવી લીધી. અને ચાર્લ્સને એ માટે એક વહાણ ભેટ આપ્યું. ચાર્લ્સે એનું નામ 'પોલ-રિસ' (Polaris) રાખ્યું. આ વખતે એને સારા ખલાસીઓ ઉપરાંત કેટલાક કાબેલ સાથીદારો પણ મળી ગયા. તેમાં એક કૅપ્ટન બડિંગ્ટન હતો, જે કુશળ વ્હેઈલ શિકારી હતો. એ ઉપરાંત કૅપ્ટન ટાયસન ને ડૉ. એમિલ બેસલ્સ પણ સમર્થ માણસો હતા.

૧૮૭૧માં ચાર્લ્સનું પોલરિસ બેફિન સમુદ્રમાં થઈ સ્મિથ સાઉન્ડ સુધી આવી પહોંચ્યું. અહીં સુધીનો પ્રદેશ પરિચિત હતો. અહીંથી થોડો વધુ પુરવઠો લેવાની, એસ્કિમો સાથીદારો લેવાની અને બરફ-ગાડી માટે કૂતરા લેવાની તેમની યોજના હતી. એસ્કિમોમાં હાન્ના અને જો તેમની પુત્રી સાથે જોડાયાં. એસ્કિમો હાન્સ હેન્ડ્રિક પણ પોતાની પત્ની અને ત્રણ જ મહિનાની પુત્રી સાથે જોડાયો.

ઉત્સાહી સાથીદારો ને એથી યે વધુ ઉત્સાહી એનો નાયક, પૂરતો પુરવઠો, અનુકૂળ હવામાન અને બરફરહિત સમુદ્ર–આ બધાંને લીધે તેમની ગતિ અસાધારણ ઝડપી હતી. એટલે આ બધો જ પ્રદેશ નવો હોવા છતાં ઉનાળો પૂરો થતાં પહેલાં તો તેઓ સ્મિથ સાઉન્ડની ઉત્તરે ઘણે દૂર સુધી નીકળી ગયા. આ દિશામાં સાહસિકોની પૂર્વપ્રગતિની સાથે સરખાવતાં ચાર્લ્સની પ્રગતિનો વધારે ખયાલ આવી શકશે. વર્ષો પૂર્વે બેફિન આ દિશામાં આવ્યો હતો. એ પછી આવેલો ઈંગ્લેફીલ્ડ બેફિન કરતાં લગભગ ૪૩ માઇલ આગળ ગયો હતો. ઈંગ્લેફીલ્ડ પછી આવેલો કાને એનાથી નવ માઈલ આગળ ગયો હતો. તે પછી આવેલો આઇઝૅક હૅઝ એનાથી બિલકુલ આગળ જઇ શક્યો નહોતો. અને હૅઝ પછી આવ્યો ચાર્લ્સ. કાને અને હૅઝ કરતાં ચાર્લ્સ અપરિચિત પ્રદેશમાં પહેલા જ પ્રયાસે એકીસાથે ચારસો માઇલ દૂર ઉત્તરમાં આગળ પહોંચ્યા ગયો. ઉત્તર દિશા તરફ એણે ખરેખર એક રાક્ષસી પગલું જ ભર્યું કહેવાય. અપ્રતિમ જોમ, અથાગ શ્રમ અને સાહસિકો વચ્ચેના પરસ્પર સંપૂર્ણ સહકારનું એ સુંદર ફળ હતું.

ચાર્લ્સની ઇચ્છા તો હજુ પણ આગળ જવાની હતી. પરંતુ પ્રતિ-કૂળ પવન અને હવામાનને લીધે ને સમુદ્રમાં સામેથી ધસી આવતા હિમખંડોને લીધે તેમને પાછા હઠવાની ફરજ પડી. આવા વાતાવરણ-માં ક્યાંક કિનારે પહોંચી જવામાં સાર હતો. પરંતુ એટલામાં કોઇ સારો બંદરી કિનારો નહોતો. તેમણે ગ્રીનલૅન્ડના કિનારા તરફ હંકાર્યું. પરંતુ સ્થિર થવાય એવી અનુકૂળ જગ્યા તેમને મળતી નહોતી. એવા-માં તેમણે એક વિરાટકાય હિમપર્વત સમુદ્રના કિનારા તરફ જોયો. લગભગ ૬૫૦ ફૂટ ઊંચા, ૪૫૦ ફૂટ લાંબા ને ૩૦૦ ફૂટ પહોળા એવા સ્થિર હિમપર્વતની ઓથે તેઓ સહીસલામત બની ગયા. ચાર્લ્સે એ જગ્યાનું નામ આપ્યું 'થૅંક ગૉડ હાર્બર.' એ અતિકાય હિમપર્વતને તેઓ પોતાના વિધાતા તરીકે ઓળખવા લાગ્યા.

અનુકૂળ હવામાન મળતાં ચાર્લ્સે ફરી પોતાની સફર આદરી દીધી. હવે ઉત્તર તરફ આગળ જવાની બહુ શક્યતા નહોતી ઉત્તર તરફ એ ૮૨°૧૧' અક્ષાંશ સુધી પહોંચ્યો હતો. હવે એણે આસપાસના પ્રદેશ-ની સફર કરી. એ સફરમાં ડાબી બાજુ એલ્સમેર ટાપુની ઠેઠ ઉત્તર ટોચ સુધી એ પહોંચી ગયો ને જમણી બાજુ ગ્રીનલૅન્ડના લગભગ ઉત્તર કિનારા સુધી એ પહોંચ્યો. ગ્રીનલૅન્ડ તરફની સફરમાં એને જાણવા મળ્યું કે ગ્રીનલૅન્ડનો ઉત્તર તરફનો પ્રદેશ ઘણુંખરું બરફરહિત હતો. ત્યાંની જમીન પર ઠીકઠીક વનસ્પતિ ઊગેલી હતી અને વન્ય પશુઓ પણ સારા પ્રમાણમાં ફરતાં હતાં.

ઉનાળો પૂરો થવા આવ્યો. સમુદ્રમાં બરફના થર જામવા લાગ્યા. શિયાળો અને એની દીર્ઘરાત્રિ શરૂ થાય તે પહેલાં, જામેલા બરફમાં, આસપાસના પ્રદેશમાં શક્ય તેટલો પ્રવાસ કરી લેવાની ચાર્લ્સની ઇચ્છા હતી. પુરવઠા સાથે બરફગાડીઓ સજ્જ કરવામાં આવી. એની સાથે કૂતરાઓ જોડવામાં આવ્યા. ચાર્લ્સ, બડિંગ્ટન, ટાયસન વગેરે જુદીજુદી દિશામાં રખડપટ્ટી માટે ઊપડ્યા. ધ્રુવપ્રદેશમાં એસ્કિમો સાથે સાત વર્ષ રહેવાને લીધે આવી રખડપટ્ટીનો ચાર્લ્સને ઠીક ઠીક મહાવરો હતો. એણે પોતાની તાકાત એટલી બધી કેળવી હતી કે માણસ કરતાં પણ વધારે ઝડપથી બરફગાડી સાથે દોડનારા કૂતરા-ઓને ચાર્લ્સ બરફમાં દોડવામાં હરાવી દેતો! ઝડપીમાં ઝડપી કૂતરા-ઓ કરતાં પણ એ ઘણો આગળ નીકળી જતો ને પોતાની સાથે થવા માટે, ઝડપ વધારવા માટે કૂતરાઓને પ્રોત્સાહન આપતો, ઉશ્કેરતો અને કોઇ વાર હંફાવીહંફાવીને ચીડવતો. આવી બે લાંબી રખડપટ્ટી કરી એ વહાણમાં પાછો ફર્યો, ને થાક ઉતાર્યો ન ઉતાર્યો ત્યાં તો ત્રીજી રખડપટ્ટી માટે બરફગાડી સાથે કૂતરાઓ જોડી, એકબે સાથીદારોને લઈ ફરી એ ઊપડ્યો. કેટલુંક અંતર ધીમેધીમે કાપ્યા પછી કૂતરાઓને ઝડપ-થી દોડાવવા માટે ચાર્લ્સે એમની સાથે ઝડપથી દોડવાનું શરૂ કર્યું.

પણ આ શું? ચાર્લ્સ કૂતરાઓ કરતાં આગળ તો નીકળી ન શક્યો, પણ એનાથી ઘણો પાછળ પડી ગયો! કદાચ વધારે પડતા થાકનું જ એ પરિણામ હશે! થોડું અંતર ધીમેધીમે કાપ્યા પછી ફરી એણે કૂતરા સાથે દોડવાનો બીજો પ્રયાસ કર્યો ને ફરીથી એ હારી ગયો. પોતાની શક્તિ ઘણી ઘટી ગઈ છે એ તેને તરત સમજાઈ ગયું. થોડું વધારે અંતર કાપતાં એને લાગ્યું કે પોતાની શક્તિ ઉત્તરોત્તર ક્ષીણ થતી જાય છે અને થાક વધતો જાય છે. તરત એ વહાણ પર પાછો ફર્યો. આવીને આરામ કરવા છતાં એનું શરીર ઘસાવા લાગ્યું. એને સમજાયું કે અવિ-રત, અતિશય શ્રમને લીધે એની તબિયતને જીવલેણ ફટકો લાગ્યો હતો.

આરામ ને સારવારની હવે કંઇ પણ અસર થઈ નહિ. શિયાળો પૂરો થયા પછી ઉત્તર તરફ હજુ આગળ જવાનાં પોતાનાં સ્વપ્નાં પાર પડશે કે નહિ એ વિષે એને શંકા થવા લાગી. એક દિવસ એની તબિ-યતે એકાએક મોટો ઊથલો ખાધો અને પોતાના મિત્રોની અંતિમ વિદાય લઈ, પોતાના પ્યારા વહાણ 'પોલરિઝ'માં જ શાંતિપૂર્વક તેણે દેહ છોડ્યો. ચાર્લ્સના અવસાનનો એના એસ્કિમો મિત્રદંપતીને તીવ્ર આઘાત લાગ્યો. અને એની ટુકડીની નૈતિક હિંમત ભાંગી પડી. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રાવણ
૧૯૯૧
અંક
૧૪૦

'કુમાર' આજે વર્ષો થયાં વાચનની કેટલી વિપુલ વિવિધતા આપતું આવ્યું છે તેના એક વધુ પુરાવા તરીકે પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો શ્રી મનુભાઈ પારેખનો લેખ 'એરોપ્લેનની સફરે' ઉતારીએ:

"તમે કદી એરોપ્લેનની સફરે ગયા છો? નહિ? તો આજે ચાલો. જુઓ, આ સામે જ આપણું એરોપ્લેન પડ્યું છે. પણ રહો; ઉપર ઊડતાં પહેલાં તેને વિષે થોડીક માહિતી આપું. તેના મુખ પાસેથી જ શરૂઆત કરીએ. આ સામે રહ્યો તે તેનો પંખો. એ જ તેને ખેંચે છે. તમે પતંગ તો જરૂર ચગાવ્યો હશે. આ એરોપ્લેનને પણ તમે પતંગ ને પંખાને તેની દોરી સમજો. જેમ દોરી વિના પતંગ ઊંચે ન જાય તેમ જ આ પંખા વિના એરોપ્લેન નકામું.

પંખાની પાછળ છે તેને ગતિ આપનારું એન્જિન. તેમાં અને આપણી ચાલુ મોટરકારના એન્જિનમાં કાંઈ ખાસ તફાવત નથી. પછી તેની પાછળ રહ્યું તે આખું એરોપ્લેનનું શરીર, જેમાં બેસવાની સગવડ હોય છે. તેની બંને બાજુએ પાંખો બેસાડેલી હોય છે. આ પાંખો ને આગળનો પંખો એ બંને મળીને જ આખા એરોપ્લેનને અદ્ધર રાખે છે.

હવે ચાલીએ પાછળ. આ તેની પૂંછડીએ રહ્યું તે ટેઈલપ્લેન એટલે કે પાછળની પાંખો, ને તેને જે નાની, ઉપરનીચે થઈ શકે તેવી પાંખો જોડેલી છે તેનું નામ એલિવેટર. એ એલિવેટર વડે એરોપ્લેન ઉપર કે નીચે લઇ જઈ શકાય છે. તેની પાછળ છે તે સુકાન–રડર. એરોપ્લેનને જુદીજુદી કોઈ પણ દિશામાં વાળવાનું તે વડે.

આ તો એરોપ્લેનના વિવિધ ભાગોની સમજણ આપી. હવે એ હવામાં કેમ અદ્ધર રહે છે તે જોઈએ. તમે એરોપ્લેનની પાંખ તો જોઈ. તે તદ્દન સપાટ નથી, પણ તેનો ઉપલો ભાગ સહેજ ગોળાકારવાળો અને નીચલો ભાગ તદ્દન સપાટ છે. આ પાંખોને જો હવામાં જોરથી ધકેલવામાં આવે તો તેનો ઉપલો ભાગ ગોળાકાર હોવાને લઈ ને તેની સાથે અથડાતી હવા ઊંચે ચડી જાય છે અને તેનો નીચેનો ભાગ સપાટ હોવાને કારણે, ત્યાં હવા તેના સરસી ઘસાઈ ને જાય છે. એટલે પાંખના ઉપરના ભાગમાં હવાનું દબાણ ઓછું થયું અને નીચેના ભાગમાં વધારે થયું. આથી જ તે હવામાં રહી શકે છે. આ જાતનો અખતરો જો તમારી પાસે વીજળીનો ટેબલપંખો હોય તો તેના વડે તમે ઘરમાં પણ કરી શકશો. એક પાતળા પૂઠામાંથી પાંખનો આકાર બનાવો અને તેને દોરી વડે પંખાની જાળી સાથે બાંધો. પંખો બંધ હશે ત્યારે તે પોતાના વજનથી નીચે પડ્યો રહેશે, પણ જેવો પંખો ચાલુ કરશો કે તરત જ તે હવામાં તરતો થઈ જશે. આ જ સિદ્ધાંત એરોપ્લેનની પાંખમાં સમજવો. તેને પણ પૂરતી ગતિમાં હવા મળે કે તરત જ તે હવામાં તરતું થાય; એટલે તો તેને હવાની ગતિ મેળવવા જમીન પર થોડું દોડવું પડે છે.

હવે તેને ઉપર-નીચે લઈ જનારાં એલિવેટર દોસ્તોને મળીએ. આ એલિવેટર પૂંછડીની નાની પાંખો સાથે જોડેલાં હોય છે, અને તે પાઇલટની બેઠક પાસેની કૅન્ટ્રોલ સ્ટિક (કે જેની સાથે તારથી તેનું જોડાણ કરેલું હોય છે તે) વડે ઉપર-નીચે કરી શકાય છે. આ કૅન્ટ્રોલ સ્ટિકને આગળ ધકેલીએ. જુઓ, તેમ કરવાથી એલિવેટર નીચે ગયાં ને તેના નીચા જવાથી હવાનું જોર તેની નીચેની સપાટી પર લાગ્યું, એટલે એરોપ્લેનની પૂંછડી ઊંચે ચડી ને તેનું મોઢું નીચે આવ્યું. હવે જો કૅન્ટ્રોલ સ્ટિકને પાછળ ખેંચીએ તો એલિવેટર ઉપર જાય અને ઉપરના ભાગ પર હવાનું દબાણ આવતાં એરોપ્લેનની પૂંછડી નીચે આવે ને મોં ઉપર જાય.

હવે જોઇએ સુકાન. તે તો તમે આગબોટો, વહાણ વગેરેમાં જોયું હશે. એરોપ્લેનના સુકાનનો સંબંધ, ચલાવનારના પગ પાસેના પૅડલ સાથે તારથી જોડેલો હોય છે ને પાઇલટ સુકાનને પોતાના પગથી ચલાવી પોતે ઇચ્છે તે દિશામાં એરોપ્લેનને વાળી શકે છે.

હવે રહ્યા એઈલરોન. તે મુખ્ય પાંખોના પાછલા ભાગમાં જોડેલાં હોય છે. એ પણ કૅન્ટ્રોલ સ્ટિક વડે ઉપર-નીચે થઈ શકે છે. તેનું કામ વળાંક લેવામાં મદદ કરવાનું હોય છે.


હવે ચાલો અંદર. બેઠક સામે જે સંખ્યાબંધ ઘડિયાળો જડેલું આ છે તે ઇન્સ્ટ્રુમેન્ટ બોર્ડ. આ ડાબા હાથે રેવોલ્યુશન ઇન્ડિકેટર છે. એન્જિન એક મિનિટમાં કેટલા આંટા ફરે છે તે આ બતાવે છે. તેની નીચે છે તે એર સ્પીડ ઇન્ડિકેટર, તે હવાની ગતિ એક કલાકના કેટલા માઈલની છે તે બતાવે છે. તેની બાજુમાં છે તે ઑઈલ પ્રેશર ગૅજ; અને આ જમણા હાથ પર રહ્યું તે ઑલ્ટિમીટર, જે આપણે હવામાં કેટલા ફીટ ઊંચે છીએ તે બતાવે છે. તેની બાજુમાં છે તે તો સાદું વખત બતાવનારું ઘડિયાળ છે, અને તેની નીચે છે તે દિશા બતાવનારું કંપાસ (હોકાયંત્ર) છે.

આ કૅન્ટ્રોલ સ્ટિકને આગળપાછળ કરવાથી એલિવેટર ઊંચાંનીચાં થઈ શકે છે એ તો આપણે જાણી ગયા. તેને જ બાજુમાં ધકેલવાથી એઈલરોનને ઉપરનીચે કરી શકાય છે. પગ આગળ જે આ બે પૅડલ દેખાય છે તે રડર-બાર, જેનાથી સુકાન ફેરવી શકાય છે; અને છેલ્લું આ ડાબા હાથ પાસે છે તે પેટ્રોલ લીવર, જેનાથી વધારે-ઓછું પેટ્રોલ રાખીને એન્જિનની ગતિ ઓછી કરી શકાય છે.

એરોપ્લેન ઉપર જતી કે નીચે આવતી વખતે હમેશાં સામા પવનનો જ ઉપયોગ કરે છે, કારણ કે તેમ કરવાથી થોડા જ વખતમાં ઉપર જઇ શકાય છે અને થોડી જગ્યામાં ઊતરી શકાય છે. તમને નવાઈ લાગશે, પણ પાછલા પવને ઊતરવું યા ચડવું એ એરોપ્લેન માટે બહુ જ જોખમકારક છે!

જુઓ હવે હું પેટ્રોલ લીવર દાબું છું. વાહ, શું સરસ એન્જિન છે! કેટલો તાલબદ્ધ અને સુંદર એનો છગછગાટ છે! એક-બે-ત્રણ... જુઓ જુઓ, આપણે જમીન તો ક્યારની યે છોડી દીધી! આ નીચે દેખાય તે સ્ટેશન; અને તેની બાજુમાં રેલવે લાઇન તો જુઓ! જાણે કોઇ મહાનાગ. આપણું ઑલ્ટિમીટર કહે છે કે આપણે ૨૦૦૦ ફીટ ઊંચે છીએ ને આપણે જવું છે ૫૦૦૦ ફીટ. હવે આ મારી કૅન્ટ્રોલ સ્ટિક હું થોડી પાછળ લઉં છું. તેમ કરવાથી આપણા એરોપ્લેનની પૂંછડી નીચે ને મોઢું ઉપર થયું. જુઓ, હવે ઑલ્ટિમીટર ફૂદકે ને ભૂસકે આગળ વધે છે. ત્રણ હજાર... ચાર હજાર... અને... આ પાંચ! અરે વાહ! શું સરસ દૃશ્ય છે.

હું ધારું છું કે હવે થોડા વખતમાં જ સૂર્યોદય થવો જોઇએ. ચાલો, તેટલો વખત જરા આ વાદળાં પર ચક્કર લગાવીએ. જુઓ, આ મારી ડાબી બાજુનું પૅડલ દાબતાં જ એરોપ્લેન ડાબી તરફ ફરવા લાગ્યું, કંઈ યે મુશ્કેલ નથી. ફક્ત એક જ ઇશારો કરો અને એરોપ્લેન તમને જવાબ આપશે. પણ રખે કોઇ દિવસ તેની અણછાજતી છેડતી કરતા! એરોપ્લેનના અકસ્માતના ૯૦ ટકા તો પાઇલટ અથવા ગ્રાઉન્ડ એન્જિનીઅરની બેદરકારી અથવા મૂર્ખાઈથી જ થાય છે.



વિમાનના પગ આગળના ફૂટબાર સાથે રડરના તાર જોડાએલા હોય છે. અને હાથમાંના પૈડા સાથે એઇલેરન તથા એલીવેટરના તાર જોડાએલા હોય છે. વિમાનને ઊંચું લઇ જવા માટે વિમાની એ પૈડા વડે પૂછડી પરના એલીવેટર ઊંચા કરે છે. પરિણામે વિમાન પરથી પસાર થતો હવાનો સપાટો એલીવેટર ઉપર થઇને જવાથી વિમાનના પૂંછડી નીચી ઢળે છે, અને મોઢું ઉચકાઇને આકાશ તરફ થાય છે ને વિમાન એ દિશામાં-ઉંચે-ચઢે છે. મથાળાના નાના ચિત્રમાં આ ક્રિયા દર્શાવી છે. એથી ઊલટું, નીચે ઊતરવા માટે એલીવેટરને નીચે ઉતારે છે, જ્યાં નીચેની હવાથી વિમાનની પૂંછડી ઉચકાઇને માથું નીચું ઢળે છે ને વિમાન નીચે ઊતરે છે. વિમાનને જમણું તથા ડાબું ફેરવવાની ક્રિયા દર્શાવતાં ચિત્રો અનુક્રમે નીચલા જમણા ને ડાબા ખૂણામાં આપ્યાં છે. વિમાની ફૂટ-બાર દબાવી રડરને જમણી તરફ ફેરવે છે, ને સાથોસાથ હાથપૈડાને જમણી તરફ ફેરવે છે એટલે જમણી પાંખ પરનું એઇલેરન ઉચકાય છે ને ડાબી પાંખ પરનું નીચે ઢળે છે. આથી, ઉચકાએલા જમણા એઇલેરન પરના હવાના દબાણથી જમણી પાંખ નીચી ઢળે છે.

સાહિત્યસંપર્ક

'મનોજવન'

''મ્યુનિસિપલ મોટરબસ ગુજરાત યુનિવર્સિટી તરફ દોડી રહી હતી. તેમાં થોડા કૉલેજિયનો હતા, એક-બે કારકુનો ને એકાદ અધ્યાપક હતા; હું યે પ્રવાસ કરતો હતો; બીજા ઊતરતા થરના ઉતારુઓ પણ હતા.

વર્તમાન રાજકીય–સામાજિક વાતાવરણની ચર્ચા ચાલતી હતી. એક કૉલેજિયને કહ્યું: 'સારું થયું કે ગાંધીજીનું ખૂન થયું અને તે વહેલા ગયા; નહિ તો આજે લોકો તેમને દંડા મારીને મારી નાખ્યા વિના રહેત નહિ.'

હું ચમકી ગયો ને બોલનારની સામે તાકી રહ્યો. બીજાઓ તટસ્થ ભાવે સાંભળી રહ્યા.

એક જુવાન કારકુન પેલાની ઉક્તિ ઉપર સહાનુભૂતિથી હસ્યો અને બોલ્યો: 'સાચી વાત છે. આજે ગાંધીજી જે કાંઈ કહેત, તેને લોકો બિલકુલ માનત નહિ,—સામા થાત. વાતાવરણ એટલું બધું બદલાઈ ગયું છે.'

પેલો બોલ્યો: 'એમ જ થવું જોઇએ. સાચી વાતને કયાં સુધી વાણીનાં વસ્ત્રોથી ઢાંકી શકાય? અસત્ય, હિંસા અને કહેવાતી અનીતિ જો માણસમાં કુદરતે જ મૂકેલાં છે, તો પછી અહિંસા, સત્ય અને આદર્શોના ખાલી ઢોલ પીટવાનો શો અર્થ છે?'

પેલા અધ્યાપક મૂગામૂગા સાંભળી રહ્યા. મને ચર્ચા ચલાવવાનું મન થયું, પણ એટલામાં સ્ટૅન્ડ આવ્યું. મારે ત્યાં ઊતરવાનું હતું.

હું ઊતરી ગયો, પણ એ ચર્ચાના શ્રવણની સાથે અનેક આઘાતાનુભવો ચિત્તમાં રમણ-ભ્રમણ કરવા લાગી ગયા. જુવાન વિદ્યાર્થીઓને અને ઊગતી પેઢીને જ સ્પર્શ કરતા એ બધા પ્રસંગો નહોતા. તાજા સ્વાતંત્ર્યાગમન પછી ઝેલમાં આવી ગએલી પ્રજા ઉપર જે પાશ્ચાત્ય વાતાવરણે આછેરા ઉન્માદની હવા વહાવવા માંડી હતી, તેની બહુવિધ અસરોનું વલોણું પણ ચિત્તમાં ફર્યા કરતું હતું.

પેલા કૉલેજિયન સાથે હું એ વિષેના વિવાદમાં ઊતરી શકું તેમ નહોતું; પણ જે યુગનો પ્રતિનિધિ બનીને તે બોલતો હતો, તે યુગના પેઢીધરો સાથે વાગ્યુદ્ધમાં ઊતરું એમ તો મનમાં થયા જ કરતું હતું; એટલે છેવટે નવલકથાના નાયકનો વેશ પહેરી મેં 'મનોજવન'ની રંગભૂમિ પર ઊતરવાનું પસંદ કર્યું.''

એ 'મનોજવન' તે શ્રી ચુનીલાલ વર્ધમાન શાહની નવી નવલકથા. એ લખવાનું જે પ્રયોજન થયું તે, એ પીઢ નવલકથાકારે ઉપર મુજબ એની પ્રસ્તાવના રૂપે મૂક્યું છે. એ બનાવ બન્યાને અઠવાડિયે જ અમારે તેમની સાથે તે વિષે ચર્ચા થએલી ત્યારે લાગેલું કે કોઈ પણ સમાજહિતચિંતક આ દૂષણનો સામનો અ-



સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણી

ગુજરાત જેને માટે પોતાના પ્રાંતમાં, દેશમાં અને દુનિયામાં પણ ગૌરવ લઈ શકે એવા તેના કીર્તિધરો પૈકીના એક ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણીનું ગયા માસ જુલાઇની ર૩મીએ નવી દિલ્હી ખાતે હૃદય બંધ પડી જવાને કારણે ૪૯ વર્ષની અકાળ વયે અવસાન થયું.

ગુજરાતી તથા અંગ્રેજી ભાષાના કલમકશ તરીકે, રાષ્ટ્રના તેમજ વિશ્વમાન્ય પત્રકાર તરીકે, ને સ્વદેશની આઝાદીની ભાવનાના વિદેશમાં પ્રચારક અને પ્રતિનિધિ તરીકે તેમણે જે ખ્યાતિ મેળવી છે તે જેટલી ઊજળી અને ઉચ્ચ છે તેથી યે ઉચ્ચ છે એમની કવિ તરીકેની પ્રતિભા.

બાર વર્ષ સુધી વિદેશ (અમેરિકા) ખેડીને એ પરભૂમિમાં દોહ્યલી એવી પ્રતિષ્ઠા હાંસલ કરી, છતાં 'કુમાર'ના ૩૦૦મા અંકમાં પ્રકટ થએલા તેમના કાવ્ય 'ઘરજાત્રા'માં તેમણે તો ગાયું:

'ઊખડેલા નવ આંબા ઊગે,
ઘર વાવેલા આભે પૂગે.'

૧૯૪૫ પછી તેઓ કલકત્તાના અંગ્રેજી દૈનિક પત્ર 'અમૃતબજાર પત્રિકા'ના દેશવિદેશના ખાસ ખબરપત્રી તરીકે નિમાયા; તે ઉપરાંત 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ', 'વોગ', 'કરન્ટ હિસ્ટરી', 'સૅટરડે રિવ્યૂ ઑવ લિટરેચર', 'ન્યૂ યૉર્ક હેરૉલ્ડ ટ્રિબ્યૂન', 'દ વિલ્ટ હામ્બુર્ગ' ને 'ટોકિયો શિમ્બુન' વગેરે અગ્રણી વિદેશી સામયિકોમાં તેમની કલમ અવારનવાર ચમક્યાં કરતી હતી. 'માઈ ઇન્ડિયા, માઇ અમેરિકા', 'વૉર વિધાઉટ વાયોલન્સ' વગેરે તેમણે લખેલાં અંગ્રેજી પુસ્તકોએ તેમને અંગ્રેજી ભાષાના ઊંચી કોટિના લેખક તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી. પરંતુ એ છતાં, તેમના કહેવા પ્રમાણે, સાહિત્યનું ઉત્તમાંગ 'કવિતા તો એક માત્ર

ર્મિની કલમે કરે તો પણ ઓછું પડે.

પણ શ્રી ચુનીભાઈ તો ઠરેલ ને ઠાવકા નવલકાર છે; અને એથી કરીને જ, અમારા મત પ્રમાણે, આ નવલકથામાં એમની આગ ઠંડી લાગે છે. લેખક જાતે જ નવલકથાનો નાયક બને એ આલેખન-પ્રકાર, આપણે ત્યાં કદાચ નવો હોઈ, એ આ કથાની વિશિષ્ટતા પણ બન્યો છે. કસાએલી કલમની સંયોજનાશક્તિ ને પાત્રાલેખન, તથા અનુભવ ને અવલોકનના પરિણામજન્ય માનસશાસ્ત્રીય નિરૂપણો પણ તરી આવે એવાં છે; છતાં એમણે અજમાવેલા ચર્ચાઓના પ્રબોધક ડોઝને બદલે અત્યારના વ્યાપક દૂષણને માટે તો શસ્ત્રક્રિયાની તેજ છરી ચલાવવાની જરૂર હતી એમ લાગે છે.

છતાં, અંતે તો તે ચુનીભાઇની નવલકથા છે, અને એ વાંચવા-વસાવવાની ભલામણ કરવા જેટલું હૈવત તો જરૂર ધરાવે છે. (કિ. રૂ. પાંચ) તેની સાથોસાથ આ 'મનોજવન'-ના બીજા પાસા જેવી તેમની ઉત્તમ સામાજિક નવલ 'તપોવન' (કિ. રૂ. ૩।) જે પણ હમણાં જ બહાર પડી છે તે વાંચવાની પણ અમારી ભલામણ છે. બંનેના પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સૂરત.

શબ્દકથા : 'પૂડો'

'પૂડો' આપણને બિત્રણ રીતે ને રૂપે જાણીતો છે. 'પૂડલો' પણ 'પૂડો' કહેવાય છે. 'માલપૂડા' એ પહેલાં તો મિષ્ટાન્નનો રાજા ગણાતા અને હજી પણ ઘણાં મિષ્ટાન્ન-પ્રેમીઓ એને એ સ્થાનેથી ચ્યુત કરવા તૈયાર નથી. 'માલપૂડા' વળી 'માલપૂઆ' પણ કહેવાય છે.

આપણો 'પૂડો' એટલે હિન્દી 'પૂઆ'. બંનેનું મૂળ સંસ્કૃત अपूप. સંસ્કૃતમાં अपूप ને पूप એમ બેવડે રૂપે એ શબ્દ મળે છે. પ્રાકૃતમાં पूव, पूअ; તે ઉપરથી 'પૂઆ'; ને પછી 'એક' ઉપરથી 'એકડો', 'ગદ્ધો' ઉપરથી 'ગધેડો' વગેરેની જેમ 'ડો' લાગીને 'પૂડો' થયો. પૂપ—પૂઅ—પૂડો; શુક—સુઅ—સૂડો, રૂપ—રૂઅ—રૂડો;–એ બધા એક જ રસ્તે ચાલીને આવ્યા છે. પછીથી જેમ ચૂડો—ચૂડલો, તેમ પૂડો—પૂડલો.

'મધપૂડો'માં પણ આ શબ્દ છે. ભરેલો ને સ્નિગ્ધ હોવાથી એ 'મધનો પૂડો' સ્વાભાવિક રીતે જ કહેવાયો. છાંદોગ્ય ઉપનિષદમાં अपूप મધપૂડાના અર્થમાં વપરાયો પણ છે. 'પૂડા' જાતજાતના થાય. તેની એક જાત मल्लय નામે જાણીતી હતી, તે પરથી 'માલપૂડા'.

पूप ઉપરાંત સંસ્કૃતમાં पूपलिका અને પ્રાકૃતમાં पूअलिआ મળે છે. એ 'પૂડા'ને મળતી જ વાની હોય. આપણી 'પોળી'નું મૂળ એ જ લાગે છે. એ રીતે 'પૂડો' ને 'પોળી' જોડકાં 'ભાઇબહેન—ખરી રીતે તો મૂળ એકના બે અવતાર.

—હરિવલ્લભ ભાયાણી

ચેતન પ્રકાશન ગૃહનાં પ્રકાશનો

વિવેચનસંચય

ગુજરાતી સાહિત્યના નવા વિવેચકોની પેઢી હજી સરજાતી જાય છે. જોકે સાહિત્યના વિધવિધ દષ્ટિકોણોથી થતાં અધ્યયન–પરિચય–અવલોકનની સામગ્રી ભાવકોને સંતોષપ્રદ માત્રામાં મળ્યે જાય છે.

'વિવેચનસંચય' એ શ્રી ભાઈલાલ પ્ર. કોઠારીનું આ બીજા પ્રકારનું પુસ્તક છે. વિવેચન અને અવલોકન અરસપરસ સંકળાએલાં હોવા છતાં બંનેનું કાર્યક્ષેત્ર નિરાળું છે. આ સંગ્રહમાં રજૂ થએલા કુલ સત્તર લેખો પોતપોતાના વિષયના સાહિત્યના ગુણ અને દોષની તટસ્થ,

સ્વભાષામાં જ લખી શકાય'; અને ગુજરાતીને તેમણે, શ્રી ઉમાશંકર જોશીના શબ્દોમાં 'સુભગ શબ્દવિન્યાસ, તાજગીભર્યા લયહિલ્લોલ, સુરેખ ચિત્રો ખડાં કરતાં ભાવપ્રતીકો દ્વારા અનાયાસ ને અજોડ કલાસૂઝ' ધરાવતી અભિનવ-ઉત્તમ કવિતા આપી છે.

શ્રી રામપ્રસાદ શુકલે યથાર્થ કહ્યું છે કે "આજથી ત્રણ દાયકા પહેલાં શ્રીધરાણીની સર્જકપ્રતિભાએ છેક મુગ્ધ-વયમાં જે અવનવા ઉન્મેષો પ્રગટાવ્યા તે સાહિત્યજગતમાં લગભગ વિરલ ગણાય. પંદર સોળ વર્ષની વયે કવિતા-રચનાનો પ્રારંભ કરનારા યુવકો કદાચ મળી આવે, પરંતુ ત્રણચાર વર્ષમાં ઝડપી વિકાસ કરીને કાવ્યકલાનાં શિખર સાધનાર શ્રીધરાણી જેવી સર્જકપ્રતિભા જવલ્લે જોવા મળે વીસ વર્ષનું વય વટાવ્યા પહેલાં 'ભરતી' જેવું, હૃદયની અદમ ઊર્મિને અનુરૂપ ભાષાવૈભવ વ્યક્ત કરતું કલસૌષ્ઠવયુક્ત સૉનેટ સર્જવું એ જેવીતેવી સિદ્ધિ નથી. 'કોડિયાં' કાવ્યસંગ્રહની પ્રથમ આવૃત્તિને અંતે આપેલી કાલક્રમિકા જુઓ ને એમાંની ૧૧૨ કૃતિઓમાંની છેલ્લી લખાએલી તે સમયે કવિનું વય આશરે બાવીસ વર્ષ અને છ માસનું હતું. વયમર્યાદાને જ વળગી રહીને વાત કરીએ તો આનાથી ચડિયાતી સિદ્ધિ માત્ર એક જ કવિએ આપણા સાહિત્યમાં દર્શાવી છે. કવિ કાન્તની સર્વોત્તમ કાવ્યકૃતિઓ એમની ત્રેવીસ વર્ષની વય સુધીમાં રચાઈ છે. હૃદયની ગૂઢ વેદના તથા મંથન વડે અભિભૂત થએલા કાન્તને કાવ્યકલાએ જાણે કે ત્યજી દીધા, તો શ્રીધરાણીના વિદેશવાસે છોડાવેલી કાવ્યકલા એમને હાથે સમયના અભાવે ફરી ચડી નહિ."

ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ અર્પણ કરવા માટે તેમને અર્પણ કરાએલો રણજિતરામ સુવર્ણચન્દ્રક આપવાનો સમારંભ યોજવાનો તો હજી બાકી છે, (અને તેમને એ સુવર્ણચન્દ્રક એનાયત થયાની વધાઇ ખાવા સાથે 'કુમારે' ૪૨૮-મા અંકમાં તેમનો વિસ્તૃત પરિચય આપ્યાને હજી માંડ એક વર્ષ પૂરું થાય છે) ત્યાં આ પાના પર તેમની અવસાન-નોંધ લેતાં ભારે આઘાત લાગે છે. ગુજરાતનાં સાહિત્ય-સંસ્કારને તેમના તરફથી અપેક્ષિત સંતર્પણ જાણે કે અધૂરું જ રહી ગયું. 'કુમાર' તો તેમની વિકસતી કારકિર્દીનું પ્રથમથી સાક્ષી રહેતું આવ્યું છે. બાર વર્ષની વયે તેમણે લખેલું કાવ્ય 'તારા! તારા!' 'કુમાર'ના છેક ૪૨મા અંકમાં પ્રકટ થયું, એ તેમનું પહેલું પ્રસિદ્ધ કાવ્ય. ત્યારથી આખર સુધી 'કુમાર' સાથેનો તેમનો સંપર્ક અખંડ રહ્યો હતો. આથી 'કુમાર' કુટુંબનાં સભ્યોને તો એક અતિનિકટનું આપ્તજન ગુમાવ્યાનો શોક છે.

અમે તેમનાં સર્વ કુટુંબીઓ, આપ્તજનો, તેમનાં પત્ની શ્રીમતી સુંદરી અને બાળકો અમર ને કવિતા તરફ અંતઃકરણપૂર્વકની ઊંડી દિલસોજી પાઠવીએ છીએ. પ્રભુ એમને ચિરશાંતિ બક્ષે.

સમતોલ અને સાહિત્યહેતુની કસોટીએ સમીક્ષા નથી કરતા, બલકે તે તે વિષયોનું ગુણગ્રાહી દર્શન કરાવે છે. (આ દૃષ્ટિએ 'વિવેચન-સંચય' એ નામ ગ્રંથવિષયને પૂરો ન્યાય આપી શકતું નથી.) એ અન્વયે પ્રસ્તુત એ આપણા એક વિવેકી, ગુણગ્રાહી અને અધ્યયનશીલ સાહિત્યરસિકના અભ્યાસની ગુણવાન પ્રસાદી છે. પુસ્તક વિષે પરિચય કરાવતાં 'પ્રવેશક'-માં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે: 'વિવેચન-સંચય'માં વિષયોનું વૈવિધ્ય છે. ઓછા જાણીતા પણ વધારે જાણવા યોગ્ય વિષયો પર પણ દ્યોતક અભ્યાસલેખો છે. રંગભૂમિનાં પૌરાણિક નાટકો, ઉપેન્દ્રાચાર્યનાં નાટકો, ગોવિંદભાઈનું 'ગુરુ ગોવિંદસિંહ' કાવ્ય, ઍન્ટન ચેહૉફ વગેરે વિષયો ઉપર આલોચનાત્મક લેખો છે. 'ભુલાઈ જતાં સ્વજનો' નામનો સરસ નિબંધ તો અર્વાચીન યુગનાં ગણનાપાત્ર પણ ભુલાતાં પુસ્તકો વિષે જ છે. 'ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો' ભાગ ૧લો (૧૯૨૦)ના કર્તા મણિશંકર, 'ઉખાણાસંગ્રહ'ના કવિ જેસંગભાઈ, 'ભગવદ્‌ગીતા' ને 'દાસબોધ'ના અનુવાદક શેઠ પેસ્તનજી, 'જ્ઞાનચક્ર'ના સંગ્રાહક રતનજી શેઠના, 'મહાજનમંડળ'ના કર્તા શ્રી મગનલાલ પટેલ અને એવા અનેક સરસ્વતી-ઉપાસકોનું શ્રી કોઠારી સ્મરણ કરાવે છે. વળી 'ઋતુસંહાર'નું ભાષાન્તર કરનાર હરિકૃષ્ણ બલદેવરામ ભટ્ટ અને 'નાગાનંદ'નું ભાષાંતર કરનાર રાજારામ ભટ્ટને પણ નોંધે છે. ૧૯૨૦ પહેલાંના નાટકકારો, જેમણે કદાચ સાહિત્યકારો તરીકે તેજસ્વી સિદ્ધિ પ્રાપ્ત નથી કરી, એમને તેમણે ભાવથી યાદ કર્યા છે. લેખો પ્રો. ઠાકોરનાં સ્વતંત્ર અભ્યાસ, ઝીણી રસદૃષ્ટિ અને ગદ્યશૈલીનું સૌષ્ઠવ દાખવે છે. 'હાસ્યમીમાંસા'નો તેમનો નિબંધ સબળ અને મહત્ત્વનો ગણાય.' રૂ. ૫.

બીજી થોડીક: શ્રી સુરેશ હ. જોષીની 'નવીન શૈલી, નવીન આયોજનપદ્ધતિ, નવા જ આકાર અને નવીન ઉપમા–અલંકાર–પ્રતીકાદિથી સ્પષ્ટ રીતે જુદી પડી આવતી' ચૌદ વાર્તાઓ, ૨-૭૫; **પ્રેમઘટા ઝુક આઈ:** નવોદિત લેખિકા શ્રી સરોજ પાઠકની સરળ હૃદ્ય પંદર વાર્તાઓ, શ્રી ગુલાબદાસ બ્રોકરના આવકાર સાથે, ૪-૦૦; **ઉદ્ધ્વસ્ત આકાશ:** ૧૯૫૮નું સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક જેમને પોતાના નવલકથા 'ડૉ. ઝિવાગો' માટે જાહેર કરાયું હતું (પરંતુ તેના, સ્વદેશ–રશિયામાં પડેલા અનિષ્ટ પડઘાને લીધે પારિતોષિકનો જેમણે ઇન્કાર કરેલો), તે સ્વ. બૉરિસ પાસ્તરનાક માનવતાની વ્યાપક ભાવનાથી પ્રેરિત કવિ અને નવલકથાકાર હતા. તેમની એ કીર્તિદા નવલકથાનો શ્રી ભોગીલાલ ગાંધીએ કરાવેલો આ કથા–આલોચનાત્મક પરિચય ગુજરાતી સાહિત્યમાં નવતર, વિશિષ્ટ અને આવકારપાત્ર એવો પ્રામાણિક છે. કિંમત: રૂ. ૨-૭૫. **પુરુષાર્થની પ્રતિમા:** ગુજરાતના એક અલ્પ-પરિચિત પરંતુ વિશેષતયા સાબરકાંઠાની આજીવન પ્રજાસેવા કરનાર કર્મયોગી સ્વ. શ્રી મથુરાદાસ ગાંધીનું જીવનચરિત્ર, ૧૦ ફોટો સાથે, રૂ ૭ ૫૦.

છબીલો લાલ: કિશોરો ભજવી શકે એવાં, જાણીતા બાલસાહિત્યકાર શ્રી રમણલાલ સોનીએ લખેલાં પાંચ નાટકો, ૧-૫૦; **થથા થેઈ થેઈ થેઈ:** એ જ લેખકનાં બીજાં પાંચ કિશોરનાટકો, ૧-૫૦; **પંદર પૈસામાં ભારત પ્રવાસ:** શ્રી રમણલાલ સોનીનું, ભારતનાં જોવા લાયક સ્થળોનું વર્ણન સાંકળતું, બાળકોને જ્ઞાન સાથે ગમ્મત અને રસ આપે તેવું કાવ્ય, સચિત્ર, ૦-૭૫; **મગોડીનો પિપૂડીવાળો:** એ જ લેખકનું સરળ રસિક બાલવાર્તાકાવ્ય, સચિત્ર, ૦-૫૦. પ્રકાશક સંસ્થાનું સરનામું: ચેતન પ્રકાશન ગૃહ લિ., રામજીમંદિર પો.ળ, વડોદરા.

મહાન વૈજ્ઞાનિકો: જગતના મહાન વૈજ્ઞાનિકોનાં જીવન ને કાર્યનો કિશોરોને સરળ ભાષામાં પરિચય કરાવતી એ માળાનો ચોથો મણકો, રૂ. ૧. પ્ર.: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ.



બૌદ્ધ—ખાસ કરીને તેના હીનયાન-પંથનું લાઓસમાં પ્રાબલ્ય છે. ત્યાંનો દરેક પુરુષ જીવનમાં થોડો વખત પણ માથે મુંડન કરાવી, પીળાં વસ્ત્રો ધારી ત્યાંનાં મંદિરોમાં રહીને સાધુજીવન અવશ્ય ગાળે છે. અણિયાળાં છાપરાંવાળાં એ બૌદ્ધ મંદિરો અહીંના પ્રજાજીવનનાં સંસ્કારકેન્દ્રો છે. અને આથી જ લાઓસની ટિકિટોમાં આ મંદિરોને, ત્યાંના સાધુજીવનના ચિત્રણને અને ત્યાંની ભગવાન બુદ્ધની વિશિષ્ટ મૂર્તિઓને અવારનવાર સ્થાન મળતું રહે છે. અહીં લાઓસની એવી કેટલીક દૃદ હરણરૂપ ટિકિટો આપી છે. (કિશન આર. શર્મા, જૂનાગઢ)



જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શય્યા ગણી અંગાર પર હસતો રહ્યો,
કોઈના ઇકરાર ને ઇન્કાર પર હસતો રહ્યો,
જે મળ્યો આધાર એ આધાર પર હસતો રહ્યો.
આ મુસીબત! એટલી જિંદાદિલીને દાદ દે—
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.

જમિયત પંડ્યા

સિદ્ધરાજ જયસિંહ

ભારતીય સંઘના સ્વતંત્ર એકમ તરીકે ગુજરાત ઐતિહાસિક મહત્ત્વ પ્રાપ્ત કરે છે એ પ્રસંગે મારું મન જયસિંહ સિદ્ધરાજના વિચારે વળે છે; કેમકે આપણે જેને ગુજરાત તરીકે જાણીએ છીએ તેને એણે આકાર આપ્યો ને તેમાં અર્થ પણ પૂર્યો. ઇતિહાસના આરંભકાળથી ગુજરાત ઉત્તર ભારત સાથે સંબંધ ધરાવતું આવ્યું છે. ચન્દ્રગુપ્તના મૌર્ય સામ્રાજ્ય, કનિષ્કના કુશાન સામ્રાજ્ય તથા ક્ષત્રપોના મહાક્ષત્રપ રુદ્રદામનના હાથમાંથી પસાર થતું થતું ગુજરાત ચોથા અને છઠ્ઠા સૈકા દરમ્યાન ગુપ્ત સામ્રાજ્યનો ભાગ બન્યું. ગુપ્ત સામ્રાજ્યના ખંડેરમાંથી જે રાજ્યો ઊભાં થયાં તેમાં વલભી રાજ્ય સૌથી વધારે ચિરંજીવ નીવડ્યું. સૌરાષ્ટ્રમાં આજે જે વળા તરીકે ઓળખાય છે તે એ રાજ્યનું પાટનગર હતું. રાજ્યકર્તા મૈત્રકોના અંત પછી ગુજરાતનું વિભાજન થયું: ખેડા જિલ્લા સુધીનો દક્ષિણ ગુજરાત રાષ્ટ્રકૂટોના અંકુશ હેઠળ આવ્યો ને ઉત્તર તરફનાં પરગણાં ગુર્જર પ્રતિહારોના સામ્રાજ્યમાં રહ્યાં. દસમા સૈકાના વચગાળામાં એ પ્રતિહારોની સત્તા નબળી પડી અને ઈ. ૯૪૧માં મૂળરાજે ચપોત્કટોને હરાવી ચાલુક્ય વંશ સ્થાપ્યો. ચાલુક્ય વંશની સત્તા ગુજરાત પર ત્રણેક સૈકા સુધી રહી.


મૂળરાજે પોતાના રાજવંશની ઋદ્ધિસિદ્ધિનો પાયો નાખ્યો ને તેના વંશજોએ રાજ્યનો વિસ્તાર કર્યો. મહમૂદ ગઝની ઇ. ૧૦૨૪માં સોમનાથના મંદિરનો નાશ કરી પાછો ફર્યો ત્યાર પછી ભીમે પોતાનું રાજ્ય પાછું મેળવી તેને મજબૂત બનાવ્યું. એના પુત્ર કરણ પહેલાએ (ઇ. ૧૦૬૫–૧૦૯૩) લાટ (અથવા આજના દક્ષિણ ગુજરાત) સુધી રાજ્ય વિસ્તારી દીધું. એ કરણ તે જયસિંહ સિદ્ધરાજનો પિતા. સિદ્ધરાજને બાળક મૂકીને જ કરણ મૃત્યુ પામ્યો ત્યારે રાજ્યને હડપ કરવા મથતા પશ્ચિમે માળવાના પરમારો ને ઉત્તરે નાડોલ અજમેરના ચૌહાણોની સામે ટક્કર ઝીલવા એ યુવાન રાજકુમારે એકલા તૈયાર રહેવું પડ્યું. રાજ્યની અંદર પણ ખટપટ હતી. કરણના પિતા ભીમને દેવદાસી ચૌલાદેવીથી ક્ષેમરાજ નામનો પુત્ર થયો હતો. કરણના મૃત્યુ પછી ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે ગાદી માટે ઊથલપાથલ કરી મૂકી, પરંતુ મંત્રી શાંતુની મદદથી સિદ્ધરાજની માતા મયણલ્લાદેવીએ એ પ્રયત્નને આરંભમાં જ દાબી દીધો અને દેવપ્રસાદનો વધ કરાવ્યો.

અને પછી તો યુવાન જયસિંહે વિજેતાની કારકિર્દી આરંભી દીધી. ગિરનારના રાજવી રાં'ખેંગારને પરાજય આપીને એણે પોતાની યોદ્ધા તરીકેની કારકિર્દીની શરૂઆત કરી. લગભગ આખું સૌરાષ્ટ્ર એણે કબજામાં લઈ લીધું. પછી નાડોલ પર આક્રમણ કરી ત્યાંના ચૌહાણ રાજા અસરાજને પોતાના આશ્રિત તરીકે રહેવાની એણે ફરજ પાડી અને પછી વિખ્યાત પૃથ્વીરાજના પૂર્વજ અજમેરના અર્ણોરાજ ચૌહાણને એણે હાર આપી. તે પછી સિદ્ધરાજે મક્કમ રાજ્યનીતિ અપનાવી. માળવા એનું સૌથી મોટું હરીફ હતું. મુંજ અને ભોજ જેવા માળવાના પરમાર રાજવીઓએ આજના ગુજરાત પર કબજો ભલે નહોતો જમાવ્યો પણ તેવા પ્રયત્નમાં તો તે હતા જ. ગૂર્જરભૂમિના નામે ઓળખાતો પોતાનો વધતો જતો રાજ્યવિસ્તાર એક પ્રબળ રાજદ્વારી સત્તા બને તે માટે સિદ્ધરાજ પરમારોની સત્તાને તોડી પાડે તે આવશ્યક હતું. આ ઉદ્દેશ પાર પાડવા એણે પોતાની પુત્રી અર્ણોરાજ સાથે પરણાવીને અજમેરના રાજવંશી ચૌહાણોનો સાથ લીધો. આમ, ઉત્તરની સીમાએ સલામતી સાધીને

આપણાં જીવજંતુ: ૨૮

જળો

જળોને કદાચ બહુ ઓછાએ જોઈ હશે, પરતુ એના લોહી ચૂસવાના ગુણથી તો કોઇ અજાણ હોય તો જ નવાઈ.



વૈદ્યકીય જળો ઘોડાજળો

શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે જળો Hirudinea વર્ગની ગણાય છે. ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધમાં તે ઠેરઠેર જોવા મળે છે. રંગે કાળાશપડતી–ઘઉંવર્ણી ને લીલી ઝાંયની, જોકે વાતાવરણની અસર તેના રંગ ઉપર પડે છે.

શરીરે પાતળી, ચપટી, કૃમિ જેવી. $\frac{1}{3}$ થી માંડીને ૨–૩ ઇંચની જળો મળે છે. શરીર એકબીજામાં પરોવાએલા ૩૩ જેટલા ભાગોનું બનેલું. લોહી ચૂસવા માટે શરીરને પાછલે છેડે નીચેના ભાગમાં એક અને મોંને ભાગે બીજી ચૂસણી હોય છે. મોં પર અર્ધવર્તુળાકાર કરવતના આકારમાં વળેલી ત્રણ દાંત જેવી દંતાવલિ, જે ખાસ જાતનો ત્રિખૂણિયો જખમ કરે છે. ઘામાં જળો એક જાતનું પ્રવાહી ભેળવે છે, જેથી લોહીના ફોડા બાઝતા નથી. તેણે ચૂસેલું લોહી હજમ થવા માટે પેટમાંની મોટી કોથળીમાં જમા થાય છે.

માથાની ટોચ પર દેખાતાં ટપકાં એ તેની આંખો. ઘોડા-જળોને પાંચ જોડ આંખો હોયછે. વળી એક જોડ આંખોવાળી જળો પણ થાય છે.

કેટલીક, જેમકે વૈદ્યકીય, જળો મીઠા પાણીમાં રહે છે; ઘોડા-જળો ભીનાશવાળી જગ્યાએ રહે છે ને અળસિયાં જેવાં જીવજંતુનું લોહી ચૂસે છે. સમુદ્ર-જળો માછલી, શાર્ક વગેરે દરિયાઈ જીવોના લોહી પર નભે છે. લોહી ચૂસીને ઘાની જગ્યાએથી તે જાતે જ ખરી પડે છે. બગડેલા લોહી, ગૂમડાં, વા, સોજા વગેરે પર ખાસ 'વૈદ્યકીય' જળો ઉપયોગમાં લેવાય છે. તે લોહી સાથે રોગનાં જંતુને પણ શોષી લે છે. આ જાતની જળોના દાંત ઘણા તીક્ષ્ણ હોય છે.

જળો પાણીમાં શરીરની આંદોલિત ગતિથી તરે છે, તો વળી નક્કર સપાટી પર પણ ચૂસણીઓની મદદથી પકડ મેળવીને શરીરનાં વર્તુળો રચતી આગળ વધે છે.

જળોમાં નર–માદાનો ભેદ નથી, એ નર–માદા બંને હોય છે. કેટલીક જળો ભીનાશવાળી જમીન પર ઇંડાં મૂકે છે, કોઈ પથરા કે છોડવા સાથે ઇંડાં વળગાડી રાખે છે, તો અમુક પોતાના પેટાળ પર તે સાચવે છે.



જયસિંહ અને કુમારપાળની સત્તા હેઠળ
ચૌલુક્ય સામ્રાજ્ય

સિદ્ધરાજે માળવા પર આક્રમણ કર્યું. રાજા નવવર્મા (ઈ. ૧૦૯૪-૧૧૩૩)ના સમયમાં એણે પરમાર રાજ્યની સામે વારંવાર ચડાઇ કરી. છેવટે ઈ. ૧૧૩૭માં નવવર્માનો પુત્ર યશોવર્મા માળવાની ગાદીએ હતો એને પકડીને કેદ કરવામાં આવ્યો અને સિદ્ધરાજે અવન્તિનાથનું માનભર્યું નામ અપનાવ્યું.

સિદ્ધરાજના સમયમાં ગુર્જરભૂમિ—ગુજરાત સત્તા ને પ્રતિષ્ઠાની પરાકાષ્ઠાએ પહોંચ્યું. એના સમયનો એ અત્યંત પ્રતિભાશાળી રાજવી હતો. એના સામ્રાજ્યમાં ઉત્તરે ગોડવડ પ્રદેશ સમેત રાજસ્થાનનો મોટો વિસ્તાર આવી જતો ને જયપુર, જોધપુર તથા વાંસવાડાના કેટલાક ભાગો આવતા હતા. પશ્ચિમે એનું રાજ્ય માળવા સુધી પહોંચ્યા જતું હતું. પૂર્વમાં સૌરાષ્ટ્ર અને કચ્છ ગુજરાતમાં ભળી ગયાં હતાં ને દક્ષિણે થાણા સુધી એનો રાજ્યવિસ્તાર ગયો હતો. માળવા પર વિજય મેળવ્યા પછી લગભગ છ વર્ષે ઇ. સ. ૧૧૪૩ની આસપાસ સિદ્ધરાજ મૃત્યુ પામ્યો. એ ગાદીએ આવ્યો ત્યારે એ અણહિલવાડ પાટણના નાનકડા વિસ્તારનો રાજા હતો. મૃત્યુ પામ્યો ત્યારે એ પોતાની પાછળ મોટું સામ્રાજ્ય મૂકી ગયો, ને એનો આખો રાજ્ય-વિસ્તાર ગુજરાતને નામે ઓળખાવા માંડ્યો. આમ, સિદ્ધરાજ આધુનિક ગુજરાતનો સંસ્થાપક બન્યો. (ચિત્ર : આ અંકની આર્ટ પ્લેટ પર)

સિદ્ધરાજ જેવો એક મહાન વિજેતા હતો એવો જ વિદ્યાનો એ રસિક ને પ્રોત્સાહક પણ હતો. અથાગ લશ્કરી પ્રવૃત્તિઓમાં મચ્યા રહેવા છતાં ગુજરાતની વિસ્તાર પામતી સીમાઓમાં સમૃદ્ધિ વધતી જ ગઇ ને તેની સંપત્તિ ઉદાત્ત સ્થાપત્યમાં વપરાતી રહી. એ મહારાજાનો સ્થાપત્યનો ઉત્સાહ વર્ણવવામાં પ્રબંધો પરસ્પર સ્પર્ધા કરે છે. સિદ્ધપુરનું રુદ્રમહાલય એણે ફરીથી બંધાવ્યું ને અણહિલવાડમાં સહસ્રલિંગ તળાવ બંધાવ્યું. એ કાર્ય તો સાચે જ અદ્ભુત હોવું જોઇએ. પુરાતત્ત્વ ખાતા તરફથી થતા ખોદકામમાં જે અવશેષો આજે મળી આવે છે તે પરથી એ તળાવ કેવું હશે તેનો ખયાલ આવે છે. સરસ્વતી નદીને તો તેમાં લગભગ આખી વાળી લેવામાં આવી હતી. તળાવ કરતાં વિશેષ મહત્ત્વ તો તેના બાંધકામનું હતું. તળાવો અને નહેરો વાટે, દેવાલયો અને કલામય દ્વીપોની આસપાસ બંધાએલાં આમોદ-ગૃહોની ફરતે પાણી વહ્યા કરતું. આ વિશાળ જળોદ્યાન સહસ્ર શિવ-મંદિરોથી વીંટળાએલું હતું. આમાંનું પ્રત્યેક મંદિર વિલક્ષણ સ્થાપત્યના નમૂના જેવું છે. ઇતિહાસે જાણેલો આ સર્વશ્રેષ્ઠ કીર્તિસ્તંભ હતો—મહારાજાધિરાજ પરમેશ્વર ત્રિભુવનગંડ સિદ્ધચક્રવર્તી અવન્તિનાથ બર્બરકજિષ્ણુ શ્રી જયસિંહદેવની ભવ્યતાને એ અંજલિ હતી. આવાં મહાન કળાધામો સરજીને જ જયસિંહને જંપ વળ્યો નહિ. વઢવાણ ને થાણાની વચ્ચે એની સત્તાના આધાર સમી ચાલીસ કિલ્લાઓની હાર પણ એણે ઊભી કરી દીધી હતી.

ઉજ્જૈન પર વિજય મેળવવા સાથે સિદ્ધરાજ એ શહેરની સંપત્તિ, કળા ને સાહિત્યને યે અણહિલવાડ સુધી લઈ આવ્યો. રામની રાજધાની અયોધ્યાસમી સિદ્ધરાજની રાજધાની અણહિલવાડ હતી. એણે બાંધેલાં મંદિરોનાં ઉત્તુંગ દહેરાં 'સૂર્યદેવના અશ્વોના માર્ગમાં પણ અવરોધ કરતાં હતાં.' દેવાલયોથી વસેલા એ નગર ફરતે ઊંચી દીવાલ હતી. તેમાં વચ્ચે દેખાતાં મિનાર ને કાંગરી 'સ્વર્ગની અપ્સરાઓને માટે દર્પણ સમાં હતાં.' દીવાલને ચારે બાજુથી ઘેરી લેતી ખાઇ સમુદ્રની જેમ નગરમાં વસતી લક્ષ્મીની રક્ષા કરતી. સરસ્વતીનો પટ આજના જેવો રેતાળ નહોતો. ત્યારે તો એ નદી પર નાવો ચાલતી અને સહસ્રલિંગ તળાવની નહેરો વાટે તેનું પાણી બધે પૂરું પડતું.

અણહિલવાડમાં અઢળક સમૃદ્ધિ હતી. ત્યાંનાં વેપાર-વાણિજ્ય અને તે સમયે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પામી ચૂકેલાં ખંભાત અને ભરૂચ બંદરોથી વેપારીઓ જે વહાણવટું કરતા તે બધું અદ્ભુત હતું. નગરના શ્રીમંતો ફૂલોથી શોભતાં ઉદ્યાનોની વચ્ચે હવેલીઓમાં રહેતા. સર્વ નગરજનો સંસ્કૃત હતાં. સ્ત્રીઓ મધુભાષી હતી અને લલિતકળાઓમાં નિપુણ હતી, અને હેમચન્દ્ર ઉત્સાહથી વર્ણવે છે તેમ સ્વરૂપવતી પણ હતી. નગરજનો ઉદાર મનના, બહાદુર ને સાહસિક હતા.

સિદ્ધરાજ પોતે તો લેખક નહોતો, પરંતુ વિદ્યાને ઉત્તેજન આપવામાં એ ઉજ્જૈનના ભોજ કે વિક્રમાદિત્ય સાથે હરીફાઈ કરતો. અણહિલવાડને એણે વિદ્યાનું ધામ બનાવી દીધું. ધર્મના ઉલ્લાસથી જૈન સાધુઓએ જે હસ્તપ્રતો સાચવી રાખી છે તેમાંથી અધૂરું તો યે અણહિલવાડમાં તે સમયે ચાલી રહેલી બૌદ્ધિક પ્રવૃત્તિઓનું સારું ચિત્ર મળે છે. આ બધી પ્રવૃત્તિઓમાં બ્રાહ્મણો મોખરે હતા અને રાજ્યાશ્રયના વિશેષ અધિકારી હતા. ભિલ્લમાલ, કનોજ અને ઉજ્જૈનની વિદ્યા અને સંસ્કૃતિના વારસા જેવા અણહિલવાડના સ્થાપત્યને હેમચન્દ્રે તેની સાંસ્કૃતિક મહત્તા સમું ગણાવ્યું છે: 'નગરના સર્વ આશ્રમોમાં છન્નુ સંપ્રદાયો આનંદથી સાથે રહેતા. બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ભાસ્કર, સોમ અને કાર્તિકેય એમ છ દેવોની મહારાજાએ બાંધેલાં દેવાલયોમાં પૂજા થતી. આમ, અણહિલવાડ સંપત્તિ ને શૌર્યના ધામ ઉપરાંત ધર્મનું પણ ધામ બન્યું હતું. ત્યાંના નગરજનો સાહસિકતા, વિદ્યાવ્યાસંગ, આત્મસંયમ, સત્ય, વેદની છ યે શાખાઓમાં પારંગત અને બ્રહ્મોપાસનામાં સર્વથી મોખરે હતા.'

સિદ્ધરાજ માળવાથી પાછો ફર્યો ત્યારે એ ભોજરાજાનો ગ્રંથાગાર અણહિલવાડ સુધી લઈ આવ્યો હતો. હેમચન્દ્રને એણે 'સિદ્ધહેમ વ્યાકરણ' લખવાની પ્રેરણા આપી. એ ગ્રંથ પૂરો લખાઈ રહ્યો ત્યારે તેને હાથીની અંબાડી પર મૂકી છત્ર-ચામરના રાજવી માનમરતબા સાથે નગરમાં ફેરવવામાં આવ્યો.

પાછળથી ચાલુ થએલી લોકવાયકાઓએ જયસિંહને નીચો પાડી દીધો છે. કુમારપાળની કીર્તિની કથા ઉપજાવવા મંડી પડેલા જૈન સાધુઓ એના કાકા સિદ્ધરાજને હતો તેવો વર્ણવી શક્યા નથી. જસમા ઓડણ જેવાં લોકગીતોમાં એને વિલાસી જુલમગાર તરીકે વર્ણવવામાં આવ્યો

છે. પરંતુ બીજું બધું વધારે આધારભૂત સાહિત્ય એનો જુદા જ પ્રકારનો પરિચય આપે છે. જયસિંહ સર્વ વાતે મહાન હતો. શરીરબળ અને હિંમતમાં તો એ અજોડ હતો જ. વહીવટી વ્યવસ્થાશક્તિ અને લશ્કરી સિદ્ધિમાં પણ એ પાવરધો હતો. રાજનીતિજ્ઞ તરીકે એ અનન્ય હતો. કરણે વારસામાં મૂકેલા અણહિલવાડના નાના રાજ્યના ભંગારમાંથી એણે ગુર્જર દેશના ગૌરવને પુનર્જીવિત કરતું આખું એક સામ્રાજ્ય ઊભું કરી દીધું. સગીર વયે એણે રાજદંડ સંભાળ્યો અને તે પછી જે મુશ્કેલીઓ એને વેઠવી પડી તેમાંથી ધીરે ધીરે એણે માર્ગ કાઢયો, અને ગૂઢ ભાવિનું સંચાલન કરતી શક્તિશાળી તથા અજેય વ્યક્તિ તરીકે આગળ આવી ગયો. પાટનગરમાં પ્રવર્તી રહેલાં અણનમ બળોને એણે જે દૃઢતાથી દાબી દીધાં, હારેલા શત્રુઓને સૂબેદારો બનાવવાની પુરાણી નીતિને જે રીતે એણે પાછી અપનાવી અને જે અમોઘ શક્તિથી એણે અણહિલવાડના દરબારમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું તે એની દૂરદર્શિતા અને શક્તિનાં દ્યોતક છે.

એ માનવવિશેષ હતો. પોતાની સવિશેષ પ્રણાલીને વહેતી મૂકવાની દક્ષતા એનામાં હતી. એના દરબારમાં ઊભરાતી તેજસ્વી વ્યક્તિઓમાં પણ એ સર્વશ્રેષ્ઠ આગવો બન્યો હતો. સત્તા ને સૌજન્યનું એ પ્રભવસ્થાન બની રહ્યો હતો. ભવ્ય યોજનાઓ વિચારવાની અને તેને વ્યવહારુ બનાવવાની યોજકશક્તિ એનામાં હતી. ભારતના મહાન રાજવીઓને પગલે એણે લશ્કરી વિજય, ભવ્ય સ્થાપત્ય અને બૌદ્ધિક પુનરુત્થાનમાં રાજવી ગૌરવનું દર્શન કર્યું હતું. પોતાના સમયનો એ ઑગસ્ટસ બની રહ્યો. સૌથી વિશેષ તો એ કે તે શક્તિશાળી પુરુષ હતો. એના યુગના અને પછીના ઇતિહાસમાં પાણીદાર જવાહર જેવું એનું શૌર્ય ઝળકે છે. અણહિલવાડના હારેલા દુશ્મનો પ્રત્યે એણે કોઈ દિવસ લાગણીભરી નમળાઈ દાખવી નહિ; પરંતુ પોતાની પ્રજા અને મ્લેચ્છો વચ્ચે નિર્ણય લેવામાં પરધર્મી વિદેશીઓના પક્ષમાં નિર્ણય લેવાની ન્યાયદૃષ્ટિ પણ એણે બતાવી. એનું ગુપ્તચર ખાતું કુશળતાથી કામ કરતું, ને તે એટલી હદ સુધી કે વેગભર પુણ્યપ્રકોપ સાથે ધસી આવતા એ રાજવીનો સતત ભય મંત્રીઓ ને સરદારોને રહેતો. એટલે જ એણે 'સિદ્ધરાજ'નું બિરુદ ધારણ કર્યું.

(સમર્પણ) —કનૈયાલાલ મા. મુનશી

ભવાની તલવાર અને વાઘનખ

છત્રપતિ શિવાજીના બે જગપ્રસિદ્ધ શસ્ત્રો (૧) ભવાની તલવાર અને (૨) વાઘનખ હાલ છે ખરાં, અને હોય તો તે કયાં અને કોના કબજામાં છે, તે જાણવું ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનું ને રસપ્રદ છે.

ભવાની તલવાર શિવાજી મહારાજને સાવંતવાડીના રાજા પાસેથી મળેલી. એ તલવાર માટે શિવાજીની કુળદેવી 'ભવાની' માતાએ એક સ્વપ્નમાં શિવાજીને જણાવેલું કે તેમણે એ હમેશા ધારણ કરવી, એ વડે કોઇ પણ યુદ્ધમાં ગમે તેટલી નાની સેના પણ ઘણા સૈન્યને હરાવી શકશે. ત્યારથી શિવાજીએ એને 'ભવાની' નામ આપ્યું અને દેવીની પ્રસાદી રૂપે તેને પૂજ્ય ગણીને નિશદિન પોતાની પાસે રાખી. આજે પણ મહારાષ્ટ્રની આમ જનતા એ તલવારને એવી જ અને એટલી જ શ્રદ્ધા અને ધર્મભાવનાથી માને છે.

મરાઠા ઇતિહાસકાર ગ્રાન્ટ ડફ્ફ એ તલવાર માટે કહે છે કે તે જીનોઆની બનાવટની ઘણી પાણીદાર તલવાર હતી. ગ્રાન્ટ ડફ્ફના સમય સુધી એ સતારાના શિવાજીના રાજવંશના પ્રતિનિધિ પાસે હતી. અને તેઓ તે દેવીની પ્રસાદી રૂપે તેનું પૂજન કરતા હતા.

ગ્રાન્ટ ડફ્ફે મરાઠાઓનો ઇતિહાસ ઇ. ૧૮૨૬માં એટલે કે પેશવાઈ ખાલસા થઇ ત્યાર પછીના પહેલા દશકામાં જ લખ્યો હતો. તેથી તે માહિતી ખરી હોવી જોઈએ, એમ આપણે પ્રથમ દૃષ્ટિએ માનીએ.

સતારાના જલમંદિરમાં એક તલવાર સંગ્રહાએલી છે. તેનું નામ 'ભવાની' છે અને તેના ઉપર છત્રપતિ શાહુ મહારાજનું નામ કોતરેલું છે, પરંતુ આ તલવાર લાંબી છે અને વજનમાં પણ ભારે છે. શિવાજી મહારાજ નહિ ઊંચા, નહિ નીચા, એવા મધ્યમ કદના હતા. શરીરસંપત્તિ નહિ હૃષ્ટપુષ્ટ નહિ દૂબળી—મજબૂત પણ એકવડા કોઠાની હતી. તેથી, એ દૃષ્ટિએ, સતારાના જલમંદિરવાળી ભવાની તલવાર શિવાજી મહારાજની અસલ ભવાની તલવાર હોવા વિષે વાજબી શક રહે છે.

વધારે તપાસને પરિણામે જણાય છે કે શિવાજીના અવસાન પછી સંભાજીના મરણ બાદ, આંતરિક કૌટુમ્બિક ઝગડો ઉપસ્થિત થયો હતો. તેને પરિણામે, સંભાજીના એક પુત્ર રાજારામની રાણી તારાબાઇ અસલ ભવાની તલવાર કોલ્હાપુર લઈ ગએલી ત્યારથી ત્યાં જ રહી હતી.

ઈ. ૧૮૭૫માં રાણી વિક્ટોરિયાના પાટવી પુત્ર, પ્રિન્સ ઑવ વેલ્સ એડવર્ડ (પાછળથી થએલા સાતમા એડવર્ડ) જ્યારે હિન્દ આવ્યા ત્યારે તેમણે કોલ્હાપુરની મુલાકાત લીધી હતી; તે સમયે એ અસલ 'ભવાની' તલવાર ત્યારના કોલ્હાપુર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર રાવબહાદુર મહાદેવ વાસુદેવ બર્વેએ, કોલ્હાપુર રાજ્યની બ્રિટિશ રાજ્ય પ્રત્યેની વફાદારીના પ્રતીક રૂપે, પ્રિન્સ ઑવ વેલ્સને એ ભેટ આપી હતી.

આ ભેટ રાજકીય દૃષ્ટિએ 'નઝર' હતી, તેથી તે તલવાર ત્યારથી હિન્દમાંથી પ્રસ્થાન કરી ગએલી છે. ઈ. ૧૮૭૮માં એ તલવાર પારીસમાં ભરાએલા 'યુનિવર્સલ એક્ઝિબિશન'માં મૂકવામાં આવી હતી.

સર જ્યૉર્જ બર્ડવુડ મજકૂર એક્ઝિબિશનમાં રજૂ કરાએલા નમૂનાઓનો પરિચય આપતાં તે વિષે લખે છે કે 'એ તલવાર મરાઠા રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની હોઇને, તે એક અમૂલ્ય ઐતિહાસિક યાદગીરી છે.' એ તલવારનો તેવખતનો એક્ઝિબિટ—નં. ૭૪ હતો.

કોલ્હાપુર રાજ્ય તરફથી પ્રિન્સ ઑવ વેલ્સને અર્પણ થએલી આ 'નઝર' સંબંધે એ જ લેખક નોંધ કરે છે કે રાજકીય દૃષ્ટિએ જે તલવાર બે સૈકાઓ સુધી મહાન શિવાજીના સીધા વંશજ ને વારસ કોલ્હાપુરના મહારાજા પાસે પોતાના કુટુંબની એક અમૂલ્ય યાદગીરી તરીકે અતિપવિત્રતાથી જળવાઈ રહી હતી તે જ્યારે અંગ્રેજી રાજ્યના ભાવિ વારસને 'નઝર' કરવામાં આવી ત્યારે રાજકીય દૃષ્ટિએ તેનું મૂલ્ય ઘણું વધી જાય છે, અને તે કોલ્હાપુરની અંગ્રેજી રાજ્ય પ્રત્યેની વફાદારીનું પ્રતીક બની જાય છે.

એ લેખક વિશેષ ઉમેરે છે કે એ વખતની હિન્દની મુલાકાતમાં પ્રિન્સ ઑવ વેલ્સ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પ્રજાએ આવા અનેક ઐતિહાસિક અવશેષો અને યાદગીરીઓ પ્રિન્સને નઝર કરેલી હતી. તે ઉપરથી સમસ્ત હિન્દની પ્રજાનો અંગ્રેજી રાજ્ય પ્રતિ કેટલો અને કેવો ભક્તિભાવ હતો તે દેખાઈ આવતું હતું.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મૂળ ભવાની તલવાર ઇંગ્લંડમાં છે, હિન્દમાં નથી. થોડો વખત તે ઇન્ડિયા ઑફિસના સંગ્રહાલયમાં હતી અને હવે તે 'સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમ'ના હિન્દી વિભાગમાં છે.

વાઘનખ: કહેવામાં આવે છે કે મૂળ વાઘનખ પણ જલમંદિરમાં સંગ્રહાએલા છે અને હજી તે શિવાજીના વંશજોના જ કબજામાં છે.

આ વાઘનખ વડે શિવાજીએ બીજાપુરના સરદાર અને સેનાપતિ અફઝલખાંનું પ્રતાપગઢની તળેટીએ સુલેહની વિષ્ટિ કરવાને બહાને દગાથી મરણ નિપજાવેલું હતું. મૂળ વાઘનખ ઘણા તીક્ષ્ણ હતા અને સર્વોત્તમ પોલાદના બનાવેલા હતા. નીચેની હકીકતે જણાય છે કે એ મૂળ વાઘનખ પણ હાલમાં ઇંગ્લંડમાં જ છે.

મુંબાઈના ગવર્નર માઉન્ટ સ્ટુઆર્ટ એલ્ફિન્સ્ટને જ્યારે સતારાની

વળતી મુલાકાત લીધી ત્યારે તે વખતના સતારાના મહારાજા પ્રતાપસીંગે તે વાઘનખ ગવર્નરને અર્પણ કરેલા હતા. આ પ્રસંગ ૧૮૨૯માં બન્યો હતો. એ પ્રસંગને ઉદ્દેશીને એલ્ફિન્સ્ટને મિસિસ સ્ટુઆર્ટ મૅકેન્ઝીને તે જ અરસામાં એક પત્ર લખેલો છે તે આજે જ હજી સુધી સંગ્રહાએલો છે. તે પત્રનો મુદ્દાનો ભાગ આ પ્રમાણે છે:

'સાલ્ટી, ૧૮મી નવેમ્બર ૧૮૩૯. મારાં વહાલાં મિસિસ સ્ટુઆર્ટ મૅકેન્ઝી, × × × (સતારાના મહારાજા) સર્વોત્તમ સંસ્કારી મરાઠા છે. તેમણે પોતાનો દેશ ઘણી સંભાળવટથી સાચવેલો છે. રસ્તાઓ અને નહેરો તો યુરોપના કોઈ પણ પ્રદેશને આંજી નાખે એટલાં સરસ છે. તદુપરાંત, તેઓ પોતાના મહેલમાં દીવાનખાનામાં, લીલા મખમલવાળા, ટેબલ પાસે ખુરસીમાં બેસી જ્યારે પત્રવ્યવહાર જાતે જ કરતા બેઠા હોય છે ત્યારે આપણને સાનંદાશ્ચર્ય થાય છે કે આ મહાન શિવાજીનો વંશજ છે! મારી આ એમની વળતી મુલાકાત હતી, તે પ્રસંગે મને મહાન શિવાજીએ જે અસલ વાઘનખથી અફઝલખાનને મારેલો તે મને એમણે ભેટ આપેલા હતા. તે ઘણા તીક્ષ્ણ છે અને બે કડીઓને લગાડેલા છે, તે કડીઓ આંગળીઓ ઉપર પહેરી શકાય છે અને મૂઠીવાળી રાખીએ તો તેની કોઇને ખબર પણ પડી શકે નહિ એવી રીતે તે હાથમાં સમાઈ રહે છે.
—તમારો ઘણો નિષ્ઠાવાન એમ. એલ્ફિન્સ્ટન'

આ ઉપરથી માનવા કારણ મળે છે કે મૂળ વાઘનખ પણ ઇંગ્લંડમાં જ છે. છતાં સતારાની જનતા હજી પણ માનતી આવી છે કે મૂળ વાઘનખ હજી સતારામાં જ છે, અને મહારાજા પ્રતાપસીંગે ગવર્નર એલ્ફિન્સ્ટનને જે વાઘનખ આપ્યા હતા એ તો માત્ર તેની નકલ હતી. પરંતુ એક તરફ આ લોકોક્તિ માનવી કે ગવર્નર એલ્ફિન્સ્ટન અને સર જ્યૉર્જ બર્ડવુડનાં જે તે વખતે કરેલાં લખાણો માનવાં, તે મુદ્દાનો પ્રશ્ન છે. સામાન્ય સમજ પ્રમાણે પણ માત્ર પરંપરાથી ચાલતી આવતી મૌખિક લોકોક્તિને બદલે જે તે વખતે થએલાં લખાણ અને જે આજ પર્યંત સચવાઈ રહ્યાં છે તે વધારે વિશ્વાસપાત્ર ગણવાં જોઇએ.

છતાં, હવે આપણે સ્વતંત્ર થયા છીએ, તો હવે આપણે આપણા આ અતિમૂલ્યવાન ઐતિહાસિક અવશેષો પાછા માગી શકીએ નહિ?

નોંધ: આ લેખ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજના મુખપત્ર 'એલ્ફિન્સ્ટોનિયન'ના ૧૯૦૭ના પહેલા સત્રના અંકમાંના એક અંગ્રેજી લેખ ઉપરથી લેવામાં આવેલો છે, અને એ અંગ્રેજી લેખ તે જ સાલમાં સાક્ષરવર્ય સ્વર્ગસ્થ ગોવર્ધનરામ ત્રિપાઠી સંચાલિત 'સમાલોચક' ત્રૈમાસિકમાં ઉતારેલા સ્વ. શેઠ શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીના ગુજરાતી લેખ ઉપરથી લીધેલો છે. —કરીમ મહમદ માસ્તર

વિશ્વભેષજ—આદુ

આદુને વિશ્વ-ઔષધ ગણવામાં આવ્યુ છે તે એની ગુણસમૃદ્ધિની દૃષ્ટિએ. આચાર્ય ભાવમિશ્ર કહે છે કે ભોજનની પહેલા મીઠું ને આદુ ખાવું એ સર્વકાળ પથ્ય છે, તથા અગ્નિને પ્રદીપ્ત કરનાર, રુચિ ઉપજાવનાર અને જીભ તથા કંઠને સાફ કરનાર છે.

મંદાગ્નિ અને અરુચિની ફરિયાદ કરનારા જો શ્રદ્ધા રાખીને રોજ ખાતાં પહેલાં આદુના મીઠાવાળા ટુકડા લેવાનું રાખે તો એમનો અગ્નિ પ્રદીપ્ત થાય અને ભૂખ ઊઘડે; કેમકે જઠરાગ્નિને પ્રદીપ્ત કરવાનો ને રુચિ ઉત્પન્ન કરવાનો આદુમાં સર્વશ્રેષ્ઠ ગુણ છે. એ ઉપરાંત એ આમવાતને મટાડે છે, પાચક છે ને દસ્તને ભેદનાર છે, ભારે, તીક્ષ્ણ, ગરમ અને તીખું છે તથા પાકમાં મધુર છે, રુક્ષ છે અને વાયુ તથા કફને મટાડનાર છે. ઉપરાંત વીર્યને વધારનાર છે, સ્વરને સારો કરે છે અને ઊલટી, શ્વાસ, શૂલ, ઉધરસ, હૃદયના રોગ, હાથીપગું, સોજો, અર્શ, પેડુનું ચડી આવવું અને પેટનો પવન એટલાં દર્દોને મટાડનાર છે.

આધુનિક વૈદક પણ માને છે કે આદુમાં એક પ્રકારનું ઉડ્ડયનશીલ તેલ રહેલું છે જે પાચનમાં સારી મદદ કરે છે. આદુ આમાશયમાં અધિક રસસ્રાવ ઉત્પન્ન કરતું હોઈ આહારનો સમ્યક પરિપાક કરવામાં વિશેષ મદદરૂપ થાય છે. જેની પાચનક્રિયા બગડી હોય એમણે ભોજન પહેલાં આદુ અને મીઠું લેવું. જરૂર ફાયદો થશે.

આદુની સારી પાકી ગાંઠો લાવી ખાંડીને એનો એક શેર રસ કાઢવો અને તેમાં જરૂર પ્રમાણે સાકર મેળવી રોજ એકથી બે તોલા ઉપયોગ કરવો. આ શરબતથી ઉદરવાત, આમપ્રકોપ તથા ઉદરશૂળમાં ફાયદો થાય છે ને પાતળો દસ્ત આવતો હોય એમને માટે ફલપ્રદ છે.

૨૦ તોલા આદુને લસોટી ચટણી જેવું બનાવવું, પછી ૨૦ તોલા ઘીમાં આદુનો આ માવો નાખી ધીમા અગ્નિ ઉપર એને શેકવું. બરાબર શેકાય ને લાલ રંગ આવે એટલે એક શેર ગોળની ચાસણી એમાં મેળવી દેવી. આ અવલેહ મંદ અગ્નિવાળા, ખોરાક તરફ અરુચિ ને કફવૃદ્ધિવાળા માટે અત્યુત્તમ છે. રોજ સવારે દાતણ-પાણી કર્યા પછી એક તોલો ખાઈ જવો. પ્રસૂતા સ્ત્રીને માટે પણ આ અવલેહનું સેવન હિત કરે છે. અપચાને કારણે ઊલટી થયા કરતી હોય, એક બે ઊલટી થઇને બધું નીકળી ગયું હોય છતાં જીવ ચૂંથાયા કરતો હોય અને ઊલટી થશે એમ લાગ્યા કરતું હોય તો આદુના રસ સાથે ફુદીનાનો રસ મેળવીને ચમચો ભરીને પાઈ દેવો. ફુદીનાના રસને બદલે ડુંગળીનો રસ પણ ચાલે. આ પ્રયોગથી ઊલટી બંધ થશે ને જીવને શાંતિ થશે.

કાનના ચસકા-દુખાવામાં આદુનો રસ, થોડું તલનું તેલ ને મધ તથા સિંધાલૂણ ભેગું કરી સહેજ ગરમ કરીને બે ત્રણ ટીપાં નાખવાં.
(નીરોગી) —લાભશંકર ઠાકર

ઊધઈનો ઉપાય

ઊધઇને નાબૂદ કરવા માટેનો એક સસ્તો કીમિયો અમારા મંડળના એક સભ્યે શોધ્યો છે તેની કસોટી કરવામાં આપના વાચકોનો સહકાર અમે માગીએ છીએ. એ કીમિયો આવો છે: એક બાલદીને તળિયે સીતાફળીનાં લીલાં (સૂકવેલાં નહિ) પાનનો એક ઈંચ થર પાથરવો ને તેની ઉપર ઊકળતું પાણી રેડવું. પાણી ઠરી જાય ત્યારે બગીચાના રોપાઓને તે પાવું. તેનાથી ત્રણ અઠવાડિયાં સુધી તે ઊધઇથી મુક્ત રહી શકશે. એ રીતે, ઊધઈ સામે ટકી શકે તેટલી ઉમરે એ છોડવા પહોંચી જાય ત્યાં સુધી દર ત્રણત્રણ અઠવાડિયે એવું પાણી પાતા રહેવું. સીતાફળનાં બી અને પાંદડાંમાં એક એવો પદાર્થ છે કે જે ઊધઇ ઉપર ઝેરી અસર કરે છે. એક જમાનામાં ફિલિપ્પાઈન્સ અને ન્યૂ ગિની ટાપુઓના લડવૈયાઓ પોતાના ભરાવદાર કેશને જીવાતથી બચાવવા એ બીના ભૂકાથી માથું ધોતા. પણ હવે અમારી આ શોધની એ કસોટી કરી જોવાની છે કે આપના પ્રદેશની ઊધઈ ઉપર એ કારગત નીવડે છે કે નહિ, અને જો નીવડે તો પછી ઊધઇને આપણાં ઘરમાંથી બહાર રાખવા માટે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય. —લૉરેન્સ ડી. હિલ્સ

રાખમાંથી બનતાં મકાન

મહાભારતમાં લાખગૃહની વાત આવે છે. પાંડવોનો નાશ કરવાના ઇરાદે કૌરવોએ લાખનો મહેલ બનાવેલો. એ વાત સાચી હોય કે ખોટી પણ હાલ રાખમાંથી મકાન તો જરૂર બને છે.

જર્મનીના હામ્બુર્ગ શહેરને વીજળી પૂરી પાડતી હામ્બુર્ગ ઇલેક્ટ્રિસિટી કંપનીના કારખાનાનાં ભૂંગળાંમાં જે રાખ અને ધૂળ જમા થતી એને ક્યાં નાખવી એ મોટો પ્રશ્ન હતો. આમ તો એને ખાડાઓમાં નાખવામાં આવતી, પણ ખાડા ય ઓછા પડ્યા. એટલે કંપનીના ઇજનેરોએ મગજ કસવા માંડ્યું. ઘણી વિચારણા બાદ તેઓએ રાખ અને રજકણોમાંથી મકાન બાંધવામાં અતિ ઉપયોગી નીવડે એવો એક

પદાર્થ છિદ્રાળુ–કૉંક્રીટ બનાવવાનો કીમિયો શોધ્યો અને એ માટે એક નવું કારખાનું નાખવામાં આવ્યું. આ છિદ્રાળુ–કૉંક્રીટના બ્લૉકની માંગ દિનપ્રતિદિન વધતી જ ગઈ અને એક કુટુંબ રહી શકે એવાં દસ મકાનો બંધાય એટલો બ્લૉક એ કારખાનું હાલ દરરોજ બનાવે છે. માત્ર જર્મનીમાં જ નહિ પણ દરિયાપારના દેશોમાંથી ય એની માગણી થાય છે. (ઇન્દ્રા)

રાષ્ટ્રધ્વજ અંગે પાળવાના નિયમો

જ્યાંજ્યાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હોય ત્યાંત્યાં તે માનભર્યે સ્થાને અને સ્પષ્ટ દેખાઈ આવે એ રીતે ગોઠવેલો હોવો જોઇએ. કોઈ પણ વ્યક્તિ કે વસ્તુને માન આપવા માટે રાષ્ટ્રધ્વજને નમાવી શકાશે નહિ અને બીજા કોઈ ધ્વજ અથવા પતાકાને એનાથી વધારે ઊંચી જગ્યાએ કે એની ઉપર ગોઠવી શકાશે નહિ. માત્ર વડી અદાલતો, સચિવાલયો, કમિશ્નરો અને કલેક્ટરોની કચેરીઓ, જેલો, તેમજ નગરપાલિકાઓ, જિલ્લાબોર્ડો, જિલ્લાપરિષદો વગેરેની કચેરીઓ જેવાં મહત્ત્વનાં જાહેર મકાનો ઉપર જ રાષ્ટ્રધ્વજ રવિવાર અને રજાના દિવસો સહિત બધા દિવસોએ, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પ્રદર્શિત કરવામાં આવશે, અને ક્વચિત ખાસ પ્રસંગોએ રાતે પણ ત્યાં પ્રદર્શિત કરવામાં આવશે. ગણરાજ્યદિન અને તેના પછીનું રાષ્ટ્રિય સપ્તાહ, સ્વાતંત્ર્યદિન, ગાંધીજીનો જન્મદિન વગેરે રાષ્ટ્રીય પ્રસંગોએ રાષ્ટ્રધ્વજના પ્રદર્શન ઉપર નિયંત્રણ રાખવામાં આવશે નહિ.

મોટરકાર ઉપર માત્ર ઉપરાષ્ટ્રપતિ, ગવર્નરો, જમ્મુ અને કાશ્મીરના સદર-એ-રિસાયત, લેફ્ટેનન્ટ ગવર્નરો, ભૂતપૂર્વ દેશી રાજ્યોના રાજવીઓ અને ભારતીય રાજદૂત કચેરીઓના વડાઓ અને પ્રધાનો પોતાની મોટરકાર ઉપર રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરી શકશે. રાષ્ટ્રપતિની મોટર ઉપર તો રાષ્ટ્રપતિનો ખાસ ધ્વજ પ્રદર્શિત કરવામાં આવે છે. ફાટેલો તૂટેલો કે ચોળાઇ ગએલો રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાશે નહિ તેમજ તેમાંથી બીજી કોઈ સુશોભન માટેની આકૃતિ બનાવી શકાશે નહિ. બીજા રંગીન કપડાના ટુકડાઓને પણ એવી રીતે ગોઠવી શકાશે નહિ કે જેથી તે ટુકડાઓ રાષ્ટ્રધ્વજનો આભાસ આપે. રાષ્ટ્રધ્વજને વક્તાના ટેબલ ઉપર કે સભામંચ પર ઓઢાડી શકાશે નહિ, કે છતના આવરણ તરીકે વાપરી શકાશે નહિ અથવા કોઇ પણ પહેરવેશ કે ગણવેશના એક ભાગ તરીકે તેને ઉપયોગમાં લઈ શકાશે નહિ. તેનું તકિયા કે રૂમાલ ઉપર ભરતકામ કરી શકાશે નહિ અથવા તો નૅપકિન ઉપર કે ચીજવસ્તુનાં ખોખાં ઉપર તે છાપી શકાશે નહિ. તે જ પ્રમાણે કોઈ પણ વાહન ઉપર કે આગગાડી કે હોડી ઉપર તેને ઢાંકી શકાશે નહિ. સરકારી કે લશ્કરી અંતિમવિધિ સિવાય બીજા કોઇ પણ પ્રસંગે તેનો કોઈ પણ પ્રકારે આચ્છાદન તરીકે ઉપયોગ કરી શકાશે નહિ. રાષ્ટ્રધ્વજ જમીન કે ભોંયતળિયાને હરગીજ અડકવો ન જોઈએ. રાષ્ટ્રધ્વજનો કેસરી પટ્ટો લીલા અને સફેદ પટ્ટા પછી આવે એવી રીતે તે પ્રદર્શિત કરવો નહિ. જાહેરખબરના હેતુસર અથવા તો કોઈ પણ વસ્તુ લેવાના, આપવાના, પકડવાના કે લઈ જવાના સાધન તરીકે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરી શકાશે નહિ. કેન્દ્રસરકારની રીતસરની પૂર્વ-પરવાનગી વિના કોઈ પણ વ્યાપાર કે ધંધામાં, પેટન્ટ કે ટ્રેડમાર્કમાં કે ડિઝાઈનમાં ઉપયોગ કરવો તે ગુનો ગણાશે. જો રાષ્ટ્રધ્વજ નુકસાન પામ્યો હોય કે ખરડાઇ ગએલો હોય તો તેને ગમે ત્યાં નાખી ન દેવો, કે, અવગણનાભરેલી રીતે નિકાલ કરી ન નાખવો. તે જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં એટલે કે તેના ટુકડા કે લીરા કર્યા વિના જ, ખાનગીમાં, શકય હોય તો બાળી નાખીને, કે, ધ્વજના ગૌરવને છાજે એવી બીજી કોઈ પણ રીતે તેનો નાશ કરવો.

OUR FRIENDS ABROAD

જગતુસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જાપાની પત્રમિત્ર ભાઇઓ

(દરેક સરનામાને છેડે Japan ઉમેરવું. દરેકનો શૉખ પત્રમૈત્રી)

(1) Tadakatsu Kimura—15, 1123, Irifune-machi, Shimo-Aoe, Tsukumishi, Ohita-ken, Correspondence; (2) Toshinori Hijii—17, Makiurashoten-nai, 13 of 1, Umeminami, Nishinari-ku, Ohsaka-shi; (3) Isao Nagashima—17, 142 Aomonocho, Kumagayashi, Saitama-ken; (4) Takeshi Nakagawa–16, 59, Minamiyashiku, Yoshihama, Ohwaza, Takahama-cho, Sokaigun, Aichiken; (5) Toshihiko Tsukahara—14, 18 of 1, Yamazoecho, Chikusaku, Nagoya-shi; (6) Mitsuo Furui—14, 25 of 4, Nishi, Inokariya, Ikunoku, Ohsaka-shi; (7) Mamoru Ikunoku—18, 2 of 261, Namisugata Minami, Tenrishi, Nara-ken; (8) Kazuo Kozeki—16, 125 Hamacho, Somakomai-shi; (9) Hiroyuki Kawada—15, 4180, Eirakucho, Ashikagashi, Tochigiken; (10) Shigetoshi Ajima—15, 114, Kitasaku, Nakosoekimae Nakososhi, Fukushima-ken; (11) Noboru Aoki—17, Shimomachi-Ura, Yoshida-machi, Kanbara-gun (Nishi), Niigata-ken; (12) Yotsuo Matsunaga—20, Daiichi-Chyutai, Daigo-Shisetsu-Daitai, Jieitai, Obishiro-shi, Hokkaido; (13) Yoshia Hamada—15, 14 of 2, Sanbonmatsucho, Atsuta-ku, Nagoya-shi; (14) Shigeki Okumiya—20, 2067, Kishi, Hayashishi, Tonda, Ohsaka-fu; (15) Toyozo Tokiwa—16, Matsumushi-Chugakko-Nai, Tori-3-chone Matsumushi, Abeno-ku, Osaka-shi; (16) Hiromi Gonno—13, 53 of 2 (Higashi), Teraji-cho, Sakai-shi, Osaka-fu; (17) Michihiko Matsuda—13, 1420, Nishinaka, Sanyocho, Aka-Ban-Gun, Okayama-ken; (18) Masumi Ohtsuki—13, 17, Miyacho Nishitaka, Fukuoka-shi, Fukuoka-ken; (19) Kazumi Fujii—19, 73 Maeda, Niihama-shi, Ehime-ken; (20) Hiromi Kondo—16, 156 of 1, Ebisu-dori, Wakamatsu-shi, Fukuoka-ken; (21) Kimiya Suekane—15, Honmachi, Ukihamachi, Ukihagun, Fukuoka-ken; (22) Masaharu Kawai—14, 1 Chome, Nakaomachi, Yawatashi, Fukuoka-ken; (23) Toshihiro Ohara—14, 105, Kazume, Yoneda-cho, Takasago-shik, Hyogo-ken; (24) Shoji Watanabe—14, Nakacho, Tokura, Ayabe-shi, Kyoto-fu; (25) Hideo Jitsuhisa—17, 6586 of 1, Nakamachi, Nakama-shi, Fukuoka-ken; (26) Mamori Tomita—18, 15 of 3, Miharucho, Yokosuka-shik, Kanagawa-ken; (27) Isao Takashina—16, Chika-Keniei-cho, Katori-gun. [ઉલ્લેખ : Krishnavadan Jetli, Principal, Sheth N. B. Sarvajanik High School, Miyagam Karjan (Dist. Baroda)]

જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

(1) Margit Brennecke, Bahnsen, Female—15, 19, Krs. Uelzen/Hann, Stamps, Viewcards, Cinema; (2) Roswitha Pieper, F.—1', Hohenlimburg/Westf., An der Kehle 7/8, Swimming, Records, Dancing; (3) Annette Vieler, F.—16, Letmathe/Westf., Lonsweg, Horse Riding, Sports, Art, Dancing; (4) Rosemarie Müller, F.—17, Wuppertal-E., Briller Str. 159, Photography, Reading, Music, Sports; (5) Ingrid Fischell, F.—16, Hamm/Westf., Wilhelmstr. 83, Sports, Reading, Drawing, Films; (6) Hanna Vogt, F.—21, Bielefeld-Schildesche, Sieboldstr. 4 a, Books, Music, Art, Ballet, Photography; (7) Traudel Koller, F.—16, Tyrnau, bei Passau/Bay, Sport, Skiing, Reading, Music; (8) Gerda Jaworowski, F.—16, Passau, Theresienstr. 13, Sports, Jazz, Reading; (9) Helmi Schnuel, F—16, Landstuhl/Pfalz, Saarbruckerstr. 45, Dancing, Music, Cinema, Reading; (10) Helga Bopp, F.—16, Landstuhl/Pfalz, Gartenstr. 9, General Interests; (11) Ute Ahrens, F.—15, Hamburg-Langenhorn 1, Ahlfeld 55-57, Sports, Music, Stamps, Photography; (12) Gisela Benz, F.—16, Dietramzell/ Bay., No. 52, uber Holzkirchen, Swimming, Classical Music, Drawing; (13) Johanna Cramer, F.—16, Munchen 23, Schliessfach 169, General Interests; (14) Annemarie Six, F.—16, Muhldorf/Inn, Hammerfussweg 1, Classical Music & General Interests; (15) Annegret Heid, F.—15, Abensberg/Bay., Potenstr. 12, Classical Music and General Interests; (16) Annelie Mosblech, F.—17, Wuppertal-E., Dorotheenstr. 12, Stamps, Photography, Jazz, Cinema; (17) Rolf Grass, Male—16, Freistett/Kehl, Kramerstr. 40, Viewcards, Reading, Sports; (18) Ulrike Essler F.—18, Darmstadt-Eberst., Am Elfengrund 19, Chess, Tennis, Stamps, Reading; (19) Hiltrud Malik, F.—21, Plettenburg/Westf., Grunew Str. 80, Music, Reading, Dancing, Viewcards; (20) Waltraud Drescher, F.—19, Meitingen/Schwaben, Romer Str. 225, Stamps, History, Opera; (21) Roswitha Kurz, F.—19, Wurzburg, Jagerstr. 28, Music, Reading, Politics; (22) Erika Ruhl, F.—16, Augsburg, Ausseres Pfaffen Gasschen 2, General Interests; (23) Regina Pilous, F.—16, Augsburg 11, Biberkopfstr. 4, General Interests. [ઉલ્લેખ : Grish J. Modi, 1171 Dhana Suthar's St, Ahmedabad]

નવા પત્રમિત્રોને

અહીં નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે રહેઠાણના (શાળા કે દુકાનના નહિ) સરનામા ઉપરાંત ઉંમર, જાતિ, અભ્યાસ (ઓછામાં ઓછું ગુજરાતી દસ ધોરણ સુધીનો), શૉખ, ને વાલી કે શિક્ષક યા પ્રોફેસર કે પ્રિન્સિપલની સહી—એટલી વિગતો ભરી બીડવી.

ભલા કરને વાલે ભલાઇ કિયે જા,
બુરાઇ કે બદલે દુવાયેં દિયે જા.

એક વખત કોઇ ભક્તે આપેલો શેરડીનો ભારો લઈ ઘેર આવતાં મહારાષ્ટ્રી સંત તુકારામને રસ્તે ઘણા ગરીબ માણસો મળ્યા. તેમના પ્રત્યે દયા ઊપજવાથી તેમને એકેક સાંઠો આપતાઆપતા તે ઘેર પહોંચ્યા ત્યારે તેમની પાસે એક જ શેરડી રહી. તેમની કર્કશા પત્નીને અગાઉથી જ આ સમાચાર પહોંચેલા હોવાથી તેનો પિત્તો ગએલો; એટલે તુકારામ આવતાં જ તેમના વાંસામાં તેણે એટલા જોરથી એ સાંઠો માર્યો કે તેના બે કકડા થઈ ગયા! છતાં તે સંતે હસીને કહ્યું કે 'સહધર્મિણીનો ખરો ધર્મ તેં પાળ્યો. મેં તને ખાવાને આખી શેરડી આણી પણ તેં એકલીએ તે ન ખાતાં મારે માટે ભાંગીને બે કકડા કર્યા.'

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૮૯× ૯+૧૦=૧૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯×૧૮+૨૦=૨૨૨૨૨૨૨૨૨૨
૧૨૩૪૫૬૭૮૯×૨૭+૩૦=૩૩૩૩૩૩૩૩૩૩
અને એમ આગળ

અનેકાર્થી શબ્દ : **કાલ**–વખત, અવસર, સમયનું માપ; આગલો કે પાછલો દિવસ; દુષ્કાળ; મૃત્યુ; યમ; ભયાનક સ્વરૂપ; ઋતુ, મોસમ, ઋતુવિચાર; યુગ; જિંદગી, અવતાર; પ્રાતઃકલ; આંખનો કાળો ભાગ; કાળો રંગ; કાળો સાપ; કૃષ્ણપક્ષ; કલાલ; કસમદ-વૃક્ષ કાકોલ વનસ્પતિ; કાગડો; કોયલ; ખંડ, વિભાગ; ગપ્પાં મારવાં તે; બોલકણાપણું; પરમેશ્વર; રુદ્ર, શિવ; રાતો ચિત્રક; રાળ; વાતાવરણ, હવા; શક્તિ; શબ્દ; સ્થિતિ; હુંપદ; લોઢું; નુકસાન કરે એવું; કાળા રંગવાળું, કાળું; મોટું; થોડા વખત પછી કે હમણાં; ચોઘડિયાનું એક નામ; સંગીતમાં જ્યાં ઠેકો ન આવે એવું માત્રાનું સ્થાન; નવ દ્રવ્યો માહેનું એક; પિશાચ દેવોની એક જાત, તેના વ્યંતર દેવતાનો ઇંદ્ર; શનિનો ગ્રહ; એક ગંધદ્રવ્ય; છત્રીસ દંડાયુદ્ધમાંનું એક; વાદળમંડળમાંનું એ નામનું પાચમું પડ; સૂર્યનાં એકસો આઠમાંનું એક નામ; વિષ્ણુનાં હજારમાંનું એક નામ.

'કાલ'ના સમાનાર્થી શબ્દ 'કાળ'ના વિશેષ અર્થ: અછત, તંગી; ક્રોધ, ગુસ્સો; ગુણોની વિષમ અવસ્થાનું કારણ; જેથી મોત થાય તે પદાર્થ કે પ્રાણી; દુર્દશા, આફત; નાશ; પ્રકૃતિનો વિકાસ; યમદૂતનાં લખત, લેખ; વૃક્ષ; શક, સંવત; સૂર્ય; એક જાતનું ઘર.



આગિયા જેનાથી પ્રકાશે છે તે શક્તિ એક દિવસ જીવનના રહસ્ય પર પ્રકાશ પાથરશે. વનસ્પતિ સૂર્યપ્રકાશનું રસાયણશક્તિમાં રૂપાંતર કરી શકે છે એટલે જ જીવન શક્ય બને છે; એવી જ રીતે આગિયા રસાયણશક્તિનું પ્રકાશમાં રૂપાંતર કરે છે, અને તે કોઈ પણ ઇલેક્ટ્રિક કંપની કરતાં વધુ કુશળતાથી. વીજળીનો ગોળો પોતાની ઘણીખરી શક્તિ ગરમીરૂપે ખર્ચી નાખે છે, જ્યારે ૯૫ ટકા જેટલી કુશળતા ધરાવતો આગિયો ગરમી વિના જ પ્રકાશ આપે છે! પણ ૬૦ વૉટના એક ગોળા જેટલો પ્રકાશ આપવા માટે ૧,૩૭,૦૦૦ આગિયા ભેગા કરવા જોઇએ!

ચાલવાનો સરેરાશ અંદાજ

હોટલના પીરસનારાઓ રોજના ૧૪ માઈલ ચાલે છે; હૉસ્પિટલની નર્સ ૧૩ માઈલ; ગૃહિણી ૪ માઇલ; ખેડૂત ૧૨ માઈલ; પોલીસ ૯ માઈલ; ફેરિયો ૮ માઈલ; ને બસ-કંડક્ટર ૫ માઇલ ચાલે છે. કેટલાક નટોને પણ રંગમંચ ઉપર સારી પેઠે ચાલવું પડે છે. દાખલા તરીકે હેમ્લેટ બનનાર નટ ૧૫ માઇલ ચાલે છે!



નેપાળના રાજવી ત્રિભુવનના જન્મદિન નિમિત્તે મૂકે ૩૦મી બહાર પાડેલી, તેમની તથા એવરેસ્ટની છાપવાળી ટિકિટ


આકાશના તારા જોઇને નિસાસો નાખવા કરતાં તમારા પગ પાસે ખીલેલાં ફૂલો જોઇને તેનો આનંદ માણો. પોતાની પાસે ન હોય તેની તૃષ્ણા કરવાથી જે પોતાની પાસે હોય તેનું સુખ પણ ઊડી જાય છે.

કહેવતોના અર્થ: 'દૂબળો જેઠ, દિયરમાં લેખું'—નબળા માણસને કોઈ ગણકારે નહિ એ બોધ આપતી આ કહેવત દર્શાવે છે તેમ જેઠ ઘરમાં વડીલ હોવા છતાં જો તે નબળો હોય તો વહુઆરુઓ તેને દિયર જેવો ગણે લેખવે. આને મળતી બીજી ઘણી કહેવતો તમે શોધી શકો-જેમકે 'ગરીબની વહુ, સૌની ભાભી.'

છરીનો હાથો મજબૂત બેસાડવો હોય તો કૉસ્ટિક સોડા ૧ ભાગ, રેઝીન ૩ ભાગ, પાણી ૫ ભાગ ને સૌથી છેવટ પ્લાસ્ટર ઑવ પૅરિસ ૪ ભાગ મેળવીને હાથાના છિદ્રમાં ભરી તરત છરીનું પાનું બેસાડી દેવું. આ મિશ્રણ પાછળથી કામનું રહેતું નથી, માટે જોઈતું જ બનાવવું.

ચોમાસામાં પલળેલા જોડાને નિતારી તેમાં લાકડાનો વહેર ઠાસીને ભરી રાખવાથી બધી ભીનાશ ચુસાઈ જશે અને તેનો ઘાટ ચમડાઇને બગડી જશે નહિ. માત્ર તે અગ્નિ અથવા દેવતા આગળ ન રહે એટલી સાવચેતી રાખજો.

વિટામિન 'બી' ૧૦૦ મિલિગ્રામ દિવસમાં બે વાર લેવાથી મચ્છર કરડતા ઓછા થઇ જાય છે; પણ જો દવા બંધ કરવામાં આવે તો પાછા કરડે છે. વિટામિન 'બી'નું અમુક પ્રમાણ ચામડીમાંથી બહાર નીકળતું જશે, જે મચ્છરોને ચામડીથી દૂર રાખતું હશે. (મેડિકલ મિરર)



ભારતની રાષ્ટ્રમુદ્રા અશોક-સ્તંભના સિંહની યાદ અપાવતા શિખર જેવું પ્રાચીન ઈરાન દેશનું સ્તંભ-શિખર



ગુજરાતનો સ્થાપક

મહારાજાધિરાજ પરમેશ્વર ત્રિભુવનગંડ સિદ્ધચક્રવર્તી અવન્તિનાથ બર્બરકજિષ્ણુ

જયસિંહદેવ સિદ્ધરાજ

(કલાકાર: રવિશંકર રાવળ ∞ ગુજરાત સાહિત્ય સભાના સૌજન્યથી)

શ્રી કનૈયાલાલ મુનશી કૃત એમને વિષેનું મૂલ્યાંકન આ અંકની 'માધુકરી'માં આપ્યું છે



પરિચારિકાઓ અને પૂજકો

(બ્રિટિશ મ્યૂઝિયમમાં ભારતનું શિલ્પરત્ન)

જૂન અંક (૪૩૮)માં આપેલા, બારમી સદીના બિહારના શિલ્પ 'શિવ-દુર્ગા'નો આ મથાળાનો ભાગ અહીં ખાસ મોટો કરીને તો એટલા માટે દર્શાવ્યો છે કે એમાં ખુદ એ શિવદુર્ગાની મૂર્તિ કરતાં યે તેનાં પૂજકો ને પરિચારિકાઓના નિરૂપણમાં વધારે લાલિત્ય, સજીવતા અને આવેગ ઊતર્યાં છે. એમાંની મૃદંગધારિણીઓ કે માલાધરો, વીણાધારિણીઓ કે વાદ્યધરો કે વંદન-અર્ચના કરી રહેલાં પૈકી કોઈ પણ પાત્ર ઝીણવટથી જુઓ. એની પ્રવાહી દેહલતાની કમનીયતા ને ગતિલીલાનું વૈવિધ્ય તમને મુગ્ધ કરશે. અને એ વૈવિધ્ય છતાં, એનાં પાત્રોની લયલીનતા જેવી સંયોજનની લયબદ્ધતા એમાં દેખાશે.